आत्मप्रदीप.

પ્રસ્તાવના.

આત્મપ્રદીપ ગ્રંથમાં વર્ણનની મુખ્યતા અધ્યાત્મ જ્ઞાનની છે, અધ્યાત્મ જ્ઞાનથી આત્મા પરમાત્મસ્વરૂપ બને છે. सोऽहं, तत्त्वमसि વગેરે આત્મજ્ઞાન પ્રેરક વાક્યોની ખુમારીનો રસ આત્મપ્રદીપના મનનથી જણાય છે. સર્વ ગ્રંથોમાં અધ્યાત્મગ્રંથ શ્રેષ્ઠ પદવી ભોગવે છે. નાટક રસોની છાયા ક્ષણિક છે અને અધ્યાત્મરસની છાયા સદાકાળ રહે છે, સ્પર્શમણિયોગે જેમ લોહ સુવર્ણતાને પામે છે તેમ આત્મા પણ અનેકાન્ત અધ્યાત્મગ્રંથરૂપ સ્પર્શમણિના યોગે પરમાત્મપણાને પામે છે તે ઉદ્દેશને અનુસરી આત્મપ્રદીપ રચવાની સ્ફુરણા સ્વાભાવિક બનવા યોગ્ય છે.

અધ્યાત્મ તત્ત્વજ્ઞાનના પુસ્તકોના અનુસારે અધ્યાત્મજ્ઞાનસાધ્ય બિંદુકલ્પી શ્લોકદ્વારા હૃદયના ઉભરાઓ બહિર પ્રકાશ્યા છે તે આદ્યંત ગ્રંથ વાંચવાથી માલુમ પડશે.

જૈનોમાં આ ગ્રંથ વિશેષતઃ પ્રાતઃસ્મરણીય ભવિષ્યમાં થઇ પડશે. તે ફક્ત આત્મપ્રદીપગ્રંથની અધ્યાત્મ જ્ઞાનની ઉચ્ચ શૈલીથીજ સમજવું.

સંવત ૧૯૬૧ ની સાલનું ચોમાસું વિજાપુર કરવામાં આવતાં જેઠવદમાં વિજાપુરમાં આવવાનું થયું હતું. ત્યારે

અધ્યાત્મજ્ઞાનની સ્ફુરણા પ્રકટતાં એક દીવસમાં સો શ્લોકનો મૂળ ગ્રંથ બનાવ્યો હતો, ત્યાર બાદ સમાધિશતકમાં તે છપાવ્યો હતો, સાણંદમાં ચોમાસું કરી વિહાર કરી માણસા ગામમાં જતાં શેષકાલમાં માસકલ્પ ત્યાં કરવામાં આવ્યો હતો ત્યારે ત્યાં આત્મપ્રદીપની સંસ્કૃત ટીકા રચવામાં આવી હતી.

પંડિત શિરોમણિ વૈયાકરણાચાર્ય શ્યામસુંદરાચાર્યજીએ અમારી રચેલી સંસ્કૃત ટીકા તપાસી જોવામાં શ્રમ લીધો તેથી તેમને ધન્યવાદ આપવામાં આવે છે.

સંવત ૧૯૬૫ ની સાલમાં ચૈત્ર વૈશાખ જેઠ માસમાં અમદાવાદનિવાસી દોશી મણિભાઈ નથુભાઈએ જૈન શૈલી અનુસારે આત્મપ્રદીપ ગ્રંથનું ગુર્જર ભાષામાં વિવેચન કર્યું છે, તેથી તેમણે પણ શુભ કર્મ ઉપાર્જન કર્યું છે. તેમનું કરેલું વિવેચન તપાસ્યું છે છતાં કંઈ ભૂલ લાગે તો સજ્જનોએ શુદ્ધ કરવું, આ પ્રમાણે આત્મપ્રદીપમૂળ, સ્વોપજ્ઞ ટીકા, તથા વિવેચન એ ત્રણ સહિત પુસ્તક તૈયાર થયું છે.

આ ગ્રંથમાં અધ્યાત્મજ્ઞાન પામવાના શુભ હેતુઓ બતાવ્યા છે. આત્મજ્ઞાનના અધિકારિ શિષ્યોનાં લક્ષણ બતાવ્યાં છે, આત્મજ્ઞાનમાં રમણતા કરવાથી પરમાનંદ મળે છે તે સ્પષ્ટ બતાવ્યું છે, આ ગ્રંથનું અધ્યયન ગુરૂના મુખે શ્રવણ થાય તો અત્યંત લાભ થવા પામશે. પોતાની શક્તિ અનુસાર આ ગ્રંથ વાંચી અપૂર્વ આત્માનંદની ખુમારી પ્રાપ્ત કરશો.

સાધ્ય આત્મતત્ત્વ છે, સાધન તરીકે આ ગ્રંથ છે. તત્પ્રદ આ ગ્રંથ છે, અવાંતર અને અનંત ફળનો આપનાર આત્મપ્રદીપ ગ્રંથ છે.

આત્મપ્રદીપ ગ્રંથમાં છદ્મસ્થદૃષ્ટિથી જે કંઇ જિનાજ્ઞા વિરૂદ્ધ લખાયું હોય છપાવ્યું હોય તે સંબંધી મિથ્યા દુષ્કૃત દઉં છું. જે કંઈ ભુલ જણાય તો પંડિત પુરૂષો સુધારશો. હંસદૃષ્ટિથી સજ્જન પુરૂષો સાર ગ્રહણ કરી આત્માનંદ પ્રાપ્ત કરો, વ્યવહાર અને નિશ્ચયનય ગર્ભિત જિનાજ્ઞા પ્રમાણે ભવ્યજીવો પ્રવૃત્તિ કરી પરમસુખમય સિદ્ધસ્વરૂપ પ્રાપ્ત કરો, નિર્મલ અસંખ્યપ્રદેશની ઉજ્વલતા કરો.

અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળ આવા ગ્રંથો છપાવી બહાર પાડે છે. માટે તે ધન્યવાદને પાત્ર છે. તેમજ અધ્યાત્મજ્ઞાનના ગ્રંથોને છપાવી જે ગૃહસ્થો બહાર પાડેછે તેપણ સદ્ગતિ ભજનારા થાયછે, શ્રોતા અને વાચક, આત્માના શુદ્ધપ્રદેશમાં સ્થિર થાઓ અને પરમ મંગલ વરો.

ૐ શાંતિ.

સં ૧૯૬૫ દ્વિતીય શ્રાવણ શુદી ૫ શનિવાર.

અમદાવાદ

ध्यानन्तु गोपृष्ठानुध्यायिवरसथावनायितत्वादर्थात् सेतुस्यति (दुष्टैः मार्गैः पोष्यते सर्वकाय इति) न्यायादिति चेमत्यं नत्त्वज्ञाने येषां पुस्तकः स्यानादीन्युपयुञ्जते । तेपि मनस्मन्ते किमुत मासादृशोयपिना गुरुः । अनुष्टुप् (सर्व संसारिणां सौख्यं संह्रीमुनं भवेद्यदि बोधजन्यस्य सौख्यस्य कलां नार्हति षोडशीमपि) इत्युक्तेर्ज्ञानदानुर्यावन्ती स्तुतिः सा सर्वाऽप्यल्पीयसीति विस्तारादिप्यामो विषयान्तरं । गुरुमिरपु-क्तेऽपि मया धीशोधकमित्युक्त्या मानादिदोषविधाचार्याणामपि मन्यज्ञानदातृत्वेन मातृत्वं सूचितम् । आत्मप्रदीपेति आत्मा-दर्शनं येनाऽऽत्मानं वाऽदीपयतीत्यात्मप्रदीपस्तन्नाम यस्य स आत्मप्रदीपनामा तं । आत्मज्ञानदस्तवो हि लौकिककार्यो-पयोग ([illegible] मदायमात्मा कन्दोदकेभ्यः किमुना-[illegible]) इत्युक्तेः नतु सर्वज्ञदर्शितज्ञानमेवादरबुद्ध्या मेसा-[illegible] । इति सूत्रं यो नवीनरचनामेरिन्दत आह विस्तार [illegible] आविष्कृतन्यायेनानिरहतं [illegible]मेव माग्यो-[illegible] निर्दूष्टं रचयामीति भावः । ननु भो [illegible] आवदि उपमदुपयानुशासनाद् स्वर्धंवदमीति [illegible] पूर्वाचार्य [illegible]मानवत्तं स्यात् [illegible] [illegible]मिति समाहितम् ?

આત્મ પ્રદીપ.

અર્થ — [illegible] અતી અંદર દીવાર [illegible]

અને તત્વના અર્થના જાણકાર ગુરૂનું હૃદયથી ધ્યાન કરીને આત્મપ્રદીપ નામનોગ્રન્થ હું વિસ્તારૂં છું ॥ ૧ ॥

ભાવાર્થ—પ્રારંભેલું કાર્ય નિર્વિઘ્ને સમાપ્ત થાય તે હેતુથી શિષ્ટ સંપ્રદાય પ્રમાણે, ગ્રંથકર્તા મંગલાચરણરૂપે પ્રથમ ઇષ્ટદેવની અને ગુરૂની સ્તુતિ કરી ગ્રંથ લખવાનો આરંભ કરે છે.

કેવળી ભગવાને પ્રરૂપેલી વાણીના સ્વામીનું એટલે અર્હત્ પ્રભુનું પ્રથમ ગ્રંથકર્તા હૃદયથી સ્મરણ કરે છે. પાંત્રીશ અતિશયવાળી વાણીના પ્રરૂપક જીનેશ્વર ભગવાન્ છે. તેમણે કેવળજ્ઞાનદ્વારા જણાયેલા સર્વ ભાવોનો લોકોને બોધ આપી પોતાનું વાગીશપણું સિદ્ધ કર્યું છે, રાગ દ્વેષ અને સકલ કર્મ સમૂહને જીતેલા હોવાથી તે જીનેશ્વર કહેવાય છે. તેવા જીન ભગવાનને પ્રથમ વંદન કરી ગ્રંથકર્તા ગુરૂનું ધ્યાન કરે છે. ગુરૂનું લક્ષણ પણ આજ શ્લોકમાં આપેલું છે, તત્વાર્થને જાણવાવાળા ગુરૂપદને લાયક છે. વસ્તુનું ખરૂં સ્વરૂપ તે તત્વ. (तस्य भा वस्ततत्त्वम्) તે તત્વના અર્થને સમ્યગ્ રીતે જે જાણે તે ગુરૂ કહેવાય તેવા ગુરૂને પણ ગ્રંથકર્તા ગ્રંથારંભે નમસ્કાર કરે છે, કેવળ બાહ્ય નમસ્કાર નહિ કરતાં હૃદયથી તેમનું ધ્યાન ધરે છે, તેમના પ્રતિ ભક્તિની લાગણી પ્રદર્શિત કરે છે. આ રીતે દેવ અને ગુરૂનું ધ્યાન કરી, તેમના ધ્યાનથી શુદ્ધ થયેલી ચિત્તવૃત્તિ વડે ગ્રંથકર્તા "આત્મ: પ્રદીપ" નામનો ગ્રંથ રચવાનો પ્રારંભ કરે છે.

આત્મપ્રદીપ એ નામની સાર્થકતા આપેલું વિચારી

અંધકારમાં રહેલી વસ્તુ શોધવાને જેમ બાહ્યદીપકની જરૂર છે, તેમ અજ્ઞાનને લીધે નહિ જણાયેલા આત્મતત્વને જણાવનાર દીપક સમાન આ ગ્રન્થ છે. જેથી આત્માનું સ્વરૂપ સમજાય અને આત્મજ્ઞાન થાય તેવા માર્ગને દર્શાવનાર આ ગ્રન્થ હોવાથી આત્મપ્રદીપ નામ યોગ્યજ છે. આ ગ્રન્થ એકાગ્ર વૃત્તિથી સંપૂર્ણ વાંચવાથી તેની ખાત્રી થશે. આ જગતમાં જૈનધર્મમાં આ સંબંધી અનેક ગ્રન્થો છે. તોપણ તે એટલા બધા કઠિણ છે કે સામાન્ય જન તે ગ્રન્થોનો લાભ લેઈ શકે તેમ નથી, માટે તેવા ઓછું જ્ઞાન ધરાવનારા તત્વગ્રાહકોપર ઉપકાર કરવાની બુદ્ધિથી ગ્રન્થ કર્ત્તા આ ગ્રન્થ લખવાની પ્રવૃત્તિ કરે છે; અને તેમાં મોટા મોટા વિષયો સરલ ભાષામાં સમજાવવાનો પ્રયત્ન કરવામાં આવેલો છે. ॥ ૧ ॥

अवतरणम्—अनादिकालाद्यावधि संसारदुःखदवाग्नि पापच्यमानमात्मानमुद्धर्तुमिच्छयोपदिशन्तं धर्मदीक्षागुरुं काभिर्वाग्वर्गणाभिर्वर्णयामीति नेत्रे निमील्याऽप्यपश्यन्नुपमानं मसिद्धैरेव कल्पद्रुमादिभि र्व्यतिरेकालङ्कारद्वारा गुरुं स्तौति कल्पद्रुत इति ॥

श्लोकः

कल्पद्रुतोऽधिको यस्य वा चिन्तामणिरत्नतः ॥
धर्मकामार्थजाधीयान् प्रतापो मुक्तिदायकः ॥२॥

कल्पद्रुमोऽथवा चिन्तामणिरत्नतः यस्य प्रतापोऽधिक इत्य न्वयः । व्यतिरेकसाधकमग्रे हेतुगर्भविशेषणद्वयं धर्मकामार्थसाधीयानिति मुक्तिदायक इति च कल्पद्रुम इति कल्पद्रुमपेक्ष्याधिकः प्रताप इत्यर्थात् महिमादिशब्दमपहाय प्रताप शब्दोक्त्या व्युत्पत्तिलभ्यार्थेनैव व्यतिरेकः सिद्धस्तथाहि प्रपूर्वकतपधातोर्भावे घञ् तेनाष्टकर्मप्रदाह्यपूर्णं प्रतापः पूर्वकं (ध्वंसपूर्वकं) शुद्धचैतन्यमर्थः शब्दशक्त्यैव लभ्यते कल्पद्रुमस्तु कल्पितं पुत्रकलत्रद्रविणादिकं ददाति इदानीं नहि कश्चिदपि मोक्षं ददत् कल्पद्रुमो दृष्टः श्रुतो वास्ति अन्यैरप्युक्तं (तमेव विदित्वाति मृत्युमेति नान्यः पन्था विद्यते अयनाय) इति (ऋते ज्ञानान्न मुक्तिरि) ति च श्रुतेः इत्यभिप्रेत्यैव मूले मुक्तिदायक इत्युक्तम् ।

ननु सिद्धेऽपि व्यतिरेके चिन्तामणिरत्नं किमर्थमुपात्तं मूले इति चेद् शृणु मह्यं देहि मह्यं देहीतिवचनविषयं ददाति कल्पवृक्षश्चिन्तामणिस्तु वचनोच्चारणमन्तरेणैव चिन्तितमेव ददातीति कल्पवृक्षापेक्षयाधिकादपि चिन्तामणेर्गुरुप्रतापोऽधिक इत्य तिशयबोधनार्थमिति । नतु मोक्षस्य सर्वोत्तमत्वात् कथं धर्मादपि पूर्वं पाठो नाकारि ? सत्यं धर्मस्य मोक्षोद्देशेऽपि हेतुत्वाद् धर्मस्यैव पूर्वं पाठ उचितोऽन्ते साध्यत्वान्मोक्षस्यान्ते एव पाठ उचित अत एव (जीवाजीवास्रवबन्धसंवरनिर्जरामोक्षास्तत्त्वमिति) अन्ते मोक्ष पाठः तत्त्वार्थसूत्रकृतामुमास्वात्याचार्याणां

અંધકારમાં રહેલી વસ્તુ શોધવાને જેમ આદ્યદીપકની જરૂર છે, તેમ અજ્ઞાનને લીધે નહિ જણાયેલા આત્મતત્વને જણાવનાર દીપક સમાન આ ગ્રન્થ છે. જેથી આત્માનું સ્વરૂપ સમજાય અને આત્મજ્ઞાન થાય તેવા માર્ગને દર્શાવનાર આ ગ્રન્થ હોવાથી આત્મપ્રદીપ નામ યોગ્યજ છે. આ ગ્રન્થ એકાગ્ર વૃત્તિથી સંપૂર્ણ વાંચવાથી તેની ખાત્રી થશે. આ જગતમાં જૈનધર્મમાં આ સંબંધી અનેક ગ્રન્થો છે. તોપણ તે એટલા બધા કઠિણ છે કે સામાન્ય જન તે ગ્રન્થોનો લાભ લેઈ શકે તેમ નથી, માટે તેવા ઓછું જ્ઞાન ધરાવનારા તત્વગ્રાહકોપર ઉપકાર કરવાની બુદ્ધિથી ગ્રન્થ કર્ત્તા આ ગ્રન્થ લખવાની પ્રવૃત્તિ કરે છે; અને તેમાં મોટા મોટા વિષયો સરલ ભાષામાં સમજાવવાનો પ્રયત્ન કરવામાં આવેલો છે. ॥ ૧ ॥

अवतरणम्—अनादिकालाद्यावधि संसारदुःखदवाग्नि पापच्यमानमात्मानमुद्धर्तुमिच्छयोपदिशन्तं धर्मदीक्षागुरुं काभिर्वाग्वर्गणाभिर्वर्णयामीति नेत्रे निमील्याऽप्यपश्यन्नुपमानं प्रसिद्धैरेव कल्पद्रुमादिभि र्व्यतिरेकालङ्कारद्वारा गुरुं स्तौति कल्पद्रुत इति ॥

श्लोकः

कल्पद्रुतोऽधिको यस्य वा चिन्तामणिरत्नतः ॥
धर्मकामार्थतोऽधीयान् प्रतापो मुक्तिदायकः ॥२॥

कल्पद्रुमोऽथवा चिन्तामणिरत्नतः यस्य प्रतापोऽधिक इत्यन्वयः। व्यतिरेकसाधकमध्ये हेतुगर्भविशेषणद्वयं धर्मकामार्थसापेक्षाणीति मुक्तिदायक इति च कल्पद्रुम इति कल्पद्रुमपेक्षयाधिकः प्रताप इत्यर्थात् महिमादिशब्दमपहाय प्रताप शब्दोक्त्या व्युत्पत्तिलभ्यार्थेनैव व्यतिरेकः सिद्धस्तथाहि प्रकर्षेण सन्तापार्थकतपधातोर्भावे घञ् तेनाष्टकर्ममहाशत्रूणां सन्ताप पूर्वकं (ध्वंसपूर्वकं) शुद्धचैतन्यमर्थः सन्दृश्यत एव लभ्यते कल्पद्रुमस्तु काम्यितं पुत्रकलत्रद्रविणादिकं ददाति ददाति नहि कश्चिदपि मोक्षं ददत् कल्पद्रुमो दृष्टः श्रुतो वास्ति अन्यैरप्युक्तं (तमेव विदित्वाति मृत्यु मेति नान्यः पन्था विद्यते अयनाय) इति (ऋते ज्ञानान्न मुक्तिरि) ति च श्रुतेः इत्यभिप्रायेणैव मूले मुक्तिदायक इत्युक्तम्।

ननु सिद्धेऽपि व्यतिरेके चिन्तामणिरत्नं किमर्थमुपात्तं मूले इति चेद् ब्रूमः मह्यं देहि मह्यं देहीति वचनविषयं ददाति कल्पवृक्षश्चिन्तामणिस्तु वचनोच्चारणमन्तरेणैव चिन्तितमेव ददातीति कल्पवृक्षापेक्षयाधिक्यादपि चिन्तामणेर्गुरुप्रतापोऽधिक इत्यतिशयद्योतनार्थमिति। ननु मोक्षस्य सर्वोत्तमत्वात् कथं धर्मादपि पूर्वं पाठो नाकारि? सत्यं धर्मस्य मोक्षाङ्गत्वेऽपि हेतुत्वाद् धर्मस्यैव पूर्वं पाठ उचितोऽन्ते साध्यत्वान्मोक्षस्यान्ते एव पाठ उचित अत एव (जीवाजीवास्रवबन्धसंवरनिर्जरामोक्षास्तत्त्वमिति) अन्ते मोक्ष पाठः

संगच्छते कथमन्यथा तैरपि मोक्षपूर्वका जीवादि पदार्था न कथिता इति त्वमेव वदेति ॥ २ ॥

અવતરણઃ—ધર્મનું જ્ઞાન આપનાર સદ્‌ગુરૂ છે. ગુરૂ વિના ગુરૂદેવની કૃપા વિના સદ્‌જ્ઞાનની પ્રાપ્તિ દુર્લભ છે. જેમ માણસને ચક્ષુ હોય પણ કોઇ પણ પદાર્થ જોવામાં સૂર્યના પ્રકાશની સહાયતાની જરૂર છે, તેમ શાસ્ત્ર હોય પણ તે સમજવામાં ગુરૂરૂપ સૂર્યની આવશ્યકતા છે; માટે પ્રથમ ગુરૂની સ્તુતિ ગ્રન્થ કર્તા કરે છે.

અર્થ—જેનો પ્રતાપ કલ્પદ્રુમ અથવા ચિંતામણિ રત્ન કરતાં અધિક છે, અને ધર્મ, કામ,, અને અર્થને સાધવાવાળો અને મુક્તિ આપનાર છે. ॥ ૨ ॥

ભાવાર્થ—કલ્પદ્રુમ અથવા કલ્પવૃક્ષ માગેલા પદાર્થને આપનારો ગણવામાં આવે છે, કલ્પવૃક્ષ પુત્ર, કલત્ર, ધન, વસ્ત્ર વગેરે બાહ્ય પદાર્થોને આપવાવાળો છે, પણ કદાપિ કલ્પવૃક્ષથી મોક્ષ પ્રાપ્તિ થઈ હોય, એવું સાંભળવામાં અથવા જોવામાં આવેલું નથી. પણ ગુરૂ તો અનંત સુખ અને શાશ્વત આનંદના સ્થાનરૂપ મોક્ષને મેળવવામાં કારણભૂત હોવાથી તેમનો પ્રતાપ કલ્પવૃક્ષ કરતાં પણ વિશેષ છે. કલ્પવૃક્ષ આ જગતના પદાર્થોને આપી શકે પણ ખરી આત્મિક રૃદ્ધિ તો ગુરૂજ આપી શકે. તેમના વિના તે આપવા કોઇ પણ સમર્થ નથી. કલ્પવૃક્ષ કરતાં ગુરૂનો પ્રતાપ વિશેષ છે એટલુંજ નહિ પણ ચિંતામણિ રત્ન કરતાં પણ તેમનું માહાત્મ્ય વિશેષ છે. કલ્પવૃક્ષ અને ચિંતામણિ રત્નમાં ફેરો એક એ છે કે કલ્પવૃક્ષ માગેલી વસ્તુ આપે

છે, ત્યારે ચિંતામણિ રત્ન તો મનમાં ચિંતવેલી—ધારેલી વસ્તુને તરત આપે છે. પણ આ સંબંધમાં વિચારવું કે કલ્પવૃક્ષ અને ચિંતામણિ રત્ન એ જડ પદાર્થ છે, અને જડપદાર્થ જડવસ્તુની પ્રાપ્તિ કરાવી આપે, પણ આત્મિક રિદ્ધિ તે કદાપિ આપી કે અપાવી શકે નહિ તે અપાવનાર તો જીવતા ગુરૂજ છે. માટે ગુરૂનું માહાત્મ્ય અદ્ભુત છે, તે માહાત્મ્યનું વર્ણન શબ્દદ્વારા કદાપિ થઇ શકે તેમ નથી

આ જગતમાં ચાર પુરૂષાર્થ ગણવામાં આવેલા છે. તેમનાં નામ ધર્મ, અર્થ કામ અને મોક્ષ છે ગુરૂના પ્રતાપ એટલો બધો છે કે તે ધર્મ, અર્થ, કામ સાધનારો થઇ શકે છે, ભાવાર્થ એ છે કે ગુરૂપ્રતાપથી ગુરૂકૃપાથી માણસ આ જગતમાં ધર્મ સંબંધી કાર્ય કરી શકે છે, અર્થ—ધન પ્રાપ્ત કરી શકે છે, એટલું જ નહિ પણ મનુષ્યને સૌથી ઉત્તમોત્તમ પુરૂષાર્થ મોક્ષ તે પણ ગુરૂ પ્રતાપથી મળે છે. આ રીતે વિચાર કરતાં આપણને જણાય છે કે ગુરૂપ્રતાપથી ચારે પુરૂષાર્થ સધાય છે. એક પણ પુરૂષાર્થ જેની સહાયતા વડે સાધી શકાય, તે પુરૂષનો પણ ઉપકાર આપણે વાળી શકવા સમર્થ થતા નથી, તો પછી જેની કૃપા વડે અને જેના પ્રતાપ વડે ચાર પુરૂષાર્થ સહજમાં સાધી શકાય તેવા ગુરૂની એટલી પ્રશંસા કરીએ તે ઓછી કહેવાય ॥ ૨ ॥

अवतरणम्—दुरवगमसारमर्म नो विदन्ति सर्वे ये सारं॰

पु दशविंशा विदन्तोपि न ह्यन्यान्वेदयितुं समर्था ईशाना: अपि नहि सर्वानावालवृद्धेभ्यः किन्तु कतिचिदेव जन्मान्तराभ्यस्तशास्त्रान् पञ्चषान् तत्राऽध्ययनाध्यापनकालः कीदृशैः क्लेशैरतिवाह्यत इत्यत्रानुभूतश्रमा एव प्रमाणमित्यन्येभ्यो व्यतिरेकं दर्शयति यस्येति

यस्याशिषो जडः शिष्यो भूतले पण्डितो भवेत् ॥
गुरुः पार्श्वमणिर्ज्ञेयः सेव्यः स्तुत्यः सदा मुदा ॥३॥

टीका—यस्य गुरोराशीर्वादादेव न त्वन्यवत् पाठनात् जडो' महामन्दबुद्धिरपि शिष्यः भूतले न हि स्वगृहे ग्रामे देशे वा पण्डितो भवेत् स्वयमसंशयानो निःसंशं यत्यन्यान् संशयानानित्यर्थः दार्ष्टान्तिकं दृष्टान्त मुद्रया स्पष्टयति गुरुरिति। स गुरुः पार्श्वमणिर्ज्ञेय इत्यतः सदा सेव्यः पादवन्दनाङ्गाकरणतरलनेत्रनिरीक्षणादिना मुदा स्तुत्यः ॥ अज्ञानतिमिरान्धानां ज्ञानाञ्जनशलाकयेत्यादिना। अयं भावः पार्श्वमणिः स्वसम्पर्क मात्रेण धात्वधमं लोहं चक्रवर्तिमुकुटार्ह सुवर्णं करोति ॥ तद्वद् गुरुरपि पुरुषाधमं हस्तेन शिरः स्पृष्ट्वा राजाधिराजपूज्यं करोतीति तत्कृपाकटाक्षं प्रतीक्षमाणो गुरुसेवा परायणो भवेदिति निदर्शनं यात्र मृन्मयं द्रोणगुरुं सेवमानो भिल्लो धानुष्काग्रेसर आसीदिमं दृष्ट्वाऽर्जुनोऽपि विस्मितिमिप इति कथानुयोगविदां नातिपरोक्षम् अन्यमतेऽपि एवं

આચવે છે, આવા શિષ્યો પર સ્વાભાવિક રીતે ગુરૂના હૃદયથી પ્રેમની ઉર્મી જાગૃત થાય છે, જેના પ્રતાપે મહત્વ હૃદયવાળો શિષ્યપણ અલ્પ સમયમાં વિશેષ જ્ઞાની થાય છે. ગુરૂતો સર્વ ઉપર સમાન દૃષ્ટિ રાખનારા હોય છે, છતાં પણ શિષ્યભક્તિ ગુરૂનુ હૃદય ખેંચવા સમર્થ થાય છે.

ગુરૂને પાર્શ્વમણિની ઉપમા આ શ્લોકમાં આપવામાં આવેલી છે, તે યુક્ત છે. લોહ જેવી અધમ ધાતુને સુવર્ણમાં ફેરવી નાખવાનો પાર્શ્વમણિનો સ્વભાવ છે. તેના સ્પર્શ માત્રથીજ લોહ સુવર્ણ બની જાય છે, તેજ રીતે સદ્ગુરૂના સમાગમમાં રહેવાથીજ સામાન્ય જન પણ ઉચ્ચ આધ્યાત્મિક સ્થિતિ પ્રાપ્ત કરે છે. તેના હલકા વિકારો નાશ પામે છે, તેનું મન સ્ફટિક જેવું નિર્મળ થાય છે, અને તે આત્મિક રૂદ્ધિ પ્રાપ્ત કરવા ભાગ્યશાળી બને છે. ગુરૂનો પ્રેમપૂર્વક હસ્ત શિરપર પડવાથી સઘળા હલકા રાગદ્વેષના વિચારો સર્વથા નાશ પામી જાય છે અને આત્મિક પ્રકાશ મેળવવાને મન સરોવર તુલ્ય નિર્મળ થાય છે. ગુરૂ એ, ખરેખરા આધ્યાત્મિક કીમીયાગર છે. આપણાં હલકાં તત્વોનો મેલ દૂર કરે છે, અને શુદ્ધ સુવર્ણ તુલ્ય આત્માને બનાવે છે. તેવા ગુરૂની સર્વદા આનંદપૂર્વક ભક્તિ કરવી તેમજ સ્તુતિ કરવી. ગુણાનુરાગ જેવો ઉત્તમ ગુણ આ જગતમાં બીજો એક પણ નથી. ગુણી માણસો આપણને આ જગતમાં ઘણા મળી આવશે, પણ ગુણાનુરાગી પુરૂષો ક્વચિતજ નજરે પડે છે. ગુણાનુરાગી માણસને ઉચ્ચ સ્થિતિ પ્રાપ્ત કરતાં જરા પણ ઢીલ થતી નથી. મહાન્ પુરૂ-

ઓના પ્રત્યે રાગ થવાથી, આપણે તેમની પ્રીતિ સંપાદન કરવા ઈચ્છા રાખીએ છીએ. વિચાર કરતાં આપણને જણાય છે કે તેવા ગુરૂઓની પ્રીતિ પ્રાપ્ત કરવાનો સરલ અને ઉત્તમ ઉપાય એકજ છે, અને તે એ છે કે જે માર્ગે તેઓ ચઢ્યા હોય તે માર્ગે ચઢવાનો પ્રયત્ન કરવો. કારણ કે સરખા ગુણવાળાની પ્રીતિજ ઉચિત ગણી શકાય, આમ આપણે ગુરૂભક્તિદ્વારા સદ્ગુણી જીવન ગાળવાને દોરવાઇએ છીએ.

ગુરૂભક્તિથી માણસો કેવી ઉચ્ચ સ્થિતિ પ્રાપ્ત કરી શકે છે, તેના અનેક દૃષ્ટાંતો જૈનશાસ્ત્રમાં મોજુદ છે, તોપણ અત્રે એક એવો દૃષ્ટાન્ત નિવેદન કરવામાં આવે છે કે જેને સર્વ કોઇ એક સરખી રીતે અંગીકાર કરી શકે. દ્રોણાચાર્ય જેવા બ્રાહ્મણ ગુરૂપાસે જઇ ધનુષ્ય વિદ્યા શિખવાની હિમ્મત નહિ ધરવાથી એક ભિલ્લે, દ્રોણાચાર્યની માટીની મૂર્તિ બનાવવી, અને તે મૂર્તિ તેજ દ્રોણાચાર્ય છે, એવી અત્યંત ભક્તિ રાખી દ્રોણાચાર્યપર શ્રદ્ધા રાખી ધનુર્વિદ્યાના અભ્યાસનો તેણે પ્રારંભ કર્યો. તે ધનુર્વિદ્યામાં એટલો બધો નિપુણ થયો કે અર્જુન અને દ્રોણાચાર્ય પણ ચકિત થયા. આ સર્વનું કારણ અપૂર્વ ગુરૂભક્તિ હતી. માટે ગુરૂની અત્યંત ભક્તિ કરવી, કહ્યું છે કે "જેની દેવપર પરમ ભક્તિ છે, અને જેવી દેવપર તેવી જ ગુરૂપર જેની ભક્તિ છે, તે પુરૂષને ગુરૂએ કહેલા સર્વ પદાર્થો સ્વયમેવ સમજાઇ જાય છે."

अवतरणम्—केचिल्लोकवञ्चकाः स्वेष्टसिद्धिं मन्यमाना

असदुपदेशेन स्वात्मानं नरकं पातयन्तो निपतन्तो गुर्वाभासाः शिष्यान् परमार्थतो वञ्चयन्ति तेषां गुरुत्ववारणार्थं सद्गुरुं लक्षयति स्तुत्येति ॥

श्लोकः

स्तुत्या भक्त्या सदाराध्यः सद्गुरु देवसदृशः ॥
यस्य शुद्धोपदेशेन स्वात्मसिद्धिः प्रजायते ॥४॥

टीका—यस्य शुद्धोपदेशेन लोकैषणा वित्तैषणाद्यभावेन केवलं परोद्दिधीर्षया प्रयुज्यमानेन अनन्तमहिमपञ्चमकेवलज्ञानरूपस्वकार्यसिद्धिः प्रजायते स सद्गुरुरिति गुरुलक्षणम् । देवसदृशः जिनेन्द्र देवसदृश इत्यर्थः । जिनेन्द्रदेवस्तु हस्तामलकवत्साक्षात्कृतत्रैकालिकानन्तगुणपर्यवज्जीवाजीवौ वचनकर्मवर्गणानिर्जरार्थमुपदिशति गुरुश्च जिनेन्द्रवचनानुसारेणावगतसर्वपदार्थविन्यासः करुणया दिशति देशनामिति देवगुर्वोरुपमानत्वोपमेयत्वलाभ इत्यभिप्रायः । स गुरुः स्तुत्या भक्त्या सदाराध्य इति गुरूपदेशात् स्वात्मनः परमात्म स्वरूप व्यक्तिता रूपा सिद्धिः प्रकर्षेण जायते अतएव बहुविध भक्त्या सद्गुरु सेवा परम प्रेम्णा कर्तव्या यतः ॥ श्लोकः ॥ गुर्वाज्ञा पारतन्त्र्येण वर्तितव्यं शुभात्मना ज्ञानादि शुद्धता सिद्धिः चिदानन्दं पदं ध्रुवं ॥ १ ॥ इति शिष्यं प्रतिहित शिक्षा ॥ ४ ॥

અવતરણ—કેટલાક અજ્ઞાની લોકો માનકીર્તિ મેળવવા સારૂ પોતાનું ગુરૂપણું કબુલ કરાવવા પ્રયત્ન કરે છે, તેઓ નરકના અધિકારી થાય છે, અને બીજાને પણ સંસાર સાગરમાં રખડાવે છે, તેવા કુગુરૂના પાસથી ભવ્ય જીવો બચે તે માટે હવે ગ્રંથકર્તા સદગુરૂનું લક્ષણ જણાવે છે.

અર્થ—દેવ સમાન સદગુરૂની સ્તુતિ અને ભક્તિથી સદા આરાધના કરવી. કારણ કે તેમના સદુપદેશથી આત્મ સિદ્ધિ થાય છે. ॥ ૪ ॥

ભાવાર્થ—સદગુરૂ દેવસદશ છે. જ્યારે તીર્થંકર પણ આ જગતમાં વિચરતા હતા અને ભવ્ય જનોને બોધ આપતા હતા ત્યારે જ્ઞાનપ્રાપ્તિ વાસ્તે તેઓ આધારભૂત હતા. પણ તેમના દેહાવસાન પછી તેમણે રચેલા પુસ્તકોજ આપણને પરમ આધારરૂપ રહ્યા. પણ તે ગ્રન્થોને સમજાવનાર સદગુરૂની આવશ્યકતા છે. માણસને ચક્ષુ હોય, પણ સૂર્યના પ્રકાશની સહાયતા વિના કોઈ પણ પદાર્થ તે જોઈ શકતો નથી, તેજ રીતે ગ્રન્થોને જાણવાને તેમનું રહસ્ય યથાર્થ જાણવાને ગુરૂગમની જરૂર પડે છે. તેવા સમયમાં ગુરૂ એ દેવસમાન છે. આપણને દેવનું સ્વરૂપ બતાવનાર પણ ગુરૂ હોવાથી ગુરૂ અતિ પૂજ્ય છે. પોતાના કેવળજ્ઞાન બળવડે જડ અને ચેતનઃ જીવ અને અજીવ, સર્વ પદાર્થોના ગુણ પર્યાય જીનેન્દ્ર ભગવાન્ જાણે છે, અને તેનો બોધ જગત્ હિત ખાતર આપે છે, અને સદગુરૂઓને જો કે તીર્થંકર ભગવાન જેટલું સંપૂર્ણ જ્ઞાન પ્રત્યક્ષ થયું નથી, તોપણ જીનેન્દ્ર ભગવાનના વચનપર શ્રદ્ધા રાખી તે વચ-

નાનુસારે કરૂણાબુદ્ધિથી અન્યજનોને બોધ આપતા દેશોદેશ વિચરે છે, આ રીતે ગુરૂઓ પણ એક અપેક્ષાએ જીનેન્દ્ર ભગવાન સદશ છે. સદ્ગુરૂ એ વિશેષણ ઉપરથી એમ સૂચવન કરવામાં આવેલું છે કે જેને સમ્યગમાર્ગનું શુદ્ધ જ્ઞાન હોય તેજ ખરો ઉપદેશક થઈ શકે. કારણ કે જે પોતાને તારવાને સમર્થ નથી તે બીજાને કેવી રીતે તારી શકે ? અને તેવો માણસ કદાપિ બીજાને પોતાની સત્તાથી બોધ આપવા બહાર પડે તોપણ તે કદાપિ ફાવી શકતો નથી. કોઇને બોધ આપવામાં પણ જ્ઞાનની સાથે જનસ્વભાવના સૂક્ષ્મ અવલોકનની જરૂર છે. કારણ કે જેઓએ જનસ્વભાવનું બારીક અવલોકન યા નિરીક્ષણ કર્યું નથી, તેવા લોકો કેટલીક વાર પાત્રનો વિચાર કર્યા વિના " ભેંસ આગળ ભાગવત " ની માફક ઓછી સમજણવાળા આગળ જ્ઞાનની ગંભીર વાતો બોલે છે, અથવા તો સ્ત્રીવર્ગ જેવા શ્રાતાવર્ગની આગળ ન્યાયશાસ્ત્રનો સ્યાદ્વાદ વર્ણવે છે. પરિણામએ આવે છે કે તેમના બોધની કાંઇ પણ અસર થતી નથી. માટે કોઇને સદ્ગુરૂ સ્થાપતાં પહેલાં બહુજ વિચાર કરવો કે જેથી પાછળથી પસ્તાવું ન પડે સદ્ગુરૂને શોધી કાઢી તેમની સંપૂર્ણપણે ભક્તિ કરવી. તેમ કરવાથી સદ્જ્ઞાનનો બોધ થશે. અને તે બોધને લીધે માણસને આત્મસ્વરૂપ સમજાશે. આ રીતે આ જગતમાં કરવા યોગ્ય પરમ કાર્ય સહજમાં સિદ્ધ થશે.

अवतरणम्—श्रेयोऽर्थिना अंगपनिदानदोषत्यागपूर्वकमेता-श्यक मत्समेवनं, नैरुज्यहेतुरिव कुगुरूपदेशत्याग पुरस्सरमेव

सद्गुरूपदेशोऽखिलानर्थध्वंसि मोक्षं प्रसूते । इति कर्त्तव्यकुशि-
निशितं कुगुरुं संलक्ष्य तत्सेवने महानर्थं दर्शयति । मिथ्यात्व-
त्वोपदेशेनेति ।

श्लोकः

मिथ्यात्वोपदेशेन कुगुरोर्लक्षणं स्फुटम्
हालाहलं वरं पेयं कुगुरोः संगतिं त्यज ॥ ५ ॥

टीका—यः स्वपरमङ्गलान्यगुरूद्दिष्टं न वेत्ति विद्वेद्वपि यशोलोभादिप्रशान्तरङ्गत्वान्मिथ्योपादिशति स कुगुरुरिति स्फुटं तल्लक्षणम् । सम्यगुपदेशेन सद्गुरोर्लक्षितत्वात्तन्नियोगिनः कुगुरोर्विपरीतलक्षणत्वेनैव भवितव्यमित्यभिप्रायेण स्फुटमित्युक्तम् । तत्सेवने महानर्थमाह हालाहलं विषं कामं पातव्यं कुगुरोः संगतिस्तु त्याज्यैव विषं त्वनर्थं सूते कुगुरोः संगतिस्तु महानर्थमिति कुगुरोः संगतिर्विषादप्यधिकेति तात्पर्यं ननु विषपानमुपादिष्टम् । अयं भावः विषपानमेकजन्मपर्यायमेव विघटयति येषायुष्कः कदाचि ज्जीवत्यपि कुगुरुसंगतिस्त्वनेकजन्मपरम्परासु सम्यग्ज्ञानविरोधित्वाद् दुःखकारिका भवेच्च त्यागमन्तरेण तत्प्रतीकारार्थं कश्चिदुपायोऽस्तीति मनुष्यजन्मरत्नं मूढताकपर्दिकाभिर्न विक्रेतव्यम् ५

અવતરણ—કુગુરૂનું યથાર્થ સ્વરૂપ સમજાવતાં પહેલાં કુગુરૂનું લક્ષણ બતાવી તેનો ત્યાગ કરવાનું સૂચવતા ગ્રંથકર્તા જણાવે છે કે:—

અર્થ—"મિથ્યાત્વનો ઉપદેશ કરનાર" એજ કુગુરૂનું લક્ષણ સ્પષ્ટ છે. હાલાહલ ઝેર પીવું એ વધારે યોગ્ય છે, પણ કુગુરૂની સોબત કરવી નહિ. ॥ ૫ ॥

ભાવાર્થ—જે તત્ત્વને તત્વ રૂપે જાણે નહિ, અને અતત્ત્વને તત્ત્વરૂપે જાણે, તે કુગુરૂ જાણવા. કેટલાક એવા પણ ભારે કર્મી જીવો હોય છે કે જેઓ સમ્યગ્ રીતે તત્ત્વને જાણતા હોય છે, પણ યશ કે કીર્તિના લોભથી અથવા કોઇ પણ કારણથી સત્ય તત્ત્વનો ઉપદેશ નહિ આપતા અસત્યનો ઉપદેશ આપે છે, તેવા પુરૂષો પણ કુગુરૂના નામને યોગ્ય છે. તેવા પત્થરની શિલા જેવા ગુરૂઓ જેઓ સંસાર સમુદ્રમાં ડુબે છે, અને તેમનો આશ્રય લેનારા બીજાઓને પણ ડુબાડે છે, તેમની સોબત કરવા કરતાં વિષ પીવું એ વધારે ઉત્તમ છે. કારણ કે વિષ પીવાથી એક જન્મમાં શરીરનો નાશ થાય છે અને કદાચ આયુષ્ય બાકી રહ્યું હોય તો માણસ જીવતો પણ રહે, પણ કુગુરૂની સોબત કરવાથી મનુષ્ય અસત્ય તત્ત્વો ગ્રહણ કરે છે, જેના બળથી તેને ભવો ભવ રખડવું પડે છે. જ્યાં સુધી અશુદ્ધ સંસ્કાર સંપૂર્ણ પણે નાશ ન પામે ત્યાં સુધી આ સંસારની ઘટમાળમાં તેને આથડવું પડે છે. માટે કુગુરૂ સર્વથા ત્યાગ કરવા યોગ્ય છે. આ ઉપરથી એમ કહેવાનો ભાવાર્થ નથી કે માણસે વિષ પીવું જોઇએ કહેવાનું તાત્પર્ય એ છે કે વિષ કરતાં પણ કુગુરૂ સંગતિ વિશેષ અનર્થ ઉત્પન્ન કરાવનારી છે. સદ્ગુરૂ ન મળે તો એકાંતમાં બેસી પ્રભુનું ભજન કરવું એ

વધારે ઉત્તમ છે, સદ્ગુરૂની શોધ કરવામાં સદૈવ રહેવું; પણ કુગુરૂના પાશમાં સપડાવું નહિ; કારણકે "સેને ગઈ પૂત અને ખોઇ આવી ખસમ" એ કહેવત મુજબ જ્ઞાન મેળવવા જતા અધમ સંસ્કાર એમી જાય, કે જેને લીધે તે માણસની જ્ઞાન ચક્ષુ રાગ દૃષ્ટિથી અંધ બની જાય છે, અને સત્ય વાત તેને સમજાવવામાં આવે તો પણ તેના સમજ્યામાં આવતી નથી. આ જગતમાં મનુષ્યપણું, મુમુક્ષુપણું અને સત્સમાગમ આ ત્રણ બાબત દુર્લભ છે. માટે નિષ્પક્ષપાત બુદ્ધિથી સદ્ગુરૂને શોધી તેમના આશ્રય વડે તેમના પર શ્રદ્ધા રાખી–માણસે ઉન્નતિના માર્ગ પર જવું જોઇએ ॥ ૫ ॥

अवतरणम्—कुगुरुत्यागपूर्वकं सर्वजन्मापेक्षया मनुष्यजन्मनः दुर्लभत्वं श्रेयस्त्वं च दर्शयन् मुख्यकर्त्तव्यं सुगुरुसेवनमुपदिशति मनुष्यजन्मेति.

श्लोकः

मनुष्यजन्म संप्राप्य दुर्लभं कामधेनुवत् ॥
सम्यग् धर्मोपदेष्टारः सेवनीया विशेषतः ॥ ६ ॥

टीका—संसारप्रवाहपतितोऽयमात्मा चाऽनन्तसर्पिणीप्रमितानि दुःखसहस्राण्यनुभूय मनुष्यजन्म लभते।अस्मिञ्जन्मनि ये च संख्याकाः श्वासोच्छ्वासास्तेषु सहस्रशः सार्धं च पद्मानि नीराजनाभिः क्षिप्यन्ते वृत्ताश्च (आयुषः क्षणमेकोऽपि न लभ्यः स्वर्णकोटिभिः स चेन्निरर्थकं याति का वा हानिस्ततो

धिरा) देवाः स्वाचरितशुभविपाकं स्वर्गीणविषयं भुञ्जा
निर्जराहेतुकाः क्रियाः कर्तुं नेशते रत्नप्रभादिमहातमा
निरयवासिनश्च स्वाचरिताऽशुभकर्मविपाकं दुःखसहस्रं मतिक्ष
सहमानाः क्षणमपि स्वास्थ्यं नो लभन्ते कुतस्तेषां धर्मवार
कुतस्तरां चिन्तना कुतस्तमां निर्जराहेतुः क्रिया निगोदिनो जी
एकेन्द्रियत्वादजीवप्राया एवं चूर्णकीटादि द्वीन्द्रियानारभ्या
संज्ञिपञ्चेन्द्रियान्तानां क्लेशसहस्रभुजानां का धर्मोपदेशश्रवण
दिचर्चा केचित्संज्ञिपञ्चेन्द्रिया धर्मोपदेशजिनबिम्बदर्शनादिन
सम्यक्त्वरत्नं लभमाना अपि न मोक्षदं यथाख्यातचारि
मान्ते इति सर्वोपायैरुदेयं मोक्षं मन्तविदुर्मर्हे मनुष्यजन्मेो
दुर्लभत्वमस्य कामधेनुवदिति । व्यतिरेकालङ्कारः कामधे
लौकिकं सुखं यच्छति ॥

मनुष्यजन्म तु लोकोत्तरमचिन्त्यमहिमानं मोक्षमिति
ननु मनुष्यजन्मनो दुर्लभत्वेऽपश्वसाधनेऽपि कथं मो
रूप्य वयमर्हामि चेद् गुरव एव शरणं नान्यः कश्चिदुपाय इत्या
१ । मदुपदेष्टार एव सम्यक् कायवचोमनोभिः सेव्याः कृपाक
प्रसादानुवर्तिनः प्राणः चेतना शान्तमर्थपरिग्रहो मोक्षार्थ
परिहरेत् .. द्वाद्वश्यपीयारोऽप्रमत्तेन जन्मनि सेव्याने कार्य
दिति हर्षितचित्तो गुरुदेवादर्शनपरणमपतलोद्रिक्तः तत्रनिषि
दत्तमनमाणिप्रमदानेन आसीन उदासीनस्तात्पर्यादि
प्राः सर्वदर्शिनस्तां मर्दनोत्तीनि च धनार्थ विशेषतश्च ॥

અવતરણ—કુગુરૂની સંગતિથી નિપજનારૂં ખરાબ પરિણામ આપણે વિચારી ગયા હવે આ મનુષ્યજન્મ પામીને જન્મના સાર્થક્ય સારૂ માણસે કેવી રીતે સદ્ ઉદ્યમ કરવો અને સદ્ગુરૂની સેવના કરવી તે બતાવતા ગ્રંથકાર જણાવે છે કે.

અર્થ—કામધેનુ જેવો દુર્લભ આ મનુષ્યજન્મ મેળવી ને સમ્યગ્ધર્મના ઉપદેશકોની વિશેષ પ્રકારે સેવા કરવી ॥ ૬ ॥

ભાવાર્થ—કામધેનુ મેળવવી એ કાંમ કાંઇ સુલભ નથી, તેમ આ મનુષ્ય જન્મ પ્રાપ્તિ પણ દુર્લભ છે. મનુષ્ય જન્મની દુર્લભતા બતાવવાને શાસ્ત્રમાં દશ દ્રષ્ટાન્તો આપેલાં છે. મનુષ્ય જન્મ ચારે ગતિમાં ઉત્તમ છે, દેવો પણ મનુષ્ય જન્મની વાંચ્છના અહર્નિશ કર્યા કરે છે. દેવ લોકમાં મનુષ્ય પોતે આ પૃથ્વીપર કરેલા શુભ કાર્યના ફળ ભોગવે છે; દેવલોકમાં પુણ્ય ક્ષીણ થયે માણસ મૃત્યુલોકમાં આવે છે મોક્ષ મેળવવાને માટે યોગ્ય સ્થાન આ મનુષ્યલોક છે, એમ શાસ્ત્રમાં સ્થળે સ્થળે લખવામાં આવેલું છે. વળી નિગોદમાંથીઅવ્યવહારરાશિમાંથી વ્યવહાર રાશિમાં આવી, ત્યાંથી એકેન્દ્રિય બેઇન્દ્રિય તેરેન્દ્રિય ચતુરિન્દ્રિય, અસંજ્ઞી પંચેન્દ્રિય આદિ જુદી જુદી ગતિમાં અનેક પ્રકારનાં કષ્ટ સહન કરી, જીવ મહાપુણ્યોદયે આ મનુષ્ય જન્મ પ્રાપ્ત કરે છે, માટે મનુષ્ય જન્મનું દુર્લભપણું જે શાસ્ત્રમાં લખેલું છે તે યથાર્થ છે. વળી નરકમાં તેઃ પોતે આ પૃ-

થ્વીપર કરેલાં અશુભ કર્મનાં કડવાં ફળ ભોગવવાનાં હોય છે. માટે ત્યાં પણ સદ્ધર્મ જાણવાનો અથવા તદનુસાર ઉચ્ચ વર્તન રાખવાનો જરાપણ અવકાશ નથી માટે ધર્મને જાણવે, આત્મજ્ઞાન પ્રાપ્તિને વાસ્તે મોક્ષને વાસ્તે ઉત્તમોત્તમ સાધન મનુષ્ય દેહ અને મનુષ્ય જન્મ છે. જ્યારે આવો દુર્લભ વારો આપણને પ્રાપ્ત થયો, તો પછી તેને વિષય વાસનામાં, રાગદ્વેષમાં, પરનિંદામાં, અને જગતના ક્ષણિક પદાર્થો પ્રાપ્ત કરવાના પ્રયાસમાં ગુમાવી દેવો તેના કરતાં વધારે શોચનીય વધારે દુઃખકારક અને વધારે અજ્ઞાનતા સૂચવનારું કામ આ જગતમાં બીજું કયું હોય શકે? જ્યાં જ્યારે આપણે દ્રષ્ટિ દેતા આપણે સખેદ નિરી-ક્ષીએ કે આ જગતમાં ઘણા થોડા મનુષ્યો પોતાના જીવનનું સાર્થક કરે છે, તેનો વિચાર કરતા હોય કે હું કોણ છું? મારા જીવનનો ઉદ્દેશ શો છે? મારું ખરું સ્વરૂપ શું છે? તે સ્વરૂપનો અનુભવ કેવી રીતે થઈ શકે? તેવા પ્રશ્નો વિચારનાર આ જગતમાં ક્વચિત કોઈ જ મળી આવે છે, અને તે પ્રમાણે વિચાર કરી આત્મજ્ઞાન તો ક્વચિત જ કોઈ કરી શકે, તેઓ જ આનંદ પામતા હોય છે.

મનુષ્ય જન્મનું સાર્થક કરવાને શું કરવું તે પ્રશ્ન ઘણો વિચારવા જેવો છે, તેના પ્રત્યુત્તરનું સંક્ષિપ્ત અ- [illegible]

સ્થંતે ભક્તિ રાખવી જોઇએ, ગુરૂના દર્શન થતાં અત્યંત આનંદ થયો જોઇએ ગુરૂપાદ શુશ્રૂષાને રત્નનિધિની પ્રાપ્તિ સમાન ગણવી જોઇએ. ગુરૂને જોતાં નીચે પ્રમાણે ભાવના થવી જોઇએ.

धन्योऽहं कृतपुण्योऽहं निस्तीर्णोऽहं भवार्णवात् ॥
अनादौ भवकान्तारे दृष्टो येन गुरुर्मया ॥

આજ મારો દિવસ ધન્ય છે, આજે મારા પુણ્યનો ઉદય થયો, આજે સંસાર સમુદ્રમાંથી હું મુક્ત થયો, કારણ કે અનાદિકાળથી આ સંસારરૂપી વનમાં રખડતા આજે સદ્ગુરૂના મને દર્શન થયાં. આવી ભાવના હૃદયમાં રાખી ગુરૂની હરેક પ્રકારે શુશ્રૂષા કરવી, અને ગુરૂનું ચિત્ત સદા પ્રસન્ન રહે તેવું વર્તન રાખવું. આથી ગુરૂ હૃદયથી સદ્જ્ઞાન આપશે અને તે દ્વારા શિષ્ય શુભ માર્ગે વિચરવા સમર્થ થશે.

अवतरणम्—वर्णाः शास्त्रस्य यावन्तः पठिताः पाठिताश्च यैः तावद्वर्षसहस्राणि भुञ्जते स्वर्गसुखानीति सिद्धान्ता-नुसारेण सर्वज्ञोक्तशास्त्रविषयं मत्वा स्वकल्याण[illegible] भव-[illegible]राह । जीवाजीवाविति ।

श्लोकः

जीवाजीवौ पदार्थौ द्वौ भाषितौ सर्ववेदिभिः ।
चेतनालक्षणं तत्र जीवस्य परि[illegible]

टीका—सर्ववेदिभिः सर्वज्ञैर्द्वौ पदार्थौ मापितौ कथितौ कौ द्वौ ? इत्यपेक्षायामाह । जीवाजीवौ तत्र द्वयोर्मध्ये जीवस्य लक्षणं चेतनापरिकीर्तितम् । उद्देश्यक्रमानुरोधेन क्रमनिर्देश...

અવતરણઃ—આ પ્રમાણે આટલા શ્લોકો સુધી ગુરૂમાહાત્મ્ય વર્ણવી હવે ગ્રન્થકાર ગુરૂગમદ્વારા જાણેલા સર્વજ્ઞભાષિત સત્તત્ત્વોનું વર્ણન કરતા જણાવે છે કે—

અર્થ—સર્વજ્ઞોએ જીવ અને અજીવરૂપ બે પદાર્થ જણાવેલા છે. તેમાં પણ "ચેતનાવાળો" એ જીવનું લક્ષણ કરેલામાં આવેલું છે. ॥ ૭ ॥

ભાવાર્થ—આ જગતમાં આપણે જે જે પદાર્થ જોઇએ છીએ, અથવા જે જે પદાર્થોનો પાંચ ઇન્દ્રિયો અને મનવડે અનુભવ થઇ શકે તે સર્વ પદાર્થોનો જીવ અને અજીવરૂપ બે તત્ત્વોમાં સમાવેશ થાય છે જીવ અને જીવરહિત એ બેમાંની એક વ્યાખ્યા આ દુનિયામાંના ગમે તે પદાર્થને લાગુ પાડી શકાય. તે બે પદાર્થોના જુદા જુદા નામ આપવામાં આવેલા છે. પુરૂષ અને પ્રકૃતિ, જીવ અને અજીવ, ચેતન અને જડ, આત્મા અને પુદ્ગલ, બ્રહ્મ અને માયા; આમ અનેક રીતે જગતના પદાર્થોના નામ આપી શકાય, પણ આ બે પદાર્થોમાં સમાવેશ થતો ન હોય, તેવો એક પણ પદાર્થ આ વિશ્વમાં નથી, કારણ કે સર્વ પદાર્થોને જાણવાવાળા સર્વજ્ઞોએ આ બે વિભાગ પાડેલા છે; અને તે બરાબર વિચાર કરતાં પણ બુદ્ધિગમ્ય ભાસે છે.

હવે તે બે પદાર્થોમાંથી જીવનું લક્ષણ આ શ્લોકના ઉત્તરના ભાગમાં જણાવવામાં આવેલું છે, તે લક્ષણ ચેતના છે. જેનામાં ચેતના -જાણવાની શક્તિ છે, જે વિચાર કરી શકે છે, જેને લીધે આ જડ દેહો હાલતાં ચાલતાં જણાયછે, તે તત્વને જીવ કહેવામાં આવે છે ચેતનાનો સ્વભાવ જાણવાનો છે; ચેતના શબ્દ સંસ્કૃત ધાતુ ચિત્ ઉપરથી બનેલો છે, અને તેથી વ્યુત્પત્તિ પ્રમાણે પણ તેનો અર્થ જાણવું એવો થાય છે. જીવ સ્વભાવે, સર્વ પદાર્થનો જ્ઞાતા હોવાથી ચેતના લક્ષણ પરથી આ જીવનું લક્ષણ પણ આપણા સમજવામાં સહેજ આવે છે. જેનામાં ચેતના નથી, જેનામાં જાણવાની શક્તિ નથી, જે જ્ઞાતા નહિ પણ જ્ઞેય છે, જે જીવને જાણતો નથી, પણ જે જીવથી જણાય છે તે ચેતના રહિત પદાર્થને જડ અથવા અજીવ કહેવામાં આવે છે: આ રીતે જ્ઞાતા અને જ્ઞેય, અથવા જાણનાર અને જાણવાની વસ્તુ એ બે વિભાગમાં દુનિયાના સકળ પદાર્થ વ્હેંચી શકાય.

આ આર્યાવર્ત પરાપૂર્વથી ચેતનવાદને સારૂ પ્રસિદ્ધ છે, તેના પ્રાચીન ગ્રંથો, ચેતનવાદ પૂર્વકાળમાં સારી રીતે પ્રસર્યો હતો, તેના અનેકધા પૂરાવા આપે છે, પણ હા- પાશ્ચાત્ય સાયન્સના પ્રચારને લીધે આ ધર્મક્ષેત્રની ભૂમિમાં પણ કેળવાયેલાના મગજમાં જડવિદ્યાએ [illegible] કર્યો છે, અને તેથી કેટલાક એવા પણ પુરૂષો હા- [illegible] માં [illegible] પડશે કે જેઓ જીવ જેવી [illegible] માં શંકા ધરાવતા હોય સ- [illegible] એમ સ્વીકારી તેઓ જીવને

પ્રણ જડના આવિર્ભાવરૂપ માનવાને દોરાય છે. મરણ સમયે આ જડ દેહના વિનાશ સાથે સર્વનો અંત થશે અને તેથી કદાચ જીવ જેવી કોઈ વસ્તુ હશે તો તેનો પણ દેહની સાથે નાશ થશે એમ તેઓ માને છે. આ માન્યતા પુનર્જન્મના ભવરૂપી વૃક્ષને કુહાડા સમાન થઇ પડે અને પુનર્જન્મના અસ્તિત્વ સંબંધી શંકા થતાં કર્મનો નિયમ પણ અસત્ય ભાસે છે, અને આત્મા, તેનું અમરણપણું, પુનર્જન્મ, કર્મ વગેરે સિદ્ધાંતો ઉપર રચાયેલાં સર્વ શાસ્ત્રો પણ તેમની દૃષ્ટિએ ખસી ગયેલા મગજની કલ્પનારૂપ લાગે છે. આવી રીતે એક જીવતત્ત્વ નહિ માનનાર સકળ શાસ્ત્રોને અસત્ય લેખે છે. માટે ગ્રંથકારસે તે જીવતત્ત્વના અસ્તિત્વ સંબંધી લોકોને ખાત્રી કરી આપવાની ઘણી જરૂર છે. જો કે એવા ઘણા થોડાજ માણસો આપણી નજરે પડશે કે જેઓ આત્માના અસ્તિત્વ સંબંધી તેમને શંકા છે એમ ખુલ્લી રીતે કબુલ કરે, પણ તેઓના આચાર અને વર્તન પ્રતિ દૃષ્ટિ કરતાં, આત્માના અસ્તિત્વમાં તેઓને શ્રદ્ધા ન હોય, તેવું વર્તન તેઓનું જોવામાં આવે છે. માટે તેવા શંકાશીળ હૃદયોને આત્માના અસ્તિત્વમાં અને તે દ્વારા તેના નિત્યત્વમાં શ્રદ્ધા કરાવી શકાય તો તેના જેવો મોટો ઉપકાર બીજો એક પણ નથી.

આત્મતત્ત્વની સિદ્ધિ અર્થે અનેક પ્રકારની વિચાર શ્રેણિઓનું આલંબન લેઇ શકાય. તે સઘળી વિચાર શ્રેણિઓ જો આપણે અત્રે રજુ કરીએ તો એક બીજો ગ્રન્થ બંધવો પડે, માટે અત્રે તો એક સર્વજનમાન્ય કરે તેવી

વિચાર શ્રેણિનો આશ્રય લેઇશું. તેને વાસ્તે સામાન્ય મનુષ્યના અનુભવની પેલીપાર ગયા વિના પણ આપણે તે આ બાબત સિદ્ધ કરવા યથાશક્તિ પ્રયાસ કરીશું.

જો તમારે આત્માના અસ્તિત્વનો પુરાવો જોઇતો હોય તો તમારા મન વડે તમારી ઇન્દ્રિયો અને શરીરને સંયમમાં લાવવાનો પ્રયત્ન કરો. આથી તમારી ખાત્રી થશે કે ઇન્દ્રિયો કરતાં તેમજ શરીર કરતાં વધારે સત્તાવાળું કાંઇક છે; જે ઇન્દ્રિયનાં વિકારોને તમે વારંવાર વશ થતા હો તેને વશ કરવાનો આરંભ કરો, તમને જે ભોજન અતિ સ્વાદિષ્ટ લાગતું હોય, અને જે તમારી જીહ્વા ઇન્દ્રિયને નચાવતું હોય તે ભોજન લેવાનું બંધ કરો, અથવા તો તમને વધારે પ્રિય લાગતું કોઇક પ્રકારનું શારીરિક સુખ ભોગવી હો; આ સ્થળે એમ કહેવાનો ભાવાર્થ નથી કે સર્વથા તેનો ત્યાગ કરો, પણ થોડા સમયને સારૂ તો આ પદ્ધતિએ તમે જરૂર ચાલો, જેથી તમારી નિઃસંદેહ શ્રદ્ધા થશે કે જેને તમે ઇન્દ્રિયો અથવા શરીર કહો છો, તેના કરતાં વધારે બલિષ્ટ કાંઇક તત્ત્વ તમારામાં છે. તમારી ઇન્દ્રિયોની ઇચ્છા વિરૂદ્ધ કાંઇક કાર્ય કરવાનું માથે લ્યો, અને જ્યારે તે ઇન્દ્રિય પ્રબળ આવેગમાં હોય, અને તમે તે વિષયોનો ઉપભોગ કરો તેમાં કાંઇ પણ પ્રતિબંધ રૂપ ન હોય, તે સમયે તમે અટકો અને તમારી ઇન્દ્રિયને જણાવો કે "હું તારા કરતાં વધારે બળવાન્ છું અને હું તારા વશ:થઇશ નહિ, પણ હું તને વશ કરીશ." આ પ્રયોગનો આ અજમાયશનો ખરો ઉપયોગ એ જ છે કે ત-

માત્રમાં રહેલું કાંઈક તત્ત્વ ઇન્દ્રિય અને શરીર કરતાં ઉચ્ચ છે, અને તેમને નિગ્રહમાં રાખવાનું સામર્થ્ય ધરાવે છે, તેની ખાત્રી થાય. આ પ્રયોગ તો બહુ પ્રાથમિક છે; પણ તમારી સંપૂર્ણ શ્રદ્ધા થવાને જરૂરનો છે. આ પ્રમાણે પ્રયોગ ચલાવ્યા કરો તો છેવટે તમને અનુભવ થશે કે શરીર તે નોકર છે, ગુલામ છે, અને મનની ઇચ્છા પ્રમાણે ચાલનાર કિંકર છે. જ્યારે જ્યારે તમારું મન જે બાબત ધિક્કારતું હોય તે કરવાને તમારી ઇન્દ્રિયો દોરવાય, ત્યારે તમારા મન સાથે તમારે શરમાવું જોઈએ. આટલે સુધી તો તમે આ બાબત યથાર્થ રીતે કબુલ કરશો, હવે આપણે તેથી આગળનું પગલું ભરવાનો વિચાર કરીએ. તમારું મન તમને ભટકતું લાગે છે નહિ વારૂ? તમારું મન શરીર તથા ઇન્દ્રિયોને કાબુમાં રાખવા સમર્થ છે, પણ શું મન મનને નિગ્રહમાં રાખવાનું બળ ધરાવે છે! તમને તમારું મન પાંચ મીનીટમાં કરોડો વિષયપર ભટકતું જણાય છે. ધારોકે તમારે એક પરીક્ષા આપવાની છે, તે પરીક્ષાને સારુ એક પુસ્તકનો અભ્યાસ કરવાનો છે. તમારા ભવિષ્યનો આધાર પરીક્ષામાં પાસ થવા પર રહેલો છે, તમે તે પુસ્તક ઉપર તમારું મન લગાડવા માગો છો, પણ તમારું મન હજારો વિષયોમાં ભટકતું જણાય છે અને તમારે તેને સ્થિર કરવાની જરૂર પડે છે.

તમે પ્રથમ તો જણાવો છો કે આતે કેવા પ્રકારનું મન છે કે સ્થિરજ રહેતું નથી? જ્યારે જોઈએ ત્યારે આ-

પછી ઈચ્છા પ્રમાણે કાર્ય કરતું નથી, પણ હવે તો પરીક્ષાનું એકજ અઠવાડીયું બાકી રહ્યું છે, માટે હવે તો મનને સ્થિર કર્યા વિના અને પુસ્તક તરફ ધ્યાન આપ્યા સિવાય બીજો માર્ગ નથી; માટે હું હવે તે મનને વશ કરવા પ્રયત્ન કરીશ." આ છેલ્લા શબ્દો આપણને સૂચવે છે કે મન કરતાં વધારે શક્તિવાળી કાંઇક વસ્તુ છે કે જે મનને પણ સંયમમાં લાવવાનું સામર્થ્ય ધરાવે છે. અને તેને ધર્મ શાસ્ત્રો આત્માના નામથી ઓળખાવે છે. તમે તેને બીજું નામ આપો તેથી તેના ગુણમાં ફેર પડતો નથી. જેમ શરીર અને ઇન્દ્રિયોને વશ કરનાર મન છે, તેમ મનને વશ કરનાર, મનને પોતાની ઇચ્છા મુજબ ચલવનાર કાંઇક તત્ત્વ છે, અને તે તત્ત્વ તે આત્મા છે. જો તમે તમારા ભટકતા મનને નિગ્રહમાં લાવવા અને તમારી ધારેલી વસ્તુ ઉપર સ્થિર કરવા પ્રયત્ન કરશો તો જરૂર તમે તે કરી શકશો. કારણ કે આત્મબળ અનંત છે. આ ખાત્રી તમને બુદ્ધિ રીતે થશે, પણ તેનો સાક્ષાત્કાર કરવાને યોગ માર્ગ છે, પ્રથમ તો તમારી બુદ્ધિ આત્માનું અસ્તિત્વ કબુલ કરે તો પછી તેને અનુભવવાને તમે પ્રયત્ન પણ આદરો, માટે તે સિદ્ધ કરવાને આ એક વિચાર અહીં અત્રે નિવેદન કરી તે. તે ઉપર શાંત મનથી વિચાર કરશો તો ઘણું સમજવાનું તમને મળી આવશે.

अवतरणम्—जीवस्याभ्यर्हितत्वात् संसारदशायां सर्वेषामजीवानां जीवतुल्यत्वात्। जीवलक्षणमभिधायक्रममासत्वाज्जीवसंसर्गजीवसम्बन्धपूर्वकत्वाद्धर्मास्तिं लक्षयति—

श्लोकः

जडात्मलक्षणोऽजीवः सर्वविद्भिः प्रकीर्तितः ॥
एकेन्द्रियादिभेदेन जीवाः पञ्चविधाः स्मृताः॥८॥

टीका—जडात्मलक्षणोऽजीवस्तत्र आत्मशब्दाभिधेयो लक्ष्यः । अन्यव्यावर्तकं लक्षणम् । आत्मा च लक्षणं चात्मलक्षणे जडे एवात्मलक्षणे यस्य स जडात्मलक्षण इति द्वन्द्वगर्भितस्तत्पुरुषार्थप्रधानो बहुव्रीहिः । तथा चाऽजीवशब्दार्थमजानानः शिष्यः पृच्छति कोऽजीव इति । उत्तरमाह जडः । ननु जड इति स्वरूपं लक्षणं चाऽजीवस्येति चेदुभयमित्याह जडात्मलक्षणोऽजीव इति । ननु जडात्माऽजीव इति वाच्ये जडलक्षणोऽजीव इति वा वाच्येऽन्यतरोपादानेन सिद्धे द्वयोरुपादानं पौनरुक्त्यमिवाभाति (तथाहि) आत्मविशुद्धिविषयेऽस्मिन्धर्मादिद्रव्यसाधारणत्वादजीवद्रव्यस्य जड इति लक्षणकथने स्वरूपमात्मानिर्द्दिष्टमेव न बोध्यते यतो बहिर्भावतयैव वर्णिते अथवा निजात्माऽजीवद्रव्यस्य जड इति च लक्षणे विशिष्टं स्वरूपमनिर्द्दिष्टमेव नहि भेदो द्वयोः पदे भविष्यतीति कथमनन्यमात्रपूर्व्याकार सत्याऽजीवाणनायनर्थार्थेऽपीति देशयति समानमन्यान्यवाभिन्नौ तथा च पौनरुक्त्यं युक्तियुक्तं चेदत्रार्थं समाधि । एकेन्द्रियादीनां नैयायिकादीनां द्रव्यं गुणेभ्यः भिन्नं मिथ्या युक्त्या भवि द्रव्यात्मकैव मिथ्या ग-

त्पत्तिविनाशावच्छेदेन निर्गुणे द्रव्ये समवायसंबंधेन जायन्ते । इत्याद्यनेकधा यद्वर्ता मते कदाग्रहान् सर्वविदां जिनेन्द्राणां चानेकान्तमतं दृढीकुर्वंश्च जड इति लक्ष्यं लक्षणं च भवति जैनसिद्धान्ते लक्ष्यलक्षणयोः कथंचित्तादात्म्यादित्यभिधित्सया च जडात्मलक्षणोऽजीव इति लिलेख । अत एव सर्वविद्भिः प्रकीर्तितः । इत्यत्र सर्वविद्भिरिति पदसार्थक्यमिति नास्ति पौनरुक्त्यशङ्कागन्धोऽपि ॥

जीवस्य लक्षणमुक्त्वा भेदमाह एकेन्द्रियादिभेदेनेति । आदिपदात् । द्वीन्द्रियमारभ्य पञ्चेन्द्रियान्ता गृह्यन्ते तथा चेन्द्रियप्रयुक्तजीवभेदात् पञ्चविधास्तथाहि, स्पर्शेन्द्रियवन्त एकेन्द्रिया निगोदादिसूक्ष्माद्याश्च स्पर्शनरसनेन्द्रियवन्तो द्वीन्द्रियाः शिप्राशीपर्यु पिताश्चन्नलादौ च दृश्यन्ते, स्पर्शनरसनघ्राणेन्द्रियवन्तस्त्रीन्द्रियाः पिपीलिकादयः स्पर्शनरसनघ्राणचक्षुरिन्द्रियवन्तश्चतुरिन्द्रिया मक्षिकावृश्चिकभ्रमरादयः स्पर्शनरसनघ्राणचक्षुःश्रोत्रेन्द्रियवन्तः पञ्चेन्द्रियाः समनस्काश्च पशुपक्षिमनुष्याद्याः ॥ ८ ॥

અવતરણ—હવે ગ્રન્થકાર અજીવનું લક્ષણ અને જીવના ભેદ દર્શાવે છે.

અર્થ—સર્વજ્ઞોએ અજીવને જડાત્મ લક્ષણવાળો ગણેલો છે, અને એકેન્દ્રિય વગેરે ભેદોને લીધે જીવો પાંચ પ્રકારના માનવામાં આવે છે.

ભાવાર્થ—જીવનું લક્ષણ ગયા શ્લોકના છેવટ ભા-

ગમાં વર્ણવી ગયા, હવે આપણે અજીવનું સ્વરૂપ વિચારીએ. જડ લક્ષણવાળો અજીવ છે. લક્ષ્ય અને લક્ષણનું જૈનશાસ્ત્ર પ્રમાણે કેટલેક અંશે તાદાત્મ્ય હોવાથી, અજીવનું લક્ષણ અને લક્ષ્ય જડ છે. જેનામાં જીવ નહિ તે અજીવ. જીવથી વિયુક્ત સર્વ પદાર્થો અજીવ સંજ્ઞાને યોગ્ય છે. પાંચ ઇન્દ્રિય, ત્રણ (મન વચન અને કાય) બળ, શ્વાસોચ્છવાસ અને આયુષ્ય એ રીતે દશ પ્રાણ જૈનશાસ્ત્રકારોએ માનેલા છે. તે દશ પ્રાણમાંથી ઓછામાં ઓછા ચાર અને વધારેમાં વધારે દશ પ્રાણ જેનામાં માલૂમ પડે, તે જીવ કહી શકાય આ દશમાંથી એક પણ પ્રાણ ન હોય, તે અજીવ કહેવાય છે. જીવ હોય ત્યારે પુદ્ગલની કાયા બંધાય છે, તેવી જીવ ચાલ્યો ગયા પછી કાયા રહેતી નથી, પ્રાણના આધારે અજીવથી જીવ ન્યારો લેખી શકાય.

હવે જીવના એકેન્દ્રિયાદિ ભેદે પાંચ વિભાગ પાડવામાં આવે છે. તેમાં સ્પર્શ ઇન્દ્રિયવાળા તે એકેન્દ્રિય કહેવાય છે; તેમાં પૃથ્વી, પાણી, તેજ, વાયુ તથા વનસ્પતિ જાણવા બે ઇન્દ્રિય જીવોને રસ અને સ્પર્શ મળીને બેઇન્દ્રિયો હોય છે. જળો અળસીયાં વગેરે જીવો તેના દૃષ્ટાન્ત છે. ત્રણ ઇન્દ્રિય જીવોને સ્પર્શ, રસ, ઘ્રાણ ઇન્દ્રિય હોય છે, કીડી વગેરે જંતુઓ તે ભાગમાં આવી જાય છે; સ્પર્શ રસ ઘ્રાણ અને ચક્ષુ ઇન્દ્રિયવાળાને ચતુરિન્દ્રિય જંતુ કહે છે. વીંછી, ભ્રમર મક્ષિકા વગેરે તેના દાખલા રૂપે છે. સ્પર્શ, રસ, ઘ્રાણ ચક્ષુ અને શ્રોત્ર એ પાંચે ઇન્દ્રિયો જેને હોય તે પંચેન્દ્રિય કહેવાય

છે તે પંચેન્દ્રિયના બે ભેદ છે. જેમને મન હોય તે સમનસ્ક કહેવાય છે, અને જેમને મન નથી હોતું તે અમનસ્ક કહેવાય છે. સમનસ્કમાં મનુષ્ય તીર્યંચ નારકી અને દેવતા વગેરે આવી જાય છે, અમનસ્કમાં સમુચ્છિંમ પંચેન્દ્રિયજીવો આવી જાય છે. આ પ્રમાણે ઇન્દ્રિયની અપેક્ષાએ જીવમાત્રના પાંચ ભેદ પાડી શકાય, ગતિની અપેક્ષાએ તેના ચાર ભેદ પડે છે, વેદની અપેક્ષાએ ત્રણ ભેદ પડે છે. એમ જે જે અપેક્ષા રાખી તેના તેનો ભેદ પાડવા ઇચ્છા રાખીએ તે પ્રમાણે તેના ભેદ પાડી શકાય.

अवतरणम्—संसारिणो मुक्ताश्चेति सूत्रोक्तत्वात् पुनर्द्वैविध्यमाह ॥

श्लोकः

द्विविधाश्च पुनर्ज्ञेया मुक्तामुक्तप्रभेदतः
धर्माधर्मौ नभःकालौ चत्वारोऽमूर्त्तकाः स्फुटम्॥९॥

टीका—मुक्ता अष्टकर्माणि समूलकाषं कषित्वा लोकान्तं प्राप्ताः । अमुक्ता निगोदादिसर्वार्थसिद्धान्तास्त्रयोदशगुणस्थानवर्तिनो जिना अघातिकर्म्माणश्च । जीवप्रभेदानन्तरं क्रमप्राप्तमजीवभेदमाह । धर्मेति धर्मो गतेरन्त्यापेक्षाकारणं द्रव्यं न तु पुण्यम् । अधर्मः–स्थितेरपेक्षाकारणं द्रव्यं न तु पापम् इति जैनसम्प्रदायः । नभः आकाशम् । कालः समयादिरापरान्त-

स्वतारतम्येन । एते संसारिमुक्ता जीवाः । कैश्चित्पुनः
पुनः स्थावरेतरप्रत्यक्षो विरतौ नाम यदि च्यु-
तिस्तत्र यथारीति समयप्रमाणे सर्वगतिस्वरूपं यदा मु-
क्तानामनन्तानां यथोक्ति दुःखाभावः यथा भगवता प्रत्य-
क्षेणैव विदितं सर्वं निर्विकल्पस्वरूपमात्मोक्तिः दुःखा-
भावः । अत एव संसारानुविद्धविधिस्वाभावात् सिद्धत्वं
नाम संसारस्वरूपाभावात् प्रत्येकविशेषाभावाभावात्सर्वं न
नायन्तः सिद्धाः कर्ममुक्ताः । ननु संसारिणो मुक्तापेक्षि स-
र्वस्वरूपे संसारित्वं पूर्वमेवागमे अत तु मुक्तत्वाविशेषत्वं
विरुद्धं स संसारपरिस्थितेः गतत्वम् अभावज्ञानं सर्वत्रावस्था-
नात् कारणभावात् पूर्वं संसारिणोऽनवस्थाविशेषात् । एवं सं-
सारपूर्वकोऽपि मोक्ष इत्यनेनापि सूत्रं संसारित्वं पाठ तदिदम् ।
अत सर्वमुक्ताजीवेषु मोक्षस्यैव प्राधान्याद् मुक्तशब्दस्य प्राधि-
मिति न दोषः संसारादरं हि विनयवचनम् ॥ ७ ॥

અવતરણ—ઉપરના શ્લોકના વિવેચન ઉપરાંત આગમાં
જણાવ્યા મુજબ અપેક્ષા પ્રમાણે જીવના વિવિધ ભેદ પાડી
શકાય સંસારી અને મુક્ત એ તફાવત લક્ષમાં રાખી એ
આપણે ભાગ પાડીએ તો જીવ માત્રને બે ભાગમાં વહે-
ચવા પડે; તેજ બાબત સંબંધી અધિકાર જણાવે છે કે:—

અર્થ—મુક્ત અને અમુક્ત એ ભેદથી જીવો બે
પ્રકારના જાણવા ધર્મ, અધર્મ, આકાશ અને કાળ એ ચાર
દ્રવ્ય ખરેખર અમૂર્ત છે.

ભાવાર્થ—આઠ કર્મથી મુક્ત છુટા થયેલા ને મુક્ત જાણવા. અને નિગોદથી આરંભ કરીને સર્વાર્થસિદ્ધદેવલોક સુધી અથવા પ્રથમ ગુણસ્થાનક મિથ્યાત્વથી આરંભીને તેરમા ગુણસ્થાનક સુધીના સર્વ જીવો અમુક્ત જાણવા. અમુક્તને સંસારી પણ કહેવામાં આવે છે. જેઓ કર્મ બંધનથી મુક્ત થયા છે, અને જેઓએ કેવળજ્ઞાનથી લોકાલોક જાણ્યું છે, તેઓ મુક્ત સમજવા; અને જેઓ કોઇપણ રીતે કર્મ બંધનથી બંધાયલા છે, તેઓ અમુક્ત અથવા સંસારી તરીકે લેખાય છે. નિશ્ચય નયની અપેક્ષાએ તો આત્મા ત્રણેકાળમાં મુક્ત છે, પણ જ્યાં સુધી મમત્વ ભાવ (દેહાધ્યાસ) છુટયો નથી, અને પુદ્ગલ પદાર્થને આત્મા પોતાના તરીકે લેખે છે, ત્યાં સુધી આત્મા કદાપિ મુક્ત થાય નહિ, ત્યાં સુધી તે અમુક્ત કહેવાય છે સ્વસ્વ ભાવરમણતા એ મુક્તિ; અને પરભાવરમણતાએ બંધ, આ ભેદ પ્રમાણે પણ મુક્ત અને અમુક્ત રૂપ આત્માના ભેદો યોગ્યજ છે.

આ પ્રમાણે જીવના ભેદો દર્શાવ્યા. હવે અજીવના ભેદ ગ્રન્થકાર પ્રગટ કરે છે. અજીવના પાંચ ભેદ છે, તે પાંચ દ્રવ્યમાં ચાર દ્રવ્ય અમૂર્ત છે અને એક પુદ્ગલ મૂર્ત છે. હવે તે ચાર અમૂર્ત દ્રવ્યનું વર્ણન કરે છે. તે દ્રવ્ય ધર્મ, અધર્મ, આકાશ અને કાલ છે ધર્મ આ સ્થળે પુણ્યના સ્વરૂપનાં વર્ણનમાં આવ્યું નથી, પણ ધર્મનો અર્થ જૈન સંપ્રદાય પ્રમાણે જુદો છે તેમ અધર્મનો અર્થ પાપ નથી. જે ગતિને સહાય આપે તે ધર્મ કહેવાય છે, અને જે

તેઓ અરૂપી હોવાથી તેઓને કોઇ પણ પ્રકારનો આકાર નથી. ફક્ત તેઓનું અસ્તિત્વ આપણાથી સિદ્ધ કરી શકાય. પણ તેઓનો આકાર કદાપિ જણાય નહિ, કારણ કે તે તે દ્રવ્ય અમૂર્ત મૂર્તિ-આકાર વગરનું છે.

अवतरणम्-मूर्त्तामूर्त्तभेदेन द्रव्यं द्विविधं तत्रामूर्त्ताश्चत्वारो धर्मादयो वर्णिताः । यत् मूर्त्तद्रव्यं तल्लक्षणं चाह । मूर्त्तिमदिति ।

श्लोकः

मूर्त्तिमत् पुद्गलं द्रव्यमजीवाः पञ्च ते मताः ॥
गुणानामाश्रयो द्रव्यं पर्य्यायाणां विशेषतः ॥१०॥

टीका-पूरणगलन स्वभावोऽहि पुद्गलो मूर्तिमान् अवयववान् ते धर्मादयश्चत्वार एकः पुद्गलः पञ्चाऽजीवा मताः । वाक्यार्थबुद्धौ पदार्थबुद्धेः कारणत्वेति न्यायात् पदार्थज्ञानन्तु द्रव्यलक्षणमन्तरेण न घटत इति द्रव्यलक्षणमाह गुणानामिति गुणानामाश्रयो द्रव्यं सर्वं वाक्यं सावधारणं भवति । तेन गुणानामाश्रय एव ननु निर्गुणास्तिष्ठति द्रव्यमेवगुणानामाश्रयो न तु गुणाः पर्यायाणां च विशेषत इति । गुणा सहभाविनः पर्यायास्तु प्रतिसमयं परिवर्तन्ते तेषां पर्यायाणामाश्रयो द्रव्यमिति

અવતરણ—મૂર્ત એ રૂપે દ્રવ્યના બે ભેદ પાડ્યા, તેમાંથી ચાર અમૂર્ત દ્રવ્યનો આપણે વિચાર કર્યો, હવે મૂર્ત દ્રવ્ય જે પુદ્ગલ તેનો આપણે વિચાર કરીએ.

અર્થ—પુગલ દ્રવ્ય મૂર્તિમંત છે, એ રીતે પાંચ

ગતિને મદદ આપે તે અધર્મ પ્રદેશગ છે.
મત્સ્યને ચાલવામાં જળ મદદભૂત થાય
રીતે અરૂપી ચાલતા દાખલામાં મદદ ક
દ્રવ્ય ગણવામાં આવેલું છે તે. આકાશ
એક છે. તેમજ તેની અસંખ્ય પ્રદેશમય છે.
રીતે વૃક્ષની છાયા મુસાફરને સ્થિતિ કરવામાં
નીવડે છે, તેવી રીતે દરેક પદાર્થને સ્થિરતા કર
સહાયભૂત જે દ્રવ્ય તે અધર્મ દ્રવ્ય જૈનશાસ્ત્રકારો
છે; તે પણ ધર્મ દ્રવ્યની માફક એક, અરૂપ અ
અને પ્રદેશમય છે. આ બન્ને દ્રવ્ય લોકવ્યાપી છે.
ધર્મ અને અધર્મ દ્રવ્ય નથી. ત્યાં ફક્ત આકાશ
જે લોકમાં પણ વ્યાપી રહેલું છે. અવગાહ આપે
કાશ. જેમ પાણીના લોટાની અંદર આપણે પતાસું
બીજે અને તે ઓગળી જાય છે. કારણ કે પાણી
ણુઓ વચ્ચે અવગાહ હતો. આવો અવગાહ (
આપવામાં જે સહાયભૂત થાય છે, તેને આકાશ
વામાં આવે છે. અને દરેક સમયે સમયે પદાર્થ
પર્યાયોને ફેરવી, નવા પર્યાયોરૂપે બદલી નાખે
જેનો સ્વભાવ છે, તેને કાળ કહેવામાં આવે છે.
ચાર અમૂર્ત દ્રવ્ય છે. આ ચાર દ્રવ્ય પાંચ ઇન્દ્રિ
દેખી શકતાં નથી, પણ તેમની સિદ્ધિ આપણે
અનુમાનથી થઇ શકે. સર્વજ્ઞ પ્રભુ તે બધા દ્રવ્ય
શકે, પણ આપણે આપણી ઇન્દ્રિયો વડે તેમ
શકીએ નહિ માટે આપણી અપેક્ષાએ તે અ

તેઓ અરૂપી હોવાથી તેઓને કોઈ પણ પ્રકારનો આકાર નથી. ફક્ત તેઓનું અસ્તિત્વ આપણાથી સિદ્ધ કરી શકાય. પણ તેઓનો આકાર કદાપિ જણાય નહિ, કારણ કે તે તે દ્રવ્ય અમૂર્ત મૂર્તિ-આકાર વગરનું છે.

अवतरणम्-मूर्त्तामूर्त्तभेदेन द्रव्यं द्विविधं तत्रामूर्त्ताश्चत्वारो धर्मादयो वर्णिताः। यत् मूर्त्तद्रव्यं तल्लक्षणं चाह। मूर्त्तिमदिति।

श्लोकः

मूर्त्तिमत् पुद्गलं द्रव्यमजीवाः पञ्च ते मताः ॥
गुणानामाश्रयो द्रव्यं पर्य्यायाणां विशेषतः ॥१०॥

टीका-पूरणगलन स्वभावोऽपि पुद्गलो मूर्त्तिमान् अवयववान् ते धर्मादयश्चत्वार एकः पुद्गलः पञ्चाऽजीवा मताः। वाक्यार्थबुद्धौ पदार्थबुद्धिः कारणमिति न्यायात् पदार्थज्ञानन्तु द्रव्यलक्षणमन्तरेण न घटत इति द्रव्यलक्षणमाह गुणानामिति गुणानामाश्रयो द्रव्यं सर्वं वाक्यं सावधारणं भवति। तेन गुणानामाश्रय एव ननु निर्गुणान्यपि द्रव्यमेवगुणानामाश्रयो न तु गुणाः पर्यायाणां च विशेषत इति। गुणा सहभाविनः पर्यायास्तु प्रतिसमयं परिवर्त्तन्ते तेषां पर्यायाणामाश्रयो द्रव्यमिति

અવતરણ—મૂર્ત એ રૂપે દ્રવ્યના બે ભેદ પાડ્યા, તેમાંથી ચાર અમૂર્ત દ્રવ્યનો આપણે વિચાર કર્યો, હવે મૂર્ત દ્રવ્ય જે પુદ્ગલ તેનો આપણે વિચાર કરીએ.

અર્થ—પુદ્ગલ દ્રવ્ય મૂર્તિમંત છે, એ રીતે

અજીવ જાણવા. દ્રવ્ય તે ગુણના અને વિશેષે કરીને પર્યાયના આશ્રયભૂત છે.

ભાવાર્થ—જે ક્ષણે ક્ષણે બદલાય છે, સમયે સમયે જેનામાં નવા નવા પર્યાયોને ધારણ કરે છે, વિખરે છે અને મળે છે. વર્ણગંધ રસસ્પર્શમય છે. પુદ્ગલ તે કહેવાય છે. પુદ્ગલ દ્રવ્ય મૂર્તિમંત છે, પાંચ ઇન્દ્રિયોવડે પુદ્ગલ સ્કંધ ગ્રાહ્ય છે. આપણે ગયા શ્લોકમાં અજીવના ચાર ભેદ વર્ણવી ગયા, તે ભેદ ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય; આકાશાસ્તિકાય અને કાળ છે, તેની સાથે આ પાંચમો ભેદ પુદ્ગલ મેળવવાથી અજીવના પાંચ ભેદ થયા. આ અજીવના પાંચ ભેદને દ્રવ્ય કહે છે. તે પાંચ દ્રવ્યની સાથે જીવ દ્રવ્ય વધારવાથી છ દ્રવ્ય થાય છે, જૈન શાસ્ત્રમાં ષડ્દ્રવ્યના નામથી પ્રખ્યાત છે. હવે દ્રવ્યનો આપણે વિચાર કરીએ, તે અગાઉ દ્રવ્યની વ્યાખ્યા બરાબર જાણવી જોઈએ. गुणानामाश्रयो द्रव्यं । દ્રવ્ય ગુણોના આશ્રયભૂત છે. ગુણો દ્રવ્ય વિના રહી શકે નહિ. વસ્તુના નિત્ય ધર્મને ગુણ કહે છે, તે ગુણો તાદાત્મ્ય સંબંધે વસ્તુમાં રહે છે. દ્રવ્ય ગુણના આશ્રયભૂત છે, પણ ગુણ દ્રવ્યના આશ્રયભૂત નથી. દ્રવ્યમાં ગુણ રહેલા છે એટલુંજ નહિ પણ પર્યાય પણ રહેલા છે. માટે ગુણ, અને પર્યાયયુક્ત જે વસ્તુ તે દ્રવ્ય કહેવાય છે. પર્યાય સમયે સમયે બદલાય છે. ગુણ ગુણિનો સંબંધ જૈનશાસ્ત્ર પ્રમાણે કથંચિદ્ ભિન્ન અને કથંચિદ્ અભિન્ન છે, એટલે ભિન્નાભિન્ન છે. દાખલા તરીકે જ્ઞાનદર્શન અને ચારિત્ર એ આત્માના સ્વાભાવિક છે. અને નિત્ય ધર્મ આત્માથી કથંચિત્ ષષ્ઠી વિભક્તિ

પ્રયોગે તે ભિન્ન ગુણો છે તે ગુણો આત્માથી ભિન્ન પડતા નથી માટે અભિન્ન કહેવાય છે. આ રીતે નિત્ય અને અનિત્યધર્મ ગુણું અને પર્યાયના આશ્રય ભૂત તત્ત્વને દ્રવ્ય કહેવામાં આવે છે. દ્રવ્યની જુદી જુદી વ્યાખ્યાઓ આપવામાં આવેલી છે. પણ આ સ્થળે તો આ શ્લોકમાં આવેલી વ્યાખ્યા પ્રમાણે તેનું વિવેચન કરેલું છે.

अवतरणम्—द्रव्यस्य लक्षणं भेदं चाभिधाय तदाश्रयमाह

श्लोकः

द्रव्यषट्केन पूर्णश्च लोकालोकः प्रकीर्त्तितः ॥
पञ्चद्रव्याणि लोके स्यु र्नभोलोके च शाश्वतम्॥११॥

टीका—षण्णां समूहः षट्कं द्रव्याणां षट्कं द्रव्यषट्कं तेन लोकोऽलोकश्च पूर्णः प्रकीर्तितः सर्वज्ञैरिति शेषः नतु स्वमनीषयेति भावः । तदेव स्पष्टयति पञ्चेति धर्माधर्माकाशपुद्गलात्मनः पञ्च द्रव्याणि लोके वर्त्तन्ते । अलोके तु नभ एव शाश्वतं निरन्तरम् ॥ ११ ॥

અવતરણ—આ પ્રમાણે દ્રવ્યની વ્યાખ્યા આપવામાં આવી, હવે તે દ્રવ્યને પણ રહેવાનું સ્થાન આશ્રયસ્થાન વર્ણવે છે.

અર્થ—ષટ્ દ્રવ્યથી લોકાલોક પૂર્ણ છે એમ શાસ્ત્રોમાં કહેલું છે, તેમાંથી પાંચ દ્રવ્ય લોકમાં આવેલાં છે,

અવતરણ—દ્રવ્યનું આશ્રય સ્થાન વર્ણવ્યા પછી હવે દ્રવ્ય નિત્ય છે કે અનિત્ય છે, અથવા નિત્ય કયી અપેક્ષાએ અનિત્ય કયી અપેક્ષાએ તે જૈન શાસ્ત્રીથી જણાવી, જૈનોની વસ્તુ માત્ર જોવાની દૃષ્ટિ સિદ્ધ કરી આપે છે.

અર્થ—દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ છએ દ્રવ્ય નિત્ય જાણવા. અને પર્યાયાર્થિક નયની અપેક્ષાએ છએ દ્રવ્યને સુજ્ઞ પુરૂષોએ અનિત્ય જાણવા.

ભાવાર્થ—દ્રવ્યતો સદા નિત્ય છે, પણ તેના પર્યાયોનો ક્ષણે ક્ષણે ફેરફાર થાય છે. દુધના સ્કંધો દધિરૂપે પરિણમે છે, અથવા સુવર્ણ સ્કંધો કુંડળરૂપે પરિણમે છે, અથવા તો મૃત્તિકા સ્કંધ ઘટરૂપે પરિણમે છે. આ બધા દૃષ્ટાન્તોમાં દ્રવ્યમાં ફેરફાર થતો નથી, પણ તે દ્રવ્યના પર્યાયોમાં ફેરફાર થાય છે, જેમ સમુદ્રમાં કલ્લોલો ઉત્પન્ન થાય છે, અને સમુદ્રમાં વિલય પામે છે, પણ સમુદ્રતો તેનો તેજ રહે છે, તેજ રીતે દ્રવ્યના પર્યાયોમાં ફેરફાર ભલે ક્ષણે ક્ષણે થાય પણ દ્રવ્યતો તેવું જ રહે છે, તેમાં રતિમાત્ર ફેર પડતો નથી. એક દ્રવ્ય પોતાનું સ્વરૂપ બદલી બીજા દ્રવ્યરૂપે પરિણમતું નથી. સાયન્સે પણ અનેક રસાયન શાસ્ત્રના પ્રયોગોને આધારે સિદ્ધ કર્યું છે કે પુદ્ગલ અનાશવંત નિત્ય છે. દાખલા તરીકે જે પરમાણુ સ્કંધોની મીણબત્તી બની હતી, તે પરમાણુઓ નિત્ય રહે છે; ભલેને મીણબત્તીરૂપે તેનો વિનાશ થાય પણ તેમાંના એક પણ પરમાણુનો કદાપિ નાશ થતો નથી. આ દૃષ્ટિબિન્દુથી તપાસતાં દ્રવ્યની અપેક્ષાએ (મૂળસ્વરૂપની અપેક્ષાએ) દ્રવ્ય નિત્ય છે,

અથવા અનાશવંત છે, એમ કહેવામાં જરાપણ અસત્ય નથી. માટીના અનેક આકારો બને અને તે આકારો નાશ પામે પણ છે; પણ તેના પર્યાયો બનેલા જુદા જુદા આકારોની અપેક્ષાએ અનિત્ય છે. કેટલીક વાર જનો ઉપર એવો આક્ષેપ મુકવામાં આવે છે કે તેઓ એકજ વસ્તુને નિત્ય અને અનિત્ય એક સમયે માને છે; માટે તેઓ અસત્યવાદી છે. આમ કહેનારાઓ એક પ્રકારની ગંભીર ભુલ કરે છે. જૈનોનું એમ કદાપિ કહેવું નથી કે એકજ અપેક્ષાએ એક વસ્તુ નિત્ય અને અનિત્ય છે. જેવા દૃષ્ટિબિન્દુથી આપણે વસ્તુ તરફ જોઈએ તેવી તે જણાય છે. મોહનલાલ તેના પિતા વાડીલાલની અપેક્ષાએ પુત્ર છે, પણ તેનો તે મોહનલાલ પોતાના પુત્ર ગીરધરલાલની અપેક્ષાએ પિતા છે. હવે આ રીતે વિચારતાં જણાય છે કે એકજ માણસ પિતા અને પુત્ર થઈ શકે, પણ તે જુદી જુદી અપેક્ષાએ થઈ શકે છે, એ કદાપિ વિસરવું જોઈતું નથી. જો માણસ અપેક્ષા ભુલી જાય, અને સ્યાદ્વાદને અનિશ્ચિતવાદ રૂપે દોરવવાનો પ્રયત્ન કરે તો તો તે માણસ જૈન ધર્મનું સ્વરૂપ બિલકુલ સમજ્યો નથી, એમ માનવું પડે. માટે જે જે અપેક્ષાએ જે જે વચન ઉચ્ચારવામાં આવ્યું હોય, તે તે અપેક્ષાએ તે તે વચન ગ્રહણ કરવું. આ રીતે વિચારવાથી દરેક વસ્તુ અનેક અપેક્ષાથી જોઈ શકાય છે, અને તેથી વસ્તુ માત્રનું ખરું સ્વરૂપ સમજવામાં આવી શકે.

છએ દ્રવ્ય નિત્ય છે અને અનિત્ય પણ છે. દ્રવ્યની અપેક્ષાએ નિત્ય છે અને પર્યાયની અપેક્ષાએ અનિત્ય છે...

અને દ્રવ્ય અને પર્યાયની બન્ને અપેક્ષાએ ધ્યાનમાં રાખી કહીએ તો દ્રવ્ય નિત્યાનિત્ય છે.

अवतरणम्—गुणपर्य्याययोरभेदो मा प्रसाङ्क्षीदिति तयोर्लक्षणमाह गुणानामिति.

श्लोकः

गुणानां सहभावित्वं पर्य्यायाणां क्रमोद्भवः ॥
लक्षणं सर्ववित्प्रोक्तं तत्त्वज्ञानाय नान्यथा ॥१३॥

टीका—द्रव्येण सह भवन्ति तच्छीलाः सहभाविनस्तेषां भावः सहभावित्वं गुणानां लक्षणम् । गुणसहितमेव द्रव्यं । पर्य्यायाणां तु लक्षणं क्रमेणोद्भव उत्पत्तिः सर्वविद्भिः प्रोक्तम् । यथापूर्वं शिवकपर्य्यायस्ततः स्थासपर्य्यायस्ततः कुशूलपर्य्यायस्ततो घटपर्य्यायः । नैवम्भूता गुणास्ते तु शिवकपर्य्यायमारभ्य घटावधि एकरूपा एव जायन्ते । एतच्च गुणपर्य्यायवज्ज्ञानं सप्तभङ्ग्यां भणितं तत्त्वज्ञानोपयोगीति स्पष्टीकरिष्यामः । तत्त्वज्ञानस्यान्यः प्रकारो नास्तीति ॥ १३ ॥

અવતરણ—દ્રવ્યની વ્યાખ્યા વિચારતાં આપણે પ્રથમ તપાસી ગયા કે ગુણ અને પર્યાય યુક્ત હોય તે દ્રવ્ય કહેવાય માટે હવે ગ્રંથકાર તે ગુણ અને પર્યાયનું સ્વરૂપ સમજાવવા આ શ્લોકમાં પ્રયત્ન કરે છે.

અર્થ—ગુણો સહભાવી છે, અને પર્યાયો ક્રમે ક્રમે થાય છે. આવું ગુણ અને પર્યાયનું લક્ષણ તત્ત્વજ્ઞાનને [illegible] કહેલું છે, તે અન્યથા નથી.

ભાવાર્થ—ગુણ ગુણીનો તાદાત્મ્ય સંબંધ હોવાથી, ગુણી ગુણથી જુદા માલુમ પડતા નથી, અને તેથી તેમને સહભાવી અથવા નિત્ય સાથે વસનાર જણાવવામાં આવે છે. તેમાં જરામાત્ર ફેર થતો નથી પર્યાયો ક્ષણે ક્ષણે બદલાય છે. તેઓ અનિત્ય છે. અને ક્રમે ક્રમે ઉદ્ભવ પામે છે. નવો પર્યાય ઉત્પન્ન થતાં પૂર્વ પર્યાય વિનાશ પામે છે. દુધ દધિરૂપે પરિણમે છે, ત્યારે દુધ તરીકેના તેના પર્યાય વિનાશ પામ્યા અને દધિ તરીકેના પર્યાયની ઉત્પત્તિ થઇ, માટે જે પરમાણુઓનું દુધ બનેલું હતું તે પરમાણુઓ તો તેના તેજ રહ્યા. તે પરમાણુઓમાં રહેલો મૂળ ગુણ કદાપિ બદલાતો નથી. બીજો દાખલો લેઇ આ વાત વધારે સારી રીતે સ્પષ્ટ કરીએ, આત્માના જ્ઞાન દર્શન અને ચારિત્ર એ સ્વાભાવિક ગુણો છે. અને તે ગુણોનું સમયે સમયે વર્તન તે પર્યાયો છે. નવા પર્યાયો ઉત્પન્ન થાય છે અને જુના નાશ પામે છે, છતાં આત્માનું મૂળસ્વરૂપ તો નિત્યજ રહે છે. માટે જ્ઞાન એ આત્માનો ગુણ છે. " મને રાગ થયો મને દ્વેષ થયો " એમ જાણવાનો આત્માનો ગુણ કદાપિ નાશ પામતો નથી, માટે તે નિત્ય છે; અને તેના જાણવા યોગ્ય પર્યાયોની અપેક્ષાએ અનિત્ય છે,

કોઈ પણ દ્રવ્યનું સ્વરૂપ યથાર્થ સમજવા તેના ગુણ અને પર્યાયનું જ્ઞાન મેળવવાની જરૂર છે, કારણ કે " ગુણ અને પર્યાયવાળો દ્રવ્ય છે " એવી દ્રવ્યની વ્યાખ્યા હોવાથી ગુણ અને પર્યાયનું જ્ઞાન થતાં દ્રવ્યનું જ્ઞાન થાય છે. વ-

અને દ્રવ્ય અને પર્યાયની બન્ને અપેક્ષાએ ધ્યાનમાં રાખી કહીએ તો દ્રવ્ય નિત્યાનિત્ય છે.

अवतरणम्—गुणपर्यायोरभेदो मा प्रसाङ्क्षीदिति तयोर्लक्षणमाह गुणानामिति.

श्लोकः

गुणानां सहभावित्वं पर्यायाणां क्रमोद्भवः ॥
लक्षणं सर्ववित्प्रोक्तं तत्त्वज्ञानाय नान्यथा ॥१३॥

टीका—द्रव्येण सह भवन्ति, तच्छीलाः सहभाविनस्तेषां भावः सहभावित्वं गुणानां लक्षणम् । गुणसहितमेव द्रव्यं । पर्यायाणां तु लक्षणं क्रमेणोद्भव उत्पत्तिः सर्वविद्भिः प्रोक्तम् । यथापूर्वंशिवकपर्यायस्ततः स्थासपर्यायस्ततः कुशूलपर्यायस्ततो घटपर्यायः । नैवम्भूता गुणास्ते तु शिवकपर्यायमारभ्य घटावधि एकरूपा एव जायन्ते। एतच्च गुणपर्यायवज्ज्ञानं सप्तभङ्गी भणितं तत्त्वज्ञानोपयोगीति स्पष्टीकरिष्यामः । तत्त्वज्ञानस्यान्यः प्रकारोनास्तीति ॥ १३ ॥

અવતરણ—દ્રવ્યની વ્યાખ્યા વિચારતાં આપણે પ્રથમ તપાસી ગયા કે ગુણ અને પર્યાય યુકત હોય તે દ્રવ્ય કહેવાય માટે હવે ગ્રંથકાર તે ગુણ અને પર્યાયનું સ્વરૂપ સમજાવવા આ શ્લોકમાં પ્રયત્ન કરે છે.

અર્થ—ગુણો સહભાવી છે, અને પર્યાયો ક્રમે ક્રમે ઉદ્ભવે છે. આવું ગુણ અને પર્યાયનું લક્ષણ તત્ત્વજ્ઞાનને વાસ્તે સર્વજ્ઞએ કહેલું છે, તે અન્યથા નથી.

ભાવાર્થ—ગુણ ગુણીનો તાદાત્મ્ય સંબંધ હોવાથી, ગુણી ગુણથી જુદા માલુમ પડતા નથી, અને તેથી તેમને સહભાવી અથવા નિત્ય સાથે વસનારા ગણવામાં આવે છે. તેમાં જરામાત્ર ફેર થતો નથી. પર્યાયો ક્ષણે ક્ષણે બદલાય છે, તેઓ અનિત્ય છે. અને ક્રમે ક્રમે ઉદ્ભવ પામે છે. નવો પર્યાય ઉત્પન્ન થતાં પૂર્વ પર્યાય વિનાશ પામે છે. દુધ દધિરૂપે પરિણમે છે, ત્યારે દુધ તરીકેના તેના પર્યાય વિનાશ પામ્યા અને દધિ તરીકેના પર્યાયની ઉત્પત્તિ થઇ, માટે જે પરમાણુઓનું દુધ બનેલું હતું તે પરમાણુઓ તો તેના તેજ રહ્યા. તે પરમાણુઓમાં રહેલો મૂળ ગુણ કદાપિ બદલાતો નથી. બીજો દાખલો લેઇ આ વાત વધારે સારી રીતે સ્પષ્ટ કરીએ, આત્માના જ્ઞાન દર્શન અને ચારિત્ર એ સ્વાભાવિક ગુણો છે. અને તે ગુણોનું સમયે સમયે વર્તન તે પર્યાયો છે. નવા પર્યાયો ઉત્પન્ન થાય છે અને જુના નાશ પામે છે, છતાં આત્માનું મૂળસ્વરૂપ તો નિત્યજ રહે છે. માટે જ્ઞાન એ આત્માનો ગુણ છે. " મને રાગ થયો મને દ્વેષ થયો " એમ જાણવાનો આત્માનો ગુણ કદાપિ નાશ પામતો નથી, માટે તે નિત્ય છે; અને તેના જાણવા યોગ્ય પર્યાયોની અપેક્ષાએ અનિત્ય છે,

કોઈ પણ દ્રવ્યનું સ્વરૂપ યથાર્થ સમજવા તેના ગુણ અને પયાયનું જ્ઞાન મેળવવાની જરૂર છે, કારણ કે " ગુણ અને પયાયવાળો દ્રવ્ય છે " એવી દ્રવ્યની વ્યાખ્યા હોવાથી ગુણ અને પર્યાયનું જ્ઞાન થતાં દ્રવ્યનું જ્ઞાન થાય છે. ત-

સ્વજ્ઞાન પામવાનો, વસ્તુનું યથાર્થ સ્વરૂપ જાણવાનો આ સિવાય બીજો એક પણ માર્ગ નથી, આ રીતે દરેક વસ્તુનું તત્ત્વ સંપૂર્ણપણે સમજાય છે. માટે ગુણ અને પર્યાયનું સ્વરૂપ વિચારી દરેક દ્રવ્યના ગુણ અને પર્યાય જેથી જણાય તેવી રીતે પ્રયત્ન કરવો.

अवतरणम्—एतत्सर्वकथनस्य फलमाह आदेयमिति

श्लोकः

आदेयं जीवद्रव्यं स्वं ज्ञानचारित्रलक्षणम् ॥
कालादिपञ्चकाद्भिन्नः सोऽहं चिन्मयचेतनः ॥१४॥

टीका—पौद्गलिककर्मवर्गणा परकीया तदपेक्षया जीवद्रव्यं स्वं स्वकीयमादेयम् (अयंभावः) वातपित्तकफात्मके शरीरे वातस्य प्रधानत्वात् । उक्तं च चरके (पित्तं पङ्गुकफः पङ्गुः पङ्गवो मलधातवः वायुना यत्र नीयन्ते तत्र गच्छन्ति मेघवत्) प्रधाने च कृतो यत्नः फलवान् भवति अतो भिषजा वायवी चिकित्सा विधातव्या तथा जडचेतनात्मके चेतनस्य प्रधानत्वात् तदा तमन्तरेण नैव मुक्तिं लभते उक्तं च (तमेव विदित्वाऽतिमृत्युमेति नान्यः पन्था विद्यते अयनाय) ननु जीवद्रव्यमदस्यत्वात्कथमादेयमित्यत आह ज्ञानेति ज्ञानचारित्रे लक्षणं यस्य तत् ज्ञानस्याविनाभावित्वाद्दर्शनमपि गृह्यते चारित्रं च सामायिकादि यथाख्यातपर्यन्तं ग्राह्यम् । तथा च रत्नत्रयेण ग्राह्यं जीवद्रव्यम् । व्याप्तिर्व्यवहारो वा लक्षणस्य प्रयोजन-

मिति सिद्धान्तादप्याहलमाह । कालादीति—कालाकाशधर्मा धर्मपुद्गलेभ्यो भिन्नः स आत्मा देहस्थोऽहं । चिन्मयचेतनो—ज्ञानघनमयचेतनो निराकृतपौद्गलिकसम्बन्धत्वात् स्वच्छतापन्न एवाऽहम् । नैते मम नैषामहं किन्तु केवल एकाकी क्षालितकर्मपङ्कः । एतच्चिन्तकस्य मम नैते कामादयः प्रभवन्ति । उक्तं च । यावज्जीवं महाकालं नयेदध्यात्मचिन्तया किंचिदावसरं दद्यात् कामादीनां मनागपि ॥ १४ ॥

અવતરણ—જ્યાં સુધી જ્ઞાન પ્રમાણે આચરણ ન થાય, ત્યાં સુધી ભણવાથી કાંઇ પણ લાભ નથી. વળી દરેક વસ્તુ જાણ્યા પછી તે હેય છે કે આદેય છે (ગ્રહણ કરવા યોગ્ય છે કે ત્યાગ કરવા યોગ્ય છે,) તેનો વિચાર કરવો જોઇએ, એવી શાસ્ત્ર મર્યાદા છે, તો આપણે અત્યાર સુધી જે વિચારી ગયા તેમાંથી શું ગ્રહણ કરવું અને શું ત્યાગવું તે વિચારવું આવશ્યક છે તેજ વિચારને હૃદયમાં રાખી ગ્રન્થકાર લખે છે કેઃ—

અર્થ—જ્ઞાન અને ચારિત્રના લક્ષણવાળો જીવ દ્રવ્ય ગ્રહણ કરવો યોગ્ય છે તે જીવ કાળાદિ પાંચ દ્રવ્યથી ભિન્ન છે, અને જ્ઞાનમય ચેતન સોઽહં રૂપે પ્રસિદ્ધ છે. ॥૧૪॥

ભાવાર્થ—આપણે પ્રથમ વિચારી ગયા કે આ લોકાલોકમાં ષડ્દ્રવ્ય છે; તેમાંથી ગ્રન્થકાર બતાવે છે કે જીવ દ્રવ્ય ગ્રહણ કરવા યોગ્ય છે. કારણ કે જીવ દ્રવ્ય એજ પોતાનું ખરૂં સ્વરૂપ છે. તે જાણ્યા પછી આ જગતમાં

જાણવા યોગ્ય બીજું કાંઈ રહેતું નથી; જૈન શાસ્ત્રકાર દે-
વચંદજી કહે છે કે

નિજરૂપા નિજ વસ્તુ છે, પરરૂપા પરવસ્ત,
જેણે જાણ્યો પેચ એ તેણે જાણ્યું સમસ્ત.

આત્મા એજ પોતાની વસ્તુ છે, અને તે સિવાયની અન્ય સર્વ પર છે, પારકી છે, એવો સાર જેણે જાણ્યો-હૃદયથી અનુભવ્યો-તેણે આ જગતમાં જાણવા યોગ્ય સર્વ પદાર્થોનું જ્ઞાન પ્રાપ્ત કર્યું છે, એમ સમજવું. હવે તે જીવ દ્રવ્યને શી રીતે જાણવો, તેને વાસ્તે ગ્રંથકાર તેનું લક્ષણ જણાવે છે. જ્ઞાન ચારિત્ર રૂપ લક્ષણવાળો હોય તે જીવ જાણવો જ્ઞાન રૂપ વિશેષ ઉપયોગનું ગ્રહણ કર્યાથી દર્શનરૂપ સામાન્ય ઉપયોગનું પણ કહ્યા વિના ગ્રહણ થઇ શકે છે. માટે જ્ઞાન દર્શન અને ચારિત્ર એ ત્રણ લક્ષણ જેને હોય તેને જીવ તરીકે ઓળખવો. કોઇ પણ વસ્તુનો સામાન્ય બોધ થાય તે દર્શન, તે વસ્તુનો વિશેષ બોધ થાય તે જ્ઞાન; આ રીતે સામાન્યપણે અને વિશેષપણે જાણવાની શક્તિ વાળા દ્રવ્યને જીવદ્રવ્ય કહેવામાં આવે છે. વળી પોતાના સ્વભાવમાં રમણતા સ્થિરતા કરવાની પણ તેનામાં શક્તિ છે. માટે તે ચારિત્રવાન્ કહેવામાં આવે છે. એ પ્રમાણે વિચારતાં જણાય છે કે જ્ઞાનદર્શન અને ચારિત્ર એ ત્રણ ગુણ જે તત્વમાં હોય તે તત્વને જીવ તરીકે જાણવું. વ્યાખ્યાઓ બે પ્રકારની આપવામાં છે. વસ્તુનું સ્વરૂપ બતાવનારી એક પ્રકારની વ્યાખ્યા છે. બીજા પ્રકારની વ્યાખ્યા તેને બીજી વસ્તુઓથી જુદા પાડનારા

તેના ધર્મ પ્રતિ પાલન કરે છે આપણે પ્રથમ તેનું સ્વરૂપ બતાવનારી વ્યાખ્યા તપાસી ગયા, હવે બીજી રીતે વ્યાખ્યા તપાસીએ તેઃ આપણને જણાય છે કે આત્મા બીજા પાંચે દ્રવ્યથી ભિન્ન છે, કાળ આકાશ. પુદ્ગલ, ધર્મ અને અધર્મથી આત્મા તદન ભિન્ન છે. એક દ્રવ્યમાં બીજા દ્રવ્યરૂપે પરિણામ પામવાની સત્તા નહિ હોવાથી, જીવ દ્રવ્યના ધર્મ અને ગુણ બીજા પાંચ દ્રવ્યમાં મળી શકે નહિ એ સ્વાભાવિક છે આત્મા સ્વભાવે જ્ઞાન ઘન છે. સર્વ વસ્તુઓના જ્ઞાતારૂપે આત્મા પ્રસિદ્ધ છે; પણ એ વસ્તુઓ પોતાની નથી, તેને પોતાની માની પોતે અજ્ઞાનતાથી પુદ્ગલભાવમાં રાચે છે, અને તેથી તે પૌદ્ગલિકભાવો સાથે કર્મબંધથી લેપાય છે, અને તે કર્મબંધનથી પોતાનું સ્વરૂપ વિશેષ વિશેષ ભૂલતો જાય છે. જ્યારે આ "પુદ્ગલ ભાવો તે હું નથી" એવું યથાર્થ ભાન આત્માને થશે, ત્યારે કર્મ મળ સમયે તે દુરી કરશે, અને આત્મા જે નિશ્ચયનયથી શુદ્ધ બુદ્ધ મુક્ત સ્વભાવનો છે, તે પોતાનું સ્વરૂપ યથાર્થ સમજશે, આવી ભાવના નિરંતર ભાવનારને કદાપિ પણ પુદ્ગલ ભાવો અસર કરી શકતા શકતા નથી.

કહ્યું છે કે.

यावज्जीवं सदाकालं नयेदध्यात्मचिन्तया ।
किंचिन्मात्रावसरं दद्यात्कामादीनां मनागपि ॥

આયુષ જ્યાં સુધી જીવે ત્યાં સુધી નિરંતર અધ્યાત્મ ચિંતવનમાં તેણે પોતાનો સમય વ્યતીત કરવો એ-

ઇએ; અને કામાદિ વિષયોને જરા માત્ર પણ પોતાના હૃદયમાં અવકાશ આપવો નહિ. આમ કરવાથી દેહાધ્યાસ છુટી જશે, પરપુદ્‌ગલ ઉપરનો મમત્વભાવ દૂર જશે, અને પોતાનું ખરૂં સ્વરૂપ આત્માના જાણવામાં આવશે.

अवतरणम्—चिन्मयमात्मस्वरूपमुक्त्वाऽनादिकालाशुद्धपारिणत्यात्मसश्लिष्टकर्माष्टकपुद्गलस्कंधेभ्यो भिन्न आत्मा अत एव कर्मरूपपुद्गलस्कंधत्यागविवेकमाह ।

श्लोकः

पुद्गलस्कंधरूपं यत् कर्म त्याज्यं विवेकिभिः ॥
येन चेतनरूपोऽपि पुद्गल इव दृश्यते ॥ १५ ॥

अनन्तपुद्गलवर्गस्कंधरूपं क्षीरनीरवदात्मसश्लिष्टं द्रव्यकर्म हेयज्ञेयोपादेयदृष्टिपूर्णद्विविवेकिभिस्त्याज्यं ज्ञानध्यानबलेनेति येन कर्मरूपपुद्गलसंबंधेन चेतनरूप आत्मा पुद्गल इव दृश्यते यो यस्य संसर्गी स तादृशः ॥ अत एव द्रव्यकर्मकारणरागद्वेषरूपं भाव कर्म दरतः परिहार्यम् ॥ १५ ॥

અવતરણ—આપણે ગયા શ્લોકમાં આત્માનું સ્વરૂપ વિચારી ગયા. આત્મા સ્વભાવે કેવો ચેતન જ્ઞાનમય છે, તે પણ તપાસી ગયા; પણ જે કર્મ મળથી આત્માનું સ્વરૂપ આચ્છાદિત થઇ ગયું છે, તે કર્મમળનું સ્વરૂપ કેવું છે તે જ્યાં સુધી આપણા જાણવામાં ન આવે, ત્યાં સુધી તેનાથી આપણે મુક્ત થઇ શકીએ નહિ. માટે ગ્રન્થકાર હવે કર્મનું સ્વરૂપ જણાવે છે.

અર્થ—વિવેકી પુરૂષોએ પુદ્ગલ સ્કન્ધરૂપ કર્મનો ત્યાગ કરવો જોઈએ. કારણ કે તે કર્મવડે આત્મા ચૈતન્ય રૂપ હોવા છતાં પણ પુદ્ગલ જેવો દેખાય છે.

ભાવાર્થ—આત્મા સ્વભાવે શુદ્ધ અને નિર્મળ છે, પણ કર્મથી બંધાયેલો હોવાથી તેનું સ્વરૂપ બરાબર આપણા કળ્યામાં આવતું નથી. તે કર્મ પુદ્ગલના સ્કંધરૂપ છે. આત્મા સમયે સમયે પુદ્ગલ સ્કંધો ગ્રહણ કરે છે. જુનાં કર્મ ભોગવ્યાથી ખરે છે, અને નવાં કર્મ બંધાય છે, આ રીતે કર્મનો પ્રવાહ ચાલ્યાજ કરે છે જ્યાં સુધી માણસને આત્મસ્વરૂપ સમજાયું નથી, અને જ્યાં સુધી તે જગતના પૌદ્ગલિક પદાર્થો પ્રતિ રાગદ્વેષ રાખે છે, ત્યાં સુધી તે અજ્ઞાનતાને લીધે કરેલા કાર્યથી દરેક ક્ષણે નવું કર્મ ઉપાર્જન કરે છે. ક્ષીર અને નીરના સંયોગ પ્રમાણે કર્મ સમૂહ આત્મા સાથે મળી ગયેલું છે. તે કર્મના આઠ પ્રકાર છે; તેનું વિશેષ વર્ણન તેના ભેદો સાથે જૈન ગ્રંથોમાં વર્ણવેલું છે, અત્રે તો તેનાં નામ અને તેનું સામાન્ય સ્વરૂપ વર્ણવી ચલાવીશું. પ્રથમ બે જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મ આત્માના જ્ઞાન અને દર્શન રૂપ બે સ્વરૂપને આચ્છાદિત કરે છે, અને તેથી આત્મ જ્ઞાન થતું નથી; અને તત્વો પર સંપૂર્ણ શ્રદ્ધા થતી નથી. મોહનીય કર્મ મોહ ઉત્પન્ન કરે છે, અને રાગ અને દ્વેષથી ઉત્પન્ન થાય છે. વેદનીય કર્મને લીધે સુખ અને દુઃખ મળે છે. આયુષ્ય કર્મ અમુક ગતિમાં અમુક શરીરમાં અમુક કાલ પર્યંત રહેવું પડશે તેની હદ બાંધે છે.

નામ કર્મથી તેનું શરીર અને તેની સઘળી ઉપાધિ ઉત્પન્ન થાય છે, અને ગોત્ર કર્મથી ઉચ્ચ કુળ અને નીચ કુળ નક્કી થાય છે; અને અન્તરાય કર્મ આત્માની શક્તિઓ અને સદ્ગુણો તેમજ બાહ્ય સાધનોની પ્રાપ્તિમાં વિઘ્નરૂપ થાય છે. આ બધાં કર્મ અમુક નિયમિત વખત સુધી ચાલે છે, તેટલા વખતમાં તે કર્મ ભોગવાઈ જાય છે. આ કર્મને લીધે આત્મ સ્વરૂપ યથાર્થ જાણવામાં આવતું નથી. માટે તે કર્મનો બંધ ન થાય, અને થયેલાં કર્મનો નાશ થાય તેવા પ્રકારની પ્રવૃત્તિ કરવી. પૂર્વે ઉપાર્જન કરેલાં કર્મનો નાશ કરવાના માર્ગને નિર્જરા કહે છે, અને જેથી નવાં બંધાતાં કર્મ અટકે તેને સંવર કહે છે. સંવર અને નિર્જરા દ્વારા નવા બંધાતા અને બંધાયેલાં સર્વ કર્મનો ત્યાગ કરવા વિવેકી પુરૂષોએ પ્રયત્ન કરવો. કારણ કે જો કર્મનો ત્યાગ કરવામાં ન આવે તો આત્મા પોતાનું સ્વરૂપ આચ્છાદિત થવાથી પુદ્ગલ જેવો દેખાય છે. જે જેના સંબંધમાં નિરંતર રહે તે તેના જેવો થાય છે, એવો નિયમ હોવાથી અને આત્મા કર્મને લીધે પુદ્ગલના સંબંધમાં વારંવાર વસતો હોવાથી તે પુદ્ગલરૂપ ભાસે છે. જ્ઞાનાવરણીકર્મના ઉદયથી માણસ એટલો બધો અજ્ઞાની થાય છે કે પંચ દ્રવ્ય કરતાં પોતાનું ભિન્ન પણું ભુલી જાય છે, અને દેહ તે હું છું એવો દેહાધ્યાસ થાય છે. અને તેથી પોતે દેહ રૂપ હોય એવું આચરણ પણ કરે છે. દેહને રોગ થતાં પોતાને રોગ થયો છે, એવો ભાવ તેને થાય છે, અને તેથી તે દુઃખી થાય છે.

આ સર્વનું કારણ દેહાધ્યાસ છે. અને દેહાધ્યાસનું કારણ જ્ઞાનાવરણીય કર્મને લીધે ઉત્પન્ન થતું અજ્ઞાન છે. માટે કર્મનો ત્યાગ કરવા શાસ્ત્રમાં બતાવેલા માર્ગ પ્રમાણે બુદ્ધિશાળીઓએ અહોનિશ પ્રયત્ન કરવો, એવો ગ્રન્થકર્તાના કહેવાનો આશય સમજાય છે.

अवतरणम् । व्यवहारपरम्पराच्छादनामहं कृशोऽहं स्थूल इत्यादिबुद्ध्या देहे चेतनमध्यासीनानां जीवानामात्मनि बुद्ध्यु-पायमाह । *अनाद्यनन्तजीवस्येति ।*

श्लोकः

अनाद्यनन्तजीवस्य,शुद्धा स्वाभाविकी स्थितिः॥
कर्मणा परिणामित्वमात्मनो व्यवहारतः ॥१६॥

टीका–नादिर्यस्य नाऽन्तो यस्य सजीव स्तस्याऽनाद्यनन्तजीवस्य निश्चयनयापेक्षया स्वभावसिद्धा स्थितिः शुद्धाऽजीवसम्पर्करहिता । व्यवहारनयापेक्षया कर्मणाऽऽत्मनः परिणामित्वम् । द्रव्यार्थिकनयो निश्चयनयः पर्यायार्थिकनयो व्यवहारनय इति साम्प्रदायिकाः । अयंभावः । स्वच्छोऽपि स्फटिकमणिर्जपाकुसुमसमभिव्याहारेण रक्तः प्रतिभाति तं रक्तिमानं मिथ्याजानतः पुंसो न विस्मयो भवति तद्वदात्मनः पौद्गलिककर्म सम्पर्काद् रागद्वेषादिमत्ता प्रतिभाति । तं रा-

गादिमत्तां मिथ्याज्ञानम् आत्मारामस्य अत्र नास्तिकर्तृतेति परमार्थः ॥ ७६ ॥

અવતરણ—આત્મા અને કર્મને કેવો સંબંધ છે, અને કર્મને લીધે ઉત્પન્ન થતી સ્થિતિ આત્માને કેવી રીતે વ્યવહારમાં આરોપિત કરવામાં આવે છે, તે બાબત ગ્રન્થકાર હવે સ્પષ્ટ રીતે દર્શાવે છે.

અર્થ—અનાદ્યનન્ત જીવની સ્વાભાવિક સ્થિતિ શુદ્ધ છે, પણ વ્યવહાર નયની અપેક્ષાએ કર્મને લીધે આત્માનું પરપરિણામપણું કહેવામાં આવે છે.

ભાવાર્થ—જીવ અનાદિ અનન્ત છે. જીવની ઉત્પત્તિ તેમજ અંત નથી. જેની ઉત્પત્તિ હોય તેનો અંત પણ હોય, પણ જીવ અનાદિ હોવાથી તે અનન્ત છે. તે કદાપિ મરતો નથી, તે અમર છે. એવા જીવની સ્વાભાવિક સ્થિતિ શુદ્ધ છે. શુદ્ધ નિશ્ચયનયથી આત્મા નિરંતર શુદ્ધ છે. ત્રણે કાળમાં આત્મા પવિત્ર, મુક્ત, શુદ્ધ, બુદ્ધ છે, જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ તેનાં ત્રણ સ્વરૂપ છે. બીજી રીતે શબ્દોમાં કહીએ તો સત્, ચિત્, અને આનંદ એ આત્માનાં ત્રણ સ્વરૂપ છે. એ ત્રણ સ્વરૂપવાળો આત્મા નિર્મળ છે, પણ કર્મને લીધે તે અશુદ્ધ બને છે. દાખલા તરીકે સ્ફટિક મણિ સ્વભાવે નિર્મળ છે. પણ જો તેની નીચે જાસુદનું પુષ્પ મુકવામાં આવે તો તે પુષ્પની રક્તાશને લીધે તે મણિ પણ લાલ દેખાય છે; તેમ આત્મા પણ સ્વભાવે શુદ્ધ છે,

પણ કર્મના સંબંધથી તે અશુદ્ધ તરીકે ઓળખાય છે, આ અશુદ્ધતા તે આત્માની વિભાવિક દશા છે. અને પુદ્ગલ કર્મના સંબંધથી આત્મા રાગદ્વેષમય ભાસે છે. એ તે રાગદ્વેષને આત્મા અમત્ય જાણે, અને રાગદ્વેષ આત્માને વસ્તુતઃ અસર કરી શકનાર નથી એમ અનુભવે, તો રાગદ્વેષ તેને અસર કરી શકતા નથી. જો રાગદ્વેષને પોતાના માને તોજ તેઓ તેને અસર કરી શકે. પણ રાગદ્વેષ તે આત્માના નહિ પણ પુદ્ગલિક કર્મના આવિર્ભાવ છે, અને પુદ્ગલિક કર્મ તે હું નથી, એવું જે વિચારે તે રાગદ્વેષથી લેપાતો નથી રાગદ્વેષ તેવા આત્મા અને જડ વસ્તુનો ભેદ જાણનારપર પોતાની સત્તા કબુલ કરાવી શકતા નથી. રાગદ્વેષ તે નિત્ય નહિ પણ ક્ષણિક છે, કારણ કે તે આત્માના ગુણ નહિ પણ અશુદ્ધ પર્યાયો છે. પર્યાયો ઉપર જણાવી ગયા પ્રમાણે ક્ષણિક છે, અને સમયે સમયે બદલાય છે. માટે આત્માના કર્મ સંબંધને લીધે ઉત્પન્ન થના રાગદ્વેષને આત્માના નહિ માનતા આત્માના વિભાવિક પર્યાયો જાણવા જોઇએ. સમુદ્રમાં ગમે તેટલા કલ્લોલો ઉત્પન્ન થાય, પણ ખડક ઉપર ઉભેલાને તે અસર કરી શકતા નથી. આત્મા ઉપર સ્થિર ચિત્ત રાખી, આત્માનેજ હું એવું ભાન ધરાવનારને તે વિકારો જરા પણ અસર કરી શકે નહિ. આ સર્વ નિશ્ચય પ્રમાણે લખાણ થાય છે, એ વાચક વર્ગે ક્ષણ વાર પણ વિસરવું નહિ.

अवतरणम्—शुद्धेऽपि आत्मनि शुद्धनयेन परिणामित्व मुपपद्यते इत्याह न्वास्मिन्निति ॥

द्रेमयां मिथ्याज्ञानत आत्मारामस्य तत्र नास्तिकर्मवर्ती
ार्थः ॥ १६ ॥

અવતરણ—આત્મા અને કર્મને કેવો સંબંધ છે,
ને કર્મને લીધે ઉત્પન્ન થતી સ્થિતિ આત્માને કેવી રીતે
વહારમાં આરોપિત કરવામાં આવે છે, તે બાબત ગ્રન્થ
ર હવે સ્પષ્ટ રીતે દર્શાવે છે.

અર્થ—અનાદ્યનન્ત જીવની સ્વાભાવિક સ્થિતિ શુદ્ધ
પણ વ્યવહાર નયની અપેક્ષાએ કર્મને લીધે આત્માનું
રૂપરિણામપણું કહેવામાં આવે છે.

ભાવાર્થ—જીવ અનાદિ અનન્ત છે. જીવની ઉત્પ-
તેમજ અંત નથી. જેની ઉત્પત્તિ હોય તેનો અંત
ણ હોય, પણ જીવ અનાદિ હોવાથી તે અનન્ત છે. તે
ાપિ મરતો નથી, તે અમર છે. એવા જીવની સ્વાભાવિક
થતિ શુદ્ધ છે. શુદ્ધ નિશ્ચયનયથી આત્મા 'નિરંતર શુદ્ધ
ત્રણે કાળમાં આત્મા પવિત્ર, મુક્ત, શુદ્ધ, બુદ્ધ છે, જ્ઞા-
દર્શન અને ચારિત્ર એ તેનાં ત્રણ સ્વરૂપ છે. બીજી રીતે
બ્દોમાં કહીએ તો સત્, ચિત્, અને આનંદ એ આ-
ાનાં ત્રણ સ્વરૂપ છે. એ ત્રણ સ્વરૂપવાળો આત્મા નિર્મળ
પણ કર્મને લીધે તે અશુદ્ધ બને છે. દાખલા તરીકે
ટિક મણિ સ્વભાવે નિર્મળ છે. પણ જો તેની નીચે જાસુદનું
પ મુકવામાં આવે તો તે પુષ્પની રક્તાશને લીધે તે મણિ
ણ લાલ દેખાય છે; તેમ આત્મા પણ સ્વભાવે શુદ્ધ છે,

કહેવામાં આવે છે. આ ચારિત્રના બે પ્રકાર શાસ્ત્રમાં વર્ણવેલા છે, દ્રવ્યથી ચારિત્ર અને ભાવથી ચારિત્ર. શ્રાવકના પાંચ અનુવ્રત ગ્રહણ કરવાં અથવા બાર વ્રત ધારણ કરવા, અથવા સાધુના પંચ મહાવ્રત ધારવાં, અને તદનુસાર યતિવેષનું ગ્રહણ કરવું તે સર્વ દ્રવ્ય ચારિત્ર ગણવામાં આવે છે. અને આત્મ સ્વરૂપની રમણતાને ભાવ ચારિત્ર સમજવું. ભાવ ચારિત્ર પામવું એ કામ સુલભ નથી; પણ દ્રવ્ય ચારિત્ર તે ભાવ ચારિત્રનું કારણ છે. ભાવ ચારિત્ર પ્રાપ્ત કરવાને દ્રવ્ય ચારિત્ર જેવું ઉત્તમ સાધન બીજું એક પણ નથી; પણ કેવળ દ્રવ્ય ચારિત્રથી ભાવ વિના મુક્તિ પમાય, એમ કહી શકાય નહિ. ભાવ એ સર્વમાં ઉત્તમ છે. દાન, શીળ, અને તપ પણ ભાવથીજ શોભે છે. ઉપદેશ તરંગિણીમાં કહ્યું છે કેઃ—

दानं तपस्तथा शीलं नृणां भावेन वर्जितम् ॥
अर्थहानिः क्षुधापीडा कायक्लेशश्च केवलम् ॥ १ ॥

અર્થ—દાન, તપ અને શીળ ભાવથીજ શોભે છે, પણ જો ભાવ વિના કરવામાં આવ્યા હોય તો દાનથી કેવલ ધન હાનિ થાય છે, તપથી ભુખની પીડા થાય છે, અને શીળ પાળવાથી કેવળ કાયકલેશ થાય છે. આ ઉપરથી કહેવાનો ભાવાર્થ એમ નથી કે દ્રવ્યથી આ સર્વ કામ ન કરવાં, પણ ભાવ વિના કરવામાં આવે તો વિશેષ લાભકારી થતાં નથી, માટે ભાવ સહિત દ્રવ્ય ચારિત્ર પાળવું જોઈએ. યશોવિજય ઉપાધ્યાયજી લખે છે કેઃ—

તેને શુદ્ધ નિશ્ચયનય ચારિત્ર કહે છે; અને તે અનંત ગુણના આધારરૂપ આત્માના અસંખ્ય પ્રદેશને શુદ્ધ નિશ્ચયનય ચારિત્ર સ્થાપનાનું નામ અપાય છે. રજોહરણ મુખવસ્ત્રિકા, પંચ મહાવ્રત પાલન, વગેરેને વ્યવહારનય ચારિત્ર કહે છે, તે સંબંધીની સ્થાપનાને વ્યવહારનય ચારિત્ર સ્થાપનાનું નામ અપાય છે. આ સંબંધી વિશેષ ખુલાસો ગુરૂગમથી મેળવવો.

अवतरणम्—चारित्रान्तरं भाव्यमानामवस्थामाह आत्मीयेति।

श्लोकः

आत्मीयध्यानधाराभिर्धौतकर्मरजःकणः।
आत्मनः स्वच्छतां लब्ध्वा भुंक्तेऽनन्तं सुखं सदा

टीका–पार्थिवरजांसि निर्मलजलैः क्षालयन्ति लोकाः कर्मरजःक्षालनोपायस्तु स्वात्मध्यानधारा एव क्षालितकर्ममलपङ्के सति आत्मन्यनन्तं सुखं सदा भुंक्ते। उक्तं च महाभारते (आत्मा नदी संयमतोयपूर्णा सत्यावहा ज्ञानतटा दयोर्मिः।तत्राभिषेकं कुरु पाण्डुपुत्र न वारिणा शुध्यति चान्तरात्मा ॥ १९ ॥

અવતરણ—દ્રવ્ય અને ભાવ ચારિત્રથી આત્મધ્યાન થાય છે, અને આત્મધ્યાનથી કેવી અવસ્થા થાય છે, તે હવે ગ્રન્થકાર દર્શાવે છે:—

અર્થ—આત્મધ્યાનની ધારાથી જેના કર્મરૂપી રજકણો ધોવાઈ ગયા છે, તે માણસ આત્માની સ્વચ્છતા મેળવીને સદા અનન્ત સુખ ભોગવે છે.

ભાવાર્થ—મનુષ્યો પોતાના શરીરને લાગેલી ધુળ દૂર કરવાને જળનો ઉપયોગ કરે છે. તેજ પ્રમાણે આત્માને લાગેલી કર્મરજ દૂર કરવાનો ઉપાય આત્મધ્યાનની ધારા છે જ્યારે મનુષ્ય આત્મધ્યાન કરે છે, એટલે આત્માનુ ચિંતવન કરે છે; ત્યારે બાહ્ય પદાર્થોમાં તેનું મન લુબ્ધ થતું નથી. મનનો એવો સ્વભાવ છે કે એકજ વખતે તે એકજ બાબતનો ઉપયોગ રાખી શકે, અથવા એકજ બાબતનું ધ્યાન કરી શકે; આ રીતે વિચારતાં જ્યારે મન આત્મધ્યાનમાં રોકાય છે, ત્યારે બાહ્ય પદાર્થોમાં તે દોરાતું નથી. બાહ્ય પદાર્થોમાં જ્યારે તે દોરવાતું નથી, ત્યારે કર્મબંધ થતો નથી, અને તેજ વખતે પૂર્વકર્મ ખરવા માંડે છે. આ પ્રમાણે આત્મસ્વરૂપનું ચિંતવન કરવામાં મનને મશગુલ કરતાં, ધીમે ધીમે કર્મ રજકણો ખરી પડે છે. નવાં કર્મ બંધાય નહિ, અને જુનાં કર્મ આ રીતે ખરી પડે તો કર્મથી આત્મા મુક્ત થાય છે, અને આત્મા નિર્મલ થાય છે, તેની સ્વાભાવિક સ્વસ્થતા પ્રાપ્ત કરે છે, અને આત્મા પોતાનામાં રહેલું અનંત સુખ ભોગવે છે. આત્મા સામાન્ય જળથી શુદ્ધ પામતો નથી, પણ સમતારૂપી જળથી પવિત્ર થાય છે. મહાભારતમાં કહ્યું છે કે.

आत्मा नदी संयमतोयपूर्णा सत्यावहा शीलतटा दयोर्मिः

तत्राभिषेकं कुरु पाण्डुपुत्र न वारिणा शुध्यति चान्तरात्मा

અર્થ—આત્મા રૂપી નદી સંયમ રૂપી જળથી ભરેલી છે, સત્યને વહન કરનાર છે, તે નદીને જ્ઞાન રૂપી કિનારા છે, અને દયા રૂપી ઉર્મિ (કલ્લોલ) છે. હે અર્જુન તેમાં અભિષેક કર, આત્મા જળથી કદાપિ શુદ્ધ થતો નથી. બાહ્ય સ્નાનથી તો શરીર શુદ્ધ થાય છે, પણ બાહ્ય સ્નાન કરતી વખતે દરેક પુરૂષે એવી ભાવના રાખવી કે આત્માની સાથે લાગેલી અશુદ્ધતા પણ દૂર થાય. માણસ જેવી ભાવના રાખે છે, તેવો તે થાય છે, એવો નિયમ હોવાથી ભાવના શુદ્ધ અને ઉચ્ચ પ્રકારની રાખવી. આત્માને પવિત્ર અને શુદ્ધ કરવાની ભાવના રાખવાથી સ્વયમેવ કર્મ રજ ક્ષેણે ખરશે, અને આત્મા પોતાનું નિર્મળ સ્વરૂપ પ્રાપ્ત કરી શકશે.

अवतरणम्—चारित्रपुष्टि विधानार्थमात्मपरमात्मनोरभेदध्यानमाह ॥ आत्मेति

श्लोकः

आत्मैव परमात्मेति प्रज्ञाऽऽस्रवनिरोधिनी ॥
भावनीया मुमुक्षूणां । प्रमादत्यागपूर्वकम् ॥२०॥

टीका—नायं ममात्मा परिग्रहादिसम्पर्को नैते दुःखादय आत्मपरिणामाः किन्तु विभावजा नैव च मोजनाच्छादनपूर्व

परमात्म रूप हतो, तेनो साक्षात्कार थाय छे, आत्मा ते परमात्मा छे, आ विचारथी आसत्त्वनो शोध थाय छे, एम आ श्लोकमां कहेवामां आवेलुं छे. ते शब्दोनी सत्यता बतावता हवे प्रयत्न करवामां आवे छे. हुं परमात्मा छुं ए विचारथी देहाध्यास छुटी जाय छे. देह ते हुं छुं ए विचार राखवो ते देहाध्यास कहेवाय छे, जगतमां जे जे कुकर्म थाय छे, ते मुख्यत्वे आ देहाध्यासथी थाय छे. देहने पोषवाने अने इन्द्रियोने तृप्त करवाने माणसने अनेक प्रकारना धननी जरूर पडे छे, जेम तृष्णाओ विशेष तेम विशेष धननी जरूर होय छे. न्यायथी माणस एकदम विशेष धन प्राप्त करी शके नहि, माटे मनुष्यो कुकर्म अने अनाचार अथवा अन्यायी कार्य करवा दोराय छे, तेथी आसत्र थाय छे. माटे देहाध्यास एज सर्व अनर्थनुं मूळ छे. एक ग्रंथमां कह्युं छे के:---

देहात्मबुद्धिजं पापं न तद्गोवधकोटिभिः ।
आत्माहं बुद्धिजं पुण्यं न भूतं न भविष्यति

देह तेज आत्मा छे, एवी बुद्धिथी, एवा विचारथी उत्पन्न थतुं पाप करोड गोवध करतां पण विशेष छे; अने आत्म तेज हुं छुं एवा विचारथी उत्पन्न थतुं पुण्य भूतकाळमां थयुं नथी अने भविष्यमां थशे नहि. कहेवानो भावार्थ ए छे के ते पुण्य अद्वितीय छे, जेना धन भाग्य होय तेने गुरुकृपाथी एवा ज्ञाननी प्राप्ति थाय माटे मुमुक्षुओए-मोक्ष मेळववानी इच्छावाळा पुरुषोए सर्वदा ते भावना भाववी. ते बाबतमां जरा पण प्रमाद करवो नहि. प्रमादथी जेटले

અવતરણ—આત્મા તેજ પરમાત્મા છે, એવી ભાવનાની પ્રતીતિ સદ્દગુરૂની કૃપા વિના થઇ શકતી નથી. માટે કેવા ભાવથી ગુરૂપાસેથી જ્ઞાન પ્રાપ્ત કરવું, તે હવે ગ્રન્થકાર દર્શાવે છે.

અર્થ—આત્મધર્મનો ઉપદેશ આપનારા, સારા વ્રતવાળા મુનિયોને માનવામાં આવે છે, તેમને મહા ભક્તિસહિત પ્રણામ કરીને સુશિષ્યોએ ધર્મ સંભળવો.

ભાવાર્થ—આત્મધર્મ એટલે આત્માના ગુણ જાણવા તે જ્ઞાન દર્શન અને ચારિત્ર છે. તેનો બોધ આપનારા, અને જ્ઞાન પ્રમાણે આચરણ રાખનારા એવા મુનિયો ધર્મોપદેશને લાયક છે. જે મુનિયો પોતે ઉપદેશ આપે, પણ પોતાના જ્ઞાન પ્રમાણે વ્રત-ચારિત્ર પાળે નહિ, તે ઉપદેશ આપવાને લાયક અધિકારી નથી. ભલે તેઓ પોતાની જ્ઞાન શક્તિવડે બીજાને પ્રતિબોધ આપે, પણ જ્યાં સુધી તેમના વિચાર પ્રમાણે આચાર નથી, ત્યાં સુધી તે બોધની અસર શ્રોતા વર્ગ ઉપર બહુજ થોડા પ્રમાણમાં થાય છે. માટે જ્ઞાનની સાથે ઉપદેશકમાં સુવ્રતની જરૂર છે, એ એક ક્ષણવાર પણ વિસરવું નહિ. ગુરૂના ગુણ દર્શાવ્યા પછી શિષ્યનું શું કર્તવ્ય છે, તેપર લખતાં ગ્રન્થકાર જણાવે છે કે, શિષ્ય ગુરૂ તરફ ભક્તિવાળા જોઇએ. જ્યાં સુધી શિષ્યમાં વિનય નથી, ગુરૂ પ્રત્યે બહુ માન નથી, ત્યાં સુધી તે માણસ ઉપદેશ પ્રાપ્ત કરવાને યોગ્ય નથી. શ્રેણિક રાજા અને ચાંડાલનું દૃષ્ટાન્ત જૈન આગમને પરિચિત હોવાથી,

તેનું માત્ર અત્ર સ્મરણ કરાવવામાં આવે છે. સામાન્ય વિદ્યા પણ વિનય શિવાય-ગુરૂભક્તિ શિવાય—પ્રાપ્ત થતી નથી, તો પછી આત્મજ્ઞાન જેવો ગહન વિષય ગુરૂભક્તિ વિના શી રીતે પ્રાપ્ત થઇ શકે?

આ જગતમાં પરાપૂર્વથી જ્ઞાન પ્રાપ્ત કરવાના ત્રણ માર્ગ ગણવામાં આવેલા છે; ધન, વિદ્યા અને ગુરૂપાદશુશ્રુષા ધનથી વિદ્યા પ્રાપ્ત કરવી એ વિદ્યા મેળવવાનો કનિષ્ઠ માર્ગ છે. વિદ્યા આપી વિદ્યા પ્રાપ્ત કરવી એ મધ્યમ માર્ગ છે, પણ ગુરૂના ચરણ કમળની સેવા કરી ગુરૂકૃપા દ્વારા ગુરૂના આશીર્વાદ દ્વારા જ્ઞાન મેળવવું તે વિદ્યાનો ઉત્તમ માર્ગ છે. માટે જ અત્રે કહેવામાં આવ્યું છે કે ગુરૂની અત્યંત ભક્તિ પૂર્વક ઉપાસના કરવી અને ધર્મનું શ્રવણ કરવું. આ શ્લોકમાં પ્રણામ કરવા અને ભક્તિ કરવી એ બે વિશેષણ મુકવામાં આવ્યા છે, તે જૈન શાસ્ત્રમાં દર્શાવેલ આમ્નાય સમજવાં; વિનયવંતનેજ વિદ્યા આપવી જેમ દૂધ સર્વ પ્રાણી માત્રને હિતકારી છે, પણ સર્પ તે પીએ છે, ત્યારે ઝેર રૂપે ફેરવાઇ જાય છે, તેમ આત્મજ્ઞાન અત્યંત હિતકારી અને મોક્ષમાર્ગ સાધક છતાં કુશિષ્યને આપવામાં આવે તો અનર્થકારી નીવડે છે. તેમાં આત્મ જ્ઞાનનો દોષ નથી. પણ કુશિષ્યરૂપ ખરાબ અધિકારીનો દોષ છે. માટે ગુરૂએ પણ યોગ્ય અધિકારી જોઈ આ આત્મજ્ઞાનનો મહાન્ વિષય શિખવવો, એજ રહસ્યાર્થ છે.

अवतरणम्—सदुपदेशस्तु सद्गुरुशरणमन्तरेण न फल-,

मार्ग भवभ्रमः सद्गुरुः शरणीय इत्याह ॥

श्लोक

सद्गुरुं शरणीकृत्य सुधियः सुपथादराः
मोक्षाभिलाषुकाः शिष्या गच्छन्ति परमं पदम् ॥२२॥

टीका—शोभनः पन्थाः सुपथं तस्मिन्नादरो येषां ते सुपथादराः सुधियः श्रेष्ठबुद्धयः मोक्षमभिलषन्ति तच्छीला मोक्षाभिलाषुकाः शिष्याः सद्गुरुं विषयेच्छारहितं शरणीकृत्य संसाराब्धिनाविकल्पेनाऽऽलम्ब्य परमं पदं गच्छन्ति मुक्तिभाजो भवन्तीत्यर्थः ॥ २२ ॥

અવતરણ—ઉપર જણાવ્યા પ્રમાણે સદ્ગુરુના શરણ વિના સદુપદેશ પણ ફળદાયી થતો નથી, માટે સદ્ગુરુનું શરણ કરવું; એજ બાબત ગ્રન્થકાર ખુલ્લા શબ્દોમાં પ્રતિપાદન કરે છે.

અર્થ—સારી બુદ્ધિવાળા, સુમાર્ગમાં રુચિવાળા, અને મોક્ષની અભિલાષવાળા સુશિષ્યો સદ્ગુરુનું શરણ પામી પરમપદ પ્રાપ્ત કરે છે.

ભાવાર્થ—હવે શિષ્યોના વિશેષ લક્ષણ આ શ્લોકમાં જણાવવામાં આવેલ છે. પરમપદ પ્રાપ્ત કરવું એ કામ સુગમ નથી. તેના અધિકારી થવાને સામાન્ય જનમાં આ

લક્ષ્મ પડતા ગુણો કરતાં વિશેષ ગુણોની જરૂર છે. તે ગુણોમાં મુખ્ય ગુણ નીચે પ્રમાણે છે. પ્રથમ ગુણ એ છે કે તેનામાં સારી બુદ્ધિ હોવી જોઇએ. જ્ઞાન મેળવવામાં સારી બુદ્ધિની અતિશય જરૂર છે. જેનામાં સારાસાર પારખવાની શક્તિ ખીલેલી નથી, જેની તર્કબુદ્ધિ પરિપક્વ થયેલી નથી, અને જે સ્વતંત્ર રીતે વિચાર કરવા સમર્થ નથી, તે જ્ઞાનનું ગંભીર રહસ્ય યથાર્થ સમજી શકે નહિ. બુદ્ધિ પણ એ પ્રકારની શક્તિ છે. તેનો સદુપયોગ તેમજ દુરૂપયોગ પણ થઈ શકે. માટે ખીલેલી બુદ્ધિનો સદુપયોગજ થાય તે માટે શિષ્યમાં બુદ્ધિની સાથે સુમાર્ગ તરફ રૂચિ હોવી જોઇએ. જે માર્ગ બુદ્ધિને રૂચે તેવો લાગે તે માર્ગ તરફ તેણે રૂચિ રાખવી જોઇએ. શુદ્ધ અને સત્ય માર્ગ તરફ તેની વિશેષ રૂચિ થવી જોઇએ. અને તે સાથે આ સંસારમાંથી મુક્ત થવાની મુમુક્ષા તેનામાં ખાસ હોવી જોઇએ. તે મુમુક્ષા વૈરાગ્યથી પ્રાદુર્ભાવ પામે છે. જ્યાં સુધી મનુષ્યમાં અંતરનો વૈરાગ્ય નથી, અને અંતરંગ પ્રમાણે બાહ્ય વૈરાગ્ય પણ શક્તિ પ્રમાણે ગ્રહણ કરતો નથી, ત્યાં સુધી તે માણસમાં ખરૂં મુમુક્ષુત્વ જાગૃત થયું છે. એમ માની શકાય નહિ. જ્યારે આ જગતના માયાવી અને ક્ષણભંગુર પદાર્થોની અનિત્યતા અને અસારતાનો માણસને ઘણે અંશે ખ્યાલ આવે છે, ત્યારેજ તેપરથી તેનું મન ઉઠી જાય છે, અને નિત્યતત્ત્વ જે આત્મા છે, તે શોધવાને, અને ઉપાધિથી મુક્ત થવાને તેના હૃદયમાં સ્વાભાવિક અભિલાષા ઉત્પન્ન થાય છે. તેજ ખરો મુમુક્ષુ કહી શકાય. આવા ગુણવાળો

સુશિષ્ય સદ્ગુરૂનું શરણુ અંગીકાર કરે છે. સદ્ગુરૂનેજ સર્વસ્વ માની તેમની આજ્ઞા પ્રમાણે વર્તે છે, સદ્ગુરૂ પણ શિષ્યની ભક્તિથી સુપ્રસન્ન થાય છે, અને ખરૂં આત્મ સ્વરૂપ શિષ્યને સમજાવે છે; અને આત્મસ્વરૂપનો અનુભવ થતાં સાક્ષાત્કાર થતાં આ જગતમાં પ્રાપ્ત કરવા યોગ્ય બીજી વસ્તુ રહેતી નથી. તેજ પરમપદ છે અને તે પદને તે લાયક થાય છે. આ રીતે સદ્ગુરૂ શરણથી ઉમદા ગુણવાળો શિષ્ય પરમપદ પ્રાપ્ત કરવાને લાયક બને છે.

अवतरणम्-मन्दाधियामेव गुर्वपेक्षा वयन्तु स्वच्छबुद्धित्वात् स्वयमेव कर्त्तव्यं निश्चेष्याम इत्यहङ्कारनिराकरणार्थमाह

श्लोक

मोक्षावाप्तिः कदा किं स्यात्सद्गुरोर्ज्ञानमन्तरा ॥
सनेत्रा नापि पश्यन्ति पदार्थान् भानुमन्तरा॥२३॥

टीका—सद्गुरोर्ज्ञानं विना मोक्षावाप्तिः कदा कस्मिन्नपि समये किं स्यात् ? नैव स्यादित्यर्थस्तदेव समर्थयति सनेत्रा इति चक्षुष्मन्तोऽपि भानुं विना घटादिपदार्थान् नैव पश्यन्ति (गृह्णाति चक्षुः संयोगादालोकोद्भुतरूपयोरि) त्युक्तेः ॥२३॥

અવતરણ—કોઇને કદાચ શંકા ઉત્પન્ન થાય કે મન્દ બુદ્ધિવાળાને ગુરૂની જરૂર હોય, પણ મારી બુદ્ધિ તો નિર્મળ છે, તો ગુરૂ વિના પણ પરમપદ હું પામ

કેરી શકું એવી શંકાના નિરાકરણાર્થે ગુરૂની જરૂર બતાવતા ગ્રંથકાર લખે છે કે—

અર્થ—મોક્ષની પ્રાપ્તિ સદ્ગુરૂના જ્ઞાન વિના કદાપિ શું થઇ શકે ? આંખોવાળા માણસો પણ સૂર્ય વિના જોઇ શકતા નથી,

ભાવાર્થ—ઘણી બાબતો આપણને પ્રથમ દૃષ્ટિએ બહુ સરલ ભાસે છે, પણ તે સમજવાને તેનું યથાર્થ સ્વરૂપ અનુભવવાને આપણને ઘણો શ્રમ પડે છે; તે છતાં પણ કેટલાક એવા બારીક પ્રશ્નો ઉઠે છે કે તેનું સમાધાન પોતાની મેળે થઇ શકતું નથી તે વખતે ગુરૂની જરૂર જણાય છે. ગુરૂ મનના સંશય ટાળી દે છે, અને અનુભવ જ્ઞાન આપે છે. પુસ્તકો પણ મહાન્ પુરૂષના અનુભવના વચનો છે, છતાં પણ જે જીવતો પુરૂષ કાર્ય કરી, શકે તે કાર્ય તે પુસ્તક કદાપિ કરી શકે નહિ. એકલા પુસ્તકથી સરતું હોય તો પછી ગુરૂની ગરજ પણ ન રહે ? પણ વસ્તુ સ્થિતિ વિચારતાં એમ જણાય છે કે ગુરૂગમ વિનાઘણી બાબતો યથાર્થ સમજ્યા વિનાની રહી જાય છે. વળી વૃદ્ધ પરંપરાથી ચાલી આવેલી કેટલીક બાબતો જે પુસ્તકારૂઢ ન થયેલી હોય તે પણ જ્ઞાની ગુરૂના સમાગમથી મેળવી શકાય. વળી જે યોગનો માર્ગ છે, અને જેમાં પ્રાણાયા માદિક ક્રિયા કરવાની છે, તેમાં માણસે એક યોગ્ય ગુરૂને સાથે રાખવોજ જોઇએ. કારણ કે તેમાં આગળ વધવામાં અનુભવાતી અડચણો ગુરૂ વિના દૂર કોણ કરી શકે ? આજ બાબત દાખલાથી ગ્રંથકાર સમર્થન કરે છે.'ચક્ષુવાળા—

મનુષ્યો પદાર્થોને જોવાનું સામર્થ્ય ધરાવે છે; પણ તેને વાસ્તે યોગ્ય અને આવશ્યક નિમિત્ત જોઇએ, તે નિમિત્ત સૂર્યનો પ્રકાશ છે. જો સૂર્યનો પ્રકાશ ના હોય તો ચક્ષુ છતાં પણ મનુષ્યો પદાર્થોને જોઈ શકે નહિ. કદાપિ દીવાના પ્રકાશ વગેરે અલ્પ સાધનો દ્વારા તેઓને પદાર્થનું અલ્પ સ્વરૂપ સમજાય, પણ યથાર્થ સ્વરૂપ જાણવાને તો સૂર્યના પ્રકાશનીજ જરૂર છે. તેવી રીતે પુસ્તકો વગેરે સાધનો દ્વારા જ્ઞાનનું ટુંક સ્વરૂપ કદાચ જાણવામાં આવે ;પણ ખરૂં, પણ વસ્તુતત્વ સમ્યગ રીતે અનુભવવાને માટે તો ગુરૂવિના બીજો અન્ય માર્ગ નથી. ગુરૂ સૂર્ય સમાન છે. ગુરૂને આપણે જે જે ઉપમાઓ આપીએ તે ઓછી ગણાય અને આપણે જેમ તેવા ઉપાયોથી તેમનો ઉપકાર માનવાને પ્રયત્નશીલ થઇએ, પણ ખરી રીતે તેમનો ઉપકાર માની શકાયજ નહિ. કારણ કે જેટલો ઉપકાર ધર્મગુરૂનો માનીએ તેટલો અલ્પ ગણાય. પણ ગરજ સરી એટલે વૈદ્ય વેરી, તેમ જે લોકો કૃતઘ્ની નીવડે છે. તેમના સમાન આ જગતમાં પાપી અને અધમ કોઈ નથી; એક સ્થળે લખેલું છે કે પરણેલા છોકરાઓ જેમ માતાના ગુણ વિસરી જાય છે, તેમ શિષ્યો આચાર્યના ગુણો શિખ્યા પછી ભુલી જાય છે. આ એક મોટી કૃતઘ્નતા છે, માટે તે કૃતઘ્નતાનો ત્યાગ કરી ભક્તિ પૂર્વક ગુરૂ પાસેથી જ્ઞાન મેળવવું.

अवतरणम्—गुरुशरणपूर्वकगुरुज्ञानलाभेऽपि तज्ज्ञाने श्रद्धादिकमन्तरेण न मोक्षं प्रसूत इति तदाह ॥

श्लोकः

श्रद्धावलम्बिनः शिष्याः परोपकृतिसाधकाः ॥
विनेयास्तत्त्वमार्गस्य ज्ञातारः प्रभवन्ति हि ॥२४॥

टीका—श्रद्धावन्तः शिष्याः परोपकृतिसाधकाः परोपकारशीला विनेया नमस्कारादिविनयवन्त एतादृशाः शिष्याः तत्त्वमार्गस्य जैनसिद्धान्तात्मकस्य ज्ञातारश्च सन्तः प्रभवन्ति सुतरां समर्था भवन्ति हीति प्रसिद्धम् ॥ २४ ॥

અવતરણ—ગુરૂનું શરણ લીધું, ગુરૂ પાસેથી જ્ઞાન મેળવ્યું, પણ જો તે શિષ્યમાં શ્રદ્ધા ન હોય તો તે જ્ઞાન તેને વિશેષ લાભકારી થઇ શકે નહિ, માટે શિષ્યમાં શ્રદ્ધાની પણ આવશ્યકતા છે, એજ બાબત પ્રતિપાદન કરતા ગ્રન્થકાર લખે છે કેઃ—

અર્થ—શ્રદ્ધાવાળા, પરોપકારના સાધક વિનયવંત અને તત્વ માર્ગને જાણનારા શિષ્ય (મોક્ષનેવાસ્તે) સામર્થ થાય છે.

ભાવાર્થ—જેમ ઉપદેશકમાં અનેક ગુણની જરૂર છે, તેમ શિષ્યમાં પણ શિષ્યને યોગ્ય એવા અનેક સદ્ગુણોની આવશ્યકતા છે. જેમ સ્ફટિક મણિ વિશેષ નિર્મળ હોય છે, તેમ તેમાં સૂર્યનો પ્રકાશ અધિકતર પ્રકટે છે, તેજ રીતે જેમ શિષ્ય વિશેષ લાયક હોય છે, તેમ ગુરૂનું જ્ઞાન તેનામાં અધિક પ્રકટી નીકળે છે. માટે શિષ્યના વિશેષ

ગુણનું વર્ણન આ શ્લોકમાં કરવામાં આવેલું છે. પ્રથમ તો શિષ્યને ગુરૂમાં અને ગુરૂના વચન ઉપર અત્યંત શ્રદ્ધા હોવી જોઇએ. કારણ કે ગયા શ્લોકમાં જણાવ્યા પ્રમાણે ગુરૂ પાસેથી જ્ઞાન મળે, પણ તે જ્ઞાન ઉપર શ્રદ્ધાની જરૂર છે. જ્ઞાન હોય, પણ જ્ઞાન ઉપર શ્રદ્ધા ન હોય તો તે જ્ઞાન વચનમાત્રમાં રહે, પણ જ્ઞાન અનુસારે વર્તન થતું નથી; શ્રદ્ધા રહિત જ્ઞાન કેવળ આડંબરરૂપે શોભે છે, પણ તેવું જ્ઞાન ચારિત્રપર અસર કરતું નથી, અને જે જ્ઞાનથી ચારિત્ર ન થાય, તે જ્ઞાન બહુ ઉપયોગી ગણી શકાય નહિ; માટે જ્ઞાનની સાથે શ્રદ્ધાની જરૂર છે. ગુરૂની પરીક્ષા કરવામાં બહુ વિચારની આવશ્યકતા છે, પણ એકવાર સદ્ગુરૂને ઓળખ્યા પછી તેમના કથનપર સંપૂર્ણ વિશ્વાસ રાખવા વર્તવું જરૂરનું છે. વળી શિષ્યો પરોપકારી સ્વભાવવાળા હોવા જોઇએ. જ્ઞાનનો ખરો ઉપયોગ પરોપકારજ છે. જેનું જ્ઞાન પરોપકારમાં વપરાયું નથી, પણ ગર્વનું કારણભૂત થયું છે, તેનું જ્ઞાન કુપાત્રે પડયું છે એમ માની શકાય. જ્ઞાન અથવા આત્માની બીજી કોઇ પણ શકિત અભિમાન માટે નથી, પણ અજ્ઞાનીનું અજ્ઞાન દૂર કરવાને માટે છે, તેમજ જ્ઞાન જાણી તે પ્રમાણે વર્તવા માટે છે, એ વિચાર હૃદયથી ક્ષણવાર પણ વિસારવો નહિ સર્વ પ્રકારના મદને દૂર કરવાનું સાધન જ્ઞાન છે. પણ જો જ્ઞાનનોજ મદ થાય તો પછી તેને વાસ્તે બીજો એક પણ ઉપાય જડી આવે નહિ. માટે જ્ઞાન ગર્વના કારણભૂત ન થાય એ વિચારથી પ્રથમથી પરોપકાર વૃત્તિ હોવાની જરૂર છે. કોઇ

ધનવાન પણ કંજુસ મનુષ્ય એમ ધારે કે વિશેષ ધન જ્યારે પ્રાપ્ત થશે, ત્યારે હું તેને સન્માર્ગે વાપરીશ; પણ તેની ધારણા તેના મનમાંજ રહી જાય છે. કારણ કે જે મનુષ્ય પોતાની સ્થિતિના પ્રમાણમાં દાન કરતો નથી તે વિશેષ ધન પ્રાપ્ત થતાં તેનો સદુપયોગ કરશે એમ શી રીતે માની શકાય ? તેમ જ્ઞાનનો પણ પરમાર્થે ઉપયોગ થાય તે માટે પરોપકારનાં બીજ શિષ્યના હૃદયમાં વિકસાવવાની ખાસ જરૂર છે. શિષ્ય વિનયી હોવો જોઈએ, એ બાબતો કહ્યા વિના પણ સમજાય તેમ છે, વિનયથી માણસ પાત્ર થાય છે, અને વિનય સર્વ ધર્મનું મૂળ છે એમ શાસ્ત્રકારો પણ કહે છે. વિનયથી ગુરૂ પ્રસન્ન થાય છે, અને ગુરૂ કૃપાથી સદ્બોધનો લાભ શિષ્ય મેળવી શકે છે. જો કે ચંદ્રની માફક ગુરૂ તો એક સરખો બોધ બધા શિષ્યોને આપે છે, પણ વિનયી શિષ્ય તરફ ગુરૂનો સ્વાભાવિક પ્રેમ વહતો હોવાથી તે શિષ્ય વિશેષ જ્ઞાન મેળવવા ભાગ્યશાળી નીવડે છે. વળી શિષ્યોમાં તત્ત્વ જાણવાની રૂચિની જરૂર છે. તત્ત્વ જીજ્ઞાસા પણ ઘણાજ થોડાના હૃદયમાં ઉદ્‌ભવે છે. હજારો મનુષ્યોમાંથી એકમાં ખરી તત્ત્વજીજ્ઞાસા પ્રાદુર્ભાવ પામે છે. મહા પુણ્યોદયે, અથવા પરમ ગુરૂ કૃપાવડે જીવની ઇચ્છા વસ્તુ તત્ત્વ શું છે, તે જાણવા તરફ દોરાય છે. જ્યારે સંસાર ઉપરથી મોહ દશા જરા ઉતરતી થઇ હોય છે, ત્યારે જ નિત્ય તત્ત્વ શું અને તે કેવી રીતે પામી શકાય—અનુભવાય તેવા પ્રશ્નો જાણવાની રૂચિ યોગ્ય જીવોમાં ઉત્પન્ન થવા પામે છે. આવા શુભ

આવા શિષ્યો ગુરૂપાસેથી યોગ્ય જ્ઞાન મેળવી, તે પ્રમાણે વર્તી પરીક્ષાસમયે તે વાપરી અંતે મોક્ષ મેળવવાને લાયક થાય છે.

अवतरणम्—'प्रज्ञावन्तोऽपि' शिष्या जिनाज्ञापालका गुणैरन्येन न मोक्षप्रापका इत्याह ।

श्लोकः

जिनाज्ञापालकाः स्वस्थाः सूक्ष्मबुद्ध्यावलोककाः
तत्त्वातत्त्वस्य ज्ञानेन सन्मार्गावलम्बिनः ॥१५॥

टीका—[illegible] जिनाज्ञापालका इति जिनाज्ञा [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] ॥ १५ ॥

ભાષાન્તર—જિનાજ્ઞાપાલક [illegible] [illegible] [illegible] છે, [illegible] [illegible] [illegible] [illegible] [illegible] છે [illegible] [illegible] [illegible] છે, [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] છે —

ઉત્તમ માર્ગ છે. સૂક્ષ્મ અવલોકન બુદ્ધિ એ પણ શિષ્યમાં જરૂરની છે. જેની સૂક્ષ્મ બુદ્ધિ નથી, જેનામાં ગહન વિષયો સમજવાને જોઇતું ધૈર્ય તથા આત્મબલ નથી, તે બહુ અભ્યાસ કરી શકે તેમ આત્મ માર્ગમાં આગળ વધી શકે નહિ. આ બુદ્ધિ ખીલવવાને વાસ્તે કોઇ પણ વિચાર તેણે એકદમ ગ્રહણ કરવો નહિ. પોતાની બુદ્ધિ જ્યાં સુધી તે કબુલ કરી શકે નહિ ત્યાં સુધી તે સ્વીકારી લેવી નહિ, પણ તે સંબંધી મનનકરવું, તેની આલોચના કરવી, આરીતે બુદ્ધિ સૂક્ષ્મ થશે. વિચાર કર્યા વગર કેવળ શ્રદ્ધા રાખી કોઇ પણ વિચાર અંગીકાર કરવાથી બુદ્ધિ ખીલતી નથી. કોઇ પણ વિચારનો સામો પક્ષ શું કહે છે, તે તપાસવું, અને તેની દલીલોમાં કેટલી સત્યતા છે, તે વિચારવી, અને પછી સત્યને ગ્રહણ કરવું. તર્ક શાસ્ત્રના અભ્યાસથી બુદ્ધિ બહુ સારી રીતે ખીલે છે, ધ્યાનથી પણ બુદ્ધિ સૂક્ષ્મ થાય છે. બધા વિચારોને દૂર કરી, ફક્ત એકજ વિચારઉપર અથવા વિષય ઉપર મનને સ્થિર કરવાથી, તે વિચાર અથવા વિષયનું યથાર્થ જ્ઞાન મળે છે, એટલુંજ નહિ પણ બુદ્ધિ પણ તીવ્ર થાય છે, માટે તે ગુણ શિષ્યે ખીલવવો જોઇએ. આ પ્રમાણે સૂક્ષ્મ બુદ્ધિ રૂપ સાધનવડે શિષ્યે તત્ત્વ શું છે, અને અતત્ત્વ શું છે, તેનો નિર્ણય કરવો, આ કામ સુગમ નથી, પણ ગુરૂકૃપા વડે, અને બુદ્ધિનો સદુપયોગ કરવાથી, તે કામ થઇ શકે છે. ભૂતકાળમાં અનેક પુરૂષો તત્ત્વાતત્ત્વનો નિર્ણય કરી સત્ય માર્ગ પ્રમાણે આચરણને સમર્થ થયેલા છે, હાલ પણ થાય છે, અને ભવિ-

ધર્મમાં પણ થાય, કદાગ્રહનો ત્યાગ કરી. નિષ્પક્ષપાત બુદ્ધિથી સત્યનો નિર્ણય કરવા ઇચ્છનારને પરમસત્ય પ્રાપ્ત થય વિના રહેતું નથી. "મારું તે સારું" એમ નહિ માનતાં "સારું તે મારું" એવો સિદ્ધાંત સ્વીકારનાર સત્યની સમીપમાં વ્હેલો આવી શકે છે. માટે કદાગ્રહનો ત્યાગ કરી સત્ય ગ્રહણ કરી તે પ્રમાણે વર્તન રાખવું એ પણ શિષ્યનો ધર્મ છે. આત્મતત્ત્વ ઉપાદેય છે, અને પુદ્ગલદ્રવ્ય હેય છે. એવો વિવેક રાખનાર અને તે માર્ગે ચઢનાર સ્વાત્મહિત સાધી શકે છે.

अवतरणम्—मोक्षसाधका गुणा अपि गुर्वाज्ञया भवन्ती त्याह.

श्लोक

गुर्वाज्ञां मन्यमानाः स्युः शिष्याः सम्यग् दयालवः
धर्ममार्गं वितन्वानो याता यास्यन्ति सद्गतिम् २६

टीका—गुर्वाज्ञां मन्यमानाः शिष्याः सम्यग्दयावन्तो भवन्ति नहि गुर्वाज्ञामन्तरेण दयालुताविर्भवति गुर्वाज्ञाधारिणः शिष्या एव धर्ममार्गं वितन्वानः सन्तोऽनेके सद्गतिं याता गता यास्यन्ति गमिष्यन्ति च ॥ २६ ॥

અવતરણ—ઉપર જણાવેલા ગુણોવાળા શિષ્યોએ પણ સદ્ગુરૂનું આલંબન રાખવું જોઇએ સદ્ગુરૂની કૃપાથી શિવગતિ શીઘ્ર થાય છે.

અર્થ—ગુરૂની આજ્ઞાને માનનારા શિષ્યો સમ્યગ્ રીતે દયાળુ હોય છે. અને ધર્મ માર્ગનો વિસ્તાર કરીને શિષ્યો સદ્ગતિ પામ્યા છે, અને ભવિષ્યમાં પામશે.

ભાવાર્થ—ગુરૂનું માહાત્મ્ય આ શ્લોકોમાં જે વર્ણવવામાં આવેલું છે, તે કેટલાકને અતિશયોક્તિ ભરેલું લાગે એવો સંભવ છે, પણ જો તત્વ દૃષ્ટિથી વિચારીએ તો તે યથાર્થજ છે. સદ્ગુરૂનું જો યથાર્થ સ્વરૂપ સમજવામાં આવે તો પછી તેમના વિષે ભક્તિ હૃદયમાં જાગૃત થયા વિના રહેજ નહિ. સદ્ગુરૂના અનેક ગુણોનું વર્ણન તો આ લેખની કરવાને અસમર્થ છે, પણ ટુંકમાં અત્રે નિવેદન કરવું યોગ્ય થશે કે જેણે આત્મતત્વને જાણ્યું છે, અનુભવ્યું છે, તે પ્રમાણે જે ચારિત્ર પાળે છે, અને જેના હૃદયમાં એવા ભાવ સદા ઉલ્લાસમાન થાય છે આખા જગતના જીવો એ પ્રમાણે તત્વ જાણી સમ્યગ્માર્ગે ચાલી, સુખી થાય. "સવી જીવ કરૂં શાસન રસી, એસી ભાવ દયા મન ઉલસી" એવા વિચાર જેની રગે રગે વ્યાપી રહેલા છે, જેના દરેક આત્મપ્રદેશમાં સર્વ પ્રાણી માત્ર પ્રત્યે અપૂર્વ વ્હાલની લાગણી વ્યાપી રહેલી છે, તેવા ગુરૂના હૃદયનું વર્ણન કરવા કોણ સમર્થ છે? તેવા ગુરૂની ભક્તિ યથાર્થ રીતે કરવા કોનામાં બળ માલુમ પડે છે? તેવા ગુરૂનું માહાત્મ્ય જેટલું કહીએ તેટલું ઓછુંજ ગણી શકાય તેવા ગુરૂની આજ્ઞા માનનારા શિષ્યોમાં કેવા પ્રકારના ગુણો સ્ફુરે છે તે ગ્રન્થકાર દર્શાવે છે. પ્રથમ તો તેઓ દયાળુ થાય છે. અહિંસા પ્રધાન દયા એ સર્વ ગુણોમાં

થાય, અને તે માર્ગ લાંબા કાળ સુધી થંાડી શકે નહિ. જેમ કોઈ નદીના પ્રવાહને રોકવા પ્રયત્ન કરે તો થોડે ઘણે અંશે તે કામ તે કરી શકે, પણ પ્રવાહનું બળ એટલું બધું સખ્ત છે કે ગમે તેવા પ્રતિબંધનો નાશ કરી પોતાની સત્તા ચલવે છે, તેમ ધર્મનો પ્રવાહ તો ચાલ્યાજ કરે છે, પણ તે પ્રવાહમાં જેઓ વિઘ્ન નાખે છે, તેઓજ પાપકર્મના ભાગી થાય છે. પણ સુશિષ્યો તો જે માર્ગથી પોતાને લાભ થયો, તે માર્ગ બીજાઓ જાણે તે માટે સતત ઉપદેશ કરે છે. આ પ્રમાણે તેઓ શુભ કર્મ ઉપાર્જન કરે છે; જેના પ્રભાવથી અંતે તે શિષ્યો સદ્ગતિ પામે છે. તેઓ સ્વર્ગનું સુખ શુભકર્મ વડે ભોગવવાને ભાગ્યશાળી થાય છે, અને જો આ કામ તેઓએ નિષ્કામ બુદ્ધિથી કર્યું હોય છે, તો તેઓ અપવર્ગ પણ પ્રાપ્ત કરી શકે છે. ॥ ૨૬ ॥

अवतरणम्—गुर्वाज्ञालब्धमोक्षानुकूलगुणाः शिष्या रागादिशत्रुनाशकत्वेनाभ्यन्तरंधर्मं लभन्त इत्याह ॥

श्लोक

रागद्वेषविहन्तारो गाम्भीर्यादि गुणान्विताः ॥
पवित्राः शिष्यकाः सम्यग् धर्ममाभ्यन्तरं गताः२७

टीका–रागद्वेषान् विशेषेण घ्नन्ति रागद्वेषविहन्तारः गाम्भीर्यादिभि र्गुणैरन्विताइति गाम्भीर्यादिगुणान्विताः सर्व-

संविद् मानापमानयोर्दत्तचेतस पवित्रा निर्गतरागादिमलाः शिष्या आभ्यन्तरं धर्मं सम्यग् गताः धर्मो द्विधा आभ्यन्तरो बाह्यश्च तत्र बाह्यो व्रतक्रियारूप आभ्यन्तरस्तु आत्मज्ञानरम-णतारूपो मोक्षस्वरूपः ॥ २७ ॥

અવતરણ—ગુરૂની આજ્ઞા પ્રમાણે વર્તીને શિષ્યને અનુકૂળ ગુણ સમૂહ પ્રાપ્ત કર્યા પછી શિષ્ય શું કર્તવ્ય બજાવે છે તે હવે ગ્રંથકાર દર્શાવે છે.

અર્થ—રાગ દ્વેષનો નાશ કરનારા, ગાંભીર્ય વગેરે ગુણોવાળા. પવિત્ર શિષ્યો અંતરના સમ્યગ્ધર્મ માર્ગ પ્રમાણે વર્તે છે.

ભાવાર્થ—શિષ્યો જે મોક્ષ પદ મેળવવાને ઉત્સુક હોય છે તેઓ પ્રથમ તો રાગ દ્વેષનો નાશ કરનારા હોવા જોઇએ. કોઇપણ પૌદ્‌ગલિક વસ્તુ પ્રતિ હૃદયમાં આસક્તિ થાય તે રાગ કહેવાય છે. તે રાગજ દ્વેષનું કારણ થાય છે તે વસ્તુ ન મળતાં, અથવા તેનો વિયોગ થતાં, દ્વેષ ઉત્પન્ન થાય છે. કોઈ પણ વસ્તુ અથવા શરીર રૂપી ઉપાધિ પ્રત્યેના રાગ લીધે તે વસ્તુનો વિનાશ થતાં અથવા મરણથી તે શરીરનો નાશ થતાં દુઃખ થાય છે. અનિષ્ટ સંયોગોમાં અથવા પ્રતિકુળ મનુષ્યોની મધ્યમાં વસતાં માણસને દ્વેષ ઉત્પન્ન થાય છે અનિષ્ટ સંયોગોમાં અથવા મનુષ્યોના મધ્યમાં સહન શીળતાથી નભાવી લેવાને બદલે, અથવા તેમાંથી સારી સ્થિતિ લાવવાને બદલે તે સંજોગો અને સ્થિતિનો દ્વેષ કરવાથી તે બદલાતી નથી.

પણ મનુષ્ય જે વસ્તુ ઉપર રાગ કરે છે, અથવા જે વસ્તુ ઉપર દ્વેષ કરે છે, તે બન્નેથી બંધાય છે રાગ તેમજ દ્વેષ બન્ને બંધનકારક છે. માટે તે બન્ને એક સરખી રીતે ત્યાગ કરવા લાયક છે. ત્યારે અત્ર એવો પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે રાગદ્વેષનો ત્યાગ શીરીતે થઇ શકે ? દરેક ક્ષણે ઉત્પન્ન થતી રાગદ્વેષની વૃત્તિઓનો માણસ કેવી રીતે નાશ કરી શકે ? તેમજ રાગ અને દ્વેષના કારણોની વચ્ચમાં રહેવા છતાં મધ્યસ્થપણું અથવા સમતા કેવી રીતે જાળવી શકે ? આ પ્રશ્નનો ઉત્તર આપણે હવે વિચારીએ.

આ પ્રશ્નનો ઉત્તર ફકત એકજ વિચારને આધીન છે. સર્વ પૌદ્ગલિક પદાર્થો અંતે અનિત્ય છે. કેટલીક વસ્તુના પદાર્થો તેની તે સ્થિતિમાં લાંબા કાળ સુધી ટકે પણ કાળની અપેક્ષાએ અનિત્ય છે. ધર્મશાસ્ત્રોમાં પતિપાદન કરવામાં આવ્યું છે કે ઇન્દ્રની રૂદ્ધિ પણ અંતે ક્ષણિક છે. આ વિચાર પ્રથમ દૃષ્ટિએ અસત્ હોય એમ લાગશે. પણ વસ્તુ સ્થિતિ વિચારતાં તે સત્યથી પરિપૂર્ણ છે. ભલેને ઇન્દ્રનું આયુષ્ય સાગરોપમનું હોય છતાં કાળ અનંત છે, અને કાળની અનંતતાની અપેક્ષાએ સાગરોપમ પણ એક ક્ષણ તરીકે માનવામાં આવે તો તે કલ્પના અસત્ય નથી. આત્મા સિવાયની સર્વ વસ્તુઓ અનિત્ય છે, પણ અનિત્યતામાં પણ ભેદ છે. જો કે સઘળી પૌદગલિક પદાર્થો ત્યાજ્ય છે, છતાં એકદમ સર્વ પદાર્થોનો ત્યાગ થઇ શકે નહિ, માટે ધીમેધીમે તે કામનો આરંભ કરવો જોઇએ. પ્રથમ નાની નાની બાબતો-

ગુણો રૂપ પગથીયાં છે જે વડે માણસ આત્મજ્ઞાનની
સરણી પર સારી રીતે ચઢી શકે છે. દરેક દોષ જેને
તળે કચરી નાંખવામાં આવ્યો હોય, તે પણ ઉંચે ચઢવા
પગથીયારૂપ થાય છે. આ સર્વ ગુણોનું વર્ણન કરવું
સ્થળે જરૂરનું નહિ જણાયાથી કર્યું નથી. આવા ગુણે
ધારણ કરનાર, અને રાગ દ્વેષનો નાશ કરવાને તત્
એવા પવિત્ર શિષ્યો સમ્યગધર્મ સારી રીતે સમજી
છે, અને તદનુસાર વર્તન પણ ઉચ્ચ પ્રકારનું
શકે છે. ॥ ૨૭ ॥

अवतरणम्–पूर्वोक्तगुणसम्पन्नस्य शिष्यस्याभ्यन्तर
कर्त्तव्यत्वेनोपदिशति

श्लोक

मोक्षमार्गः कथं प्राप्यः धर्ममाभ्यन्तरं विना ॥
बाह्यधर्मं परित्यज्य आन्तरं भज भक्तितः॥ २८

टीका–आभ्यन्तरं धर्मं विना मोक्षमार्गः कथं प्राप्यो नै
प्राप्य इत्यर्थः । अतो बाह्यधर्मं परित्यज्य रत्नत्रयाऽऽन्तरं ध
भक्तितोऽत्यादरेण भज सेवस्व यो हि धर्मबहिर्मुखो विषयल
लुपोऽज्ञः तस्मै बाह्य-धर्मोपदेशो यत्तु बाह्यधर्मप्राप्तमात्रस्य
द्विषयभोगानाकांक्षितस्तस्मा आभ्यन्तरो धर्मो देयः ॥ २८ ॥

અવતરણ—ઉપર જણાવેલા ગુણો શિષ્યોમાં હોય
તે છતાં તેને કેવા પ્રકારનું વર્તન રાખવું કે જેથી કરી તે

ગુણો રૂપ પગથીયાં છે જે વડે માણસ આત્મજ્ઞાનની નિસરણી પર સારી રીતે ચઢી શકે છે. દરેક દોષ જેને પગ તળે કચરી નાંખવામાં આવ્યો હોય, તે પણ ઉંચે ચઢવામાં પગથીયારૂપ થાય છે. આ સર્વ ગુણોનું વર્ણન કરવું આ સ્થળે જરૂરનું નહિ જણાયાથી કર્યું નથી. આવા ગુણોને ધારણ કરનાર, અને રાગ દ્વેષનો નાશ કરવાને તત્પર એવા પવિત્ર શિષ્યો સમ્યગધર્મ સારી રીતે સમજી શકે છે, અને તદનુસાર વર્તન પણ ઉચ્ચ પ્રકારનું રાખી શકે છે. ॥ ૨૭ ॥

अवतरणम्—पूर्वोक्तगुणसम्पन्नस्य शिष्यस्याभ्यन्तरधर्म कर्त्तव्यत्वेनोपदिशति

श्लोक

मोक्षमार्गः कथं प्राप्यः धर्ममाभ्यन्तरं विना ॥
बाह्यधर्मं परित्यज्य आन्तरं भज भक्तितः॥ २८ ॥

टीका—आभ्यन्तरं धर्मं विना मोक्षमार्गः कथं प्राप्यो नैव प्राप्य इत्यर्थः । अतो बाह्यधर्मं परित्यज्य त्यक्त्वाऽऽन्तरं धर्मं भक्तितोऽत्यादरेण भज सेवस्व यो हि धर्मबहिर्मुखो विषयलोलुपोऽज्ञः तस्मै बाह्य-धर्मोपदेशो यस्तु बाह्यधर्मज्ञातसारस्त्वाद्विषयभोगानाकांक्षस्तस्मा आभ्यन्तरो धर्मो देयः ॥ २८ ॥

અવતરણ—ઉપર જણાવેલા ગુણો શિષ્યોમાં હોય તે છતાં તેને કેવા પ્રકારનું વર્તન રાખવું કે જેથી કરી તે

છે. એવી રીતે સમ્યક્ રીતે આત્મતત્વને જાણનાર પ્રાણી સંસારમાં પૂર્વકૃત કર્માનુસાર પોતાને શિર આવી પડેલ દરેક કાર્ય કરે છે, છતાં તે સર્વ પુદ્ગલના ધર્મ છે. અને હું તો આત્મા સ્વભાવે નિર્વિકારી છું, એ વિચાર તેના હૃદય આગળથી એક ક્ષણ પણ ખસતો નથી. તે બાબતમા તે જરા પણ પ્રમાદ કરતો નથી આ રીતે વિચારતાં જણાય છે કે આભ્યંતર ધર્મ બાહ્ય ધર્મનો વિનાશક નથી; પણ પોષક છે. નિશ્ચય અને વ્યવહાર જુદાં નથી, પણ અન્યોન્ય સહાયકારી છે, શુભ વિચાર શુભકાર્યને પ્રેરે છે, અને શુભ કાર્ય પણ શુભ વિચારનું પ્રેરક બને છે. પણ આભ્યંતર ધર્મની બાહ્ય ધર્મ ઉપર જેટલી અસર થાય તેના કરતાં કેવળ બાહ્ય ધર્મની આભ્યંતર ધર્મ ઉપર અસર ઓછી થાય છે; એ વિચાર ચિત્તમાં રાખી આભ્યંતર ધર્મની વૃદ્ધિ થાય તેવા ઉપાયો નિરંતર યોજવા જોઇએ.

अवतरम्—ननु किमात्मतत्वं ग्राह्य मनेकैर्मतवादिभिरुक्तत्वादिति चेत्स्याद्वादिभिरुक्तमेवोपादेयमित्याह स्याद्वादवादिभिरिति ।

श्लोक

स्याद्वादवादिभि प्रोक्तमात्मतत्वं सुखावहम् ॥
नित्यानित्यं सदानन्दमखण्डनिर्मलं सदा ॥२९॥

टीका—सुखावहमात्मतत्वं स्याद्वादवादिभि—रनेकान्तवादो

વામાં આવ્યું છે કે બાહ્યધર્મનો ત્યાગ કરી આન્તર ધર્મનું સેવન કર તેનો અર્થ એટલો જ છે કે બાહ્યધર્મમાં જ કેવળ આસકિત રાખી બેસી રહેતા નહિ. પૌદ્‌ગલિક બાહ્ય ધર્મ તે આત્માનો નથી, માટે આત્માનો ધર્મ તે આત્મામાં રહેલો છે, તેનું સેવન કરવું. કારણ કે કેવળ બાહ્યધર્મથીજ આત્માનું શ્રેય થશે એમ તો કોઇ પણ કહેવાની હીમત ધરી શકશે નહિ. પણ ખરો જે આત્માનો ધર્મ છે તેને ભુલી જતા નહિ, આત્મ ધર્મ કે શાશ્વત ધર્મનું સેવનજ અંતે મોક્ષ ફળ દાતા છે, એ નિશ્ચિત વાત વિસ્મરવી જોઇતી નથી. જ્ઞાની અને અજ્ઞાની બન્ને બાહ્ય ક્રિયાઓ તો એક સરખી રીતે કરતા જણાય છે, પણ આશ્રવની ક્રિયા જ્ઞાનીને સંવરરૂપે પરિણમે છે. જ્ઞાનીઓ પણ સંસારમાં જ્યારે આસ્રવનું કારણ થાય છે, ત્યારે તેની તે ક્રિયા પોતાને માથે આવી પડેલી દરેક ફરજ બજાવે છે; છતાં કમળ જળમાં ઉગવા છતાં જળથી નિર્લિપ્ત રહે છે, તેમ તેઓ તે ક્રિયાથી બંધાતા નથી વાસ્તેજ કહેવામાં આવેલું છે કેઃ—

> સમકિતવંતા જીવડા, કરે કુટુંબ પ્રતિપાળ,
> અંતરથી ન્યારા રહે, જેમ ધાવ ખીલાવત બાલ.

જેમ કોઇ છોકરાની માતા મરી ગઈ હોય, અને તેને ધવરાવવાને ધાવ રાખેલી હોય છે. હવે ધાવ તે બાળક ઉપર ગમે તેટલું હેત રાખે, તોપણ તે સારી રીતે સમજે છે કે આ મારૂં બાળક નથી, અને તેથી અંતરથી તેનો પ્રેમ સ્વાભાવિક રીતે પોતાના જ બાળક ભણી વળે

[illegible]

[illegible]

[illegible]

[illegible]

તે સર્વ અપેક્ષાએ વસ્તુનું સ્વરૂપ તપાસવું અનેક અપેક્ષાએ વસ્તુને તપાસવાની આ રીતિને અનેકાંતવાદ પણ કહેવામાં આવે છે. આ રીતિ અથવા આવી વિચાર શ્રેણિ જૈનધર્મે અંગીકાર કરેલો હોવાથી જૈનધર્મને સ્યાદ્વાદ અથવા અનેકાંતવાદનું અભિધાન મળેલું છે; અને જૈનો સ્યાદ્વાદવાદી અથવા અનેકાંતવાદી કહેવાય છે. વસ્તુ માત્રમાં અનેક ધર્મો હોય છે, કેટલાક ગૌણ હોય છે અને કેટલાક મુખ્ય હોય છે. હવે પ્રધાન કે ગૌણ ધર્મોનું પ્રતિપાદન કરવામાં આવે, અને ગૌણ કે પ્રધાન ધર્મોનો અપલાપ કરવામાં આવે આવે તો તેને જૈનશાસ્ત્રો નયાભાસ કહે છે; અને તે રીતિને મિથ્યાત્વનું નામ પણ આપે છે. તત્વને તત્વ રીતે ન જાણવું તે જ મિથ્યાત્વ અથવા મિથ્યાજ્ઞાન અજ્ઞાન છે. કેટલાંક દૃષ્ટાન્ત આપવાથી આ બાબત વધારે સારી રીતે સમજાશે એમ ધારી અહે તે આપવામાં આવે છે. રામલાલ મોહનલાલનો પુત્ર પણ રામલાલ વાડીલાલનો પિતા છે, એકજ રામલાલ પિતા અને પુત્ર છે. સ્યાદ્વાદ મતવાળાનો કહેવાનો આશય એવો નથી કે પિતા અને પુત્રરૂપ બે વિરોધી ગુણ એકજ રામલાલમાં આવેલા છે. એકજ માણસ બીજા એકજ માણસનો પિતા અને પુત્ર થઇ શકે નહિ, અને એવો અસંગત વિચારતો જૈનધર્મ કદાપિ અંગીકાર કરે નહિ. તાત્પર્ય એ છે કે રામલાલ મોહનલાલની અપેક્ષાએ પુત્ર છે, અને તેજ રામલાલ વાડીલાલની અપેક્ષાએ પિતા છે. માટે પિતા અને પુત્રરૂપ વિરોધી ધર્મો પણ જુદી જુદી અપેક્ષાએ એકજ રામલાલમાં રહી શકે. તેજ રીતે તપા-

આત્મિક ગુણ છે. એક સ્થળે અર્હન પ્રભુના ગુણનું વર્ણન કરતાં કવિ લખે છે કે—

आनन्दमानन्दकरं प्रसन्नं
ज्ञानस्वरूपं निजभावयुक्तम्.

આનન્દ સ્વરૂપી, આનન્દને કરનારા, પ્રસન્ન, જ્ઞાન સ્વરૂપી, અને સ્વભાવમાં રમણ કરનાર આ સર્વ વિશેષણે આત્માને યથાર્થ રીતે લાગુ પડે છે. દરેક આત્મા આનંદ શોધવા મથે છે, તેનું ખરૂં કારણ એજ છે કે તે અને આનંદમય છે. તેને આનંદનો પરિમલ આવે છે. જેમ કસ્તુરી મૃગ પોતાનામાં રહેલી કસ્તુરીના સુવાસથી જંગલમાં જ્યાં ત્યાં કસ્તુરી શોધવા મથે છે, તેમ આત્મા સ્વભાવે આનંદમય હોવાથી તેને પોતાનામાં રહેલા આનંદનો પરિમલ આવે છે, પણ અજ્ઞાનથી તે બાહ્ય વસ્તુઓમાં તે આત્મિક આનંદ પ્રાપ્ત કરવા તડપે છે, જેમ કોઇ કુતરો હાડકામાંથી લોહી ચાટવા પ્રયત્ન કરે છે; તેવામાં તેના દાંતમાં વાગે છે, અને તેમાંથી લોહી નીકળે છે, ત્યારે તે હરખાય છે. કારણકે લોહીની પ્રાપ્તિ વાસ્તે તેનો ઉદ્યમ હતો. તેમ આત્મા પણ વિષયમાં સુખ શોધવા મથે છે; તેમાંથી જે કાંઇ તેને સુખ પ્રાપ્ત થાય છે, તે વિષયમાં રહેલું નથી, પણ આત્માના અંતરમાં રહેલું છે, જે વિષયનો સંબંધ થતાં પ્રકટ થાય છે. પણ તે સુખ ક્ષણિક છે અને ઐંદ્રજાલિક છે. વળી વિષયમાંથી ઉપજતું સુખ તે દુઃખ ગર્ભિત છે તે સુખ પ્રાપ્ત કર્યા પછી બીજા સુખની આકાંક્ષા રહે છે. આવા આવા કારણોને લીધે વિષય સુખ ત્યાજ્ય

છે. આત્મિક સુખ અથવા આનંદ આ સુખથી કેવળ જુદો છે. તે આનંદ શાશ્વત છે, તેમાં જરા પણ દુઃખનો સંભવ નથી, તે સુખની પરાકાષ્ઠા છે, અને તે આનંદ પ્રાપ્ત કર્યાં બીજા કોઇ પણ આનંદની ઇચ્છા રહેતી નથી; વળી વિષય સુખનો આધાર બ્હારના સાધનોપર રહેલો છે, ત્યારે આત્મિક આનંદને કોઇ પણ સાધનની જરૂર રહેતી નથી. એવો આનંદ તે આત્માનો સ્વભાવ છે.

વળી આત્મા અખંડ છે ત્રણે કાળમાં તે તેવોને તેવો રહે છે. જુદી જુદી ઉપાધિઓના સંબંધમાં આવવાથી, અથવા કર્મના વિચિત્રપણાને લીધે આત્મામાં અનેક તરેહના ભેદ માલૂમ પડે, પણ તેનું અસ્તિત્વ સર્વ અવસ્થામાં અને સર્વ કાળમાં અખંડિત રહે છે.

આત્મા સ્વભાવે નિર્મળ શુદ્ધ છે. વર્ષાદના જળ કરતાં પણ તે અતિ નિર્મળ છે. તેને લાગેલો કર્મરૂપ મેલ તેની સાથે એકમેક થયેલો નથી, પણ દૂર થઇ શકે તેવો છે જ્યારે અગ્નિ મંદ બળતો હોય છે, ત્યારે તેમાંથી ધુમ નીકળે છે, પણ તે વિશેષ બળવા લાગે છે. એટલે ધુમ સ્વયમેવ વિનાશ પામે છે. સૂર્યરૂપ નિર્મળ આત્માપર કર્મ વાદળ કોઇકવાર સુધી પોતાની સત્તા બતાવી શકે, પણ જે વખતે આત્મા પોતાના તેજસ્વી સ્વરૂપે પ્રકાશે છે, તેજ વખતે વાદળ સમૂહ વિખરાઇ જાય છે. શાસ્ત્રકારમાં પણ કહ્યું છે કે—

ज्ञानावरणावृतं मुह्यन्ति जन्तवः

સન્તો કહે છે કે આત્મા જ્ઞાન સ્વરૂપી અને નિર્મળ છે. આરીતે આ શ્લોકમાં જણાવેલા લક્ષણુવાળો આત્મા જાણુવો. તેના કરતાં જુદા લક્ષણુવાળો આત્મા કલ્પવો એ અજ્ઞાન છે.

श्लोक

ज्योतिर्मयं गुणाधारं ज्ञानगम्यं निरक्षरम् ॥
स्वच्छं शुद्धं जडातीतं लोकालोकप्रकाशकम्॥३०
जन्मातीतं जरातीतं देहातीतं च चिन्मयम्।
निर्लेपं च निराकारं निस्सङ्गं च महोमयम् ॥३१
अजं स्वयंभुवं व्यक्तया अनाद्यन्तं च साक्षरम्
एतादृशं विजानाति आत्मतत्त्वं स योगिराट्।३

टीका—सदा ज्योतिर्मयं सर्वदान्यकृतानंत कोटिसूर्य प्रभम्। गुणाधारमनन्तज्ञानदर्शनचारित्रसुखवीर्यादि गुणाधिकरणम्। अत्राधाराधेयभावो भेदविवक्षयावगन्तव्यः। ज्ञानगम्यं किं स्वाभाविकं स्वरूपं किं च वैभाविकमिति सुक्ष्मधिषणयाऽवसेयंलक्षणम। अक्षराणि स्वरव्यञ्जनात्मकानि तेभ्यो निष्क्रान्तं वचनातीतमित्यर्थः स्वच्छशालोत्रीदस्फाटिकमणिरिव शुद्धं स्वयं पवित्ररूपं अथवा शुद्ध मनन्त वीर्य स्वरूपम्। आत्मवीर्यावगाहेनैव शुध्दत्वपदमन्तरात्मा। जडातीतं धर्मादि पुद्गलान्ता जडास्तेभ्योऽतीतं तद्विपरीतलक्षणम। लोकालोक प्रकाश-

कम् लोकश्चालोकश्च लोकालोकौ तौ प्रकाशयतीति लोकालो-
कप्रकाशकम् । जन्मातीतं सम्मूर्छनगर्भोपपादलक्षणं जन्म ति-
र्यगादि देहप्राणिनामेव भवति शुद्धनयेनात्मनि तु नैतद् घटते ऽ-
न्यथा सिद्धेष्वपि प्रसक्तिः । जरातीतम्-अभुक्तभोगा अपि प्र-
चादपाथिरकालेन जीर्णसंस्थाना इत्यत्र आत्मतत्त्वे तु नैतत् ।
देहातीतम्-कार्मणदेहाऽनादिसिद्धत्वाज्जन्मरहितो जरारहितश्च
तद्युक्तश्चेतनो लक्षणत्वेन वा प्रमाद्धोदित्यभिप्रायेण देहातीतमि-
ति परमौदारिकादयः पञ्चापि देहा ज्ञानदर्शनादिवत् स्वरूपत्वेन
नैव सम्बद्धा इत्यर्थः चिन्मयं ज्ञानमयं निर्लेपं शुद्धनिश्चयनयापे-
क्षया कर्मलेपरहितम् ।।निराकारम्-परमाणुस्कन्धाश्रित्य घटादयः
साकारा इत्यत्र तद्भिन्नम् । निस्सङ्गं-कर्ममूलक राग-द्वेषादि
संगरहितम् । महोमयं महोभिः प्रकाशलक्षणैर्ज्ञानरूपतेजोभि-
र्व्याप्तं । असंख्यप्रदेशरूपात्मव्यक्त्या अजं प्रागभावरहितं
नहि किञ्चिदपि प्रागसल्लभ्यमानो द्रष्टुं शक्नोति तत्कालत
उद्पादि जीव इति विद्वज्जनः नन्वेवंभूतं तु जीवतत्त्वं सांख्य
वेदान्तादयो निरदीधरन् ततः किमर्थमुद्यमोऽपि तेषु सांख्यादिषु
मिथ्यात्वादिदोषदर्शनाज्जैनाचार्यैरिति चेन्नैवं तेषां एकनयावलम्बि-
त्वेन मिथ्यात्वव्यवस्थितेः । स्वयंभुवं स्वतो लब्धसत्ताकं केना-
प्यक्रियमाणत्वात् । अनाद्यन्तम् आद्यन्तरहितम् । अक्षरम्-
द्रव्यार्थिकनयापेक्षया आत्मगुणपर्यायाणां यः क्षरः पातस्तद्रहित-
मेतादृशमात्मतत्त्वं यो जानाति सयोगिराट् ज्ञानद्यः ।।१७।।३१।।

અવતરણ—આ શ્લોકમાં આપણે આત્માનું લક્ષણ સ્યાદ્વાદ મત પ્રમાણે વિચારી ગયા. તે લક્ષણ ઉપરથી કે' જિન મતના આત્માના અનેક ગુણો છે, તે સર્વ કહેતાં તો પાર આવે નહિ. માટે ગ્રન્થકાર ત્રણ ચાર શ્લોકમાં આત્માના તે ગુણોનું વર્ણન કરે છે.

અર્થ—આત્મા જ્યોતિર્મય છે, ગુણાધાર છે, જ્ઞાનથી અભિન્ન તેમ છે, નિરાકાર છે, સ્વચ્છ છે, શુદ્ધ છે, [illegible] છે, અને લોકાલોકનો પ્રકાશક છે. ॥ ૩૦ ॥

ભાવાર્થ—આત્મા જ્યોતિ સ્વરૂપ છે. સર્વ વસ્તુઓ [illegible] છે, તેનું સ્વરૂપ આત્મ તેજ છે. આત્મારૂપી દીપ ગુણરૂપ તેલ વડે છે, તેને તેલ અગર દીવેટની જરૂર પડતી નથી, છતાં તે પણ જગતને પ્રકટ કરે છે. પર્વતોને પણ જડતી નાંખે તેવો વાયુ આ આત્મ પ્રદીપ ઓલવવા સમર્થ નથી. એક કોટી સૂર્ય કરતાં પણ આત્મ પ્ર[illegible] [illegible] છે. આ જગતમાં [illegible] [illegible] [illegible] [illegible] આવે [illegible], તે પછી [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

આભાસ આપી શકાય, પણ ખરું સ્વરૂપતો તેના અનુભવી-ઓજ જાણી શકે. માટે તે શબ્દાતીત અથવા નિરક્ષર કહેવાય છે. આત્મા સ્વભાવે શુદ્ધ અને સ્વચ્છ છે, એ વિશેષણોની સાર્થકતા આપણે ગયા શ્લોકનું વિવેચન કરતાં વિચારી ગયા-માટે તે સંબંધમાં વિશેષ નહિ લખતાં એટલુંજ જણાવીશું કે જગતમાંની કોઈ પણ નિર્મળ વસ્તુ કરતાં પણ આત્મા અધિક નિર્મળ છે. સ્ફટિકમણિ સદૃશ તે નિર્મળ છે. સ્ફટિકમણિની નીચે જેવો રંગ મુકવામાં આવ્યો હોય તેવું તે પ્રકાશે છે, તેજ રીતે આત્મામાં જે જે સમયે જેવા જેવા ભાવ ઉદ્દભવે છે, તે તે પ્રમાણે આત્માની વૈચિત્ર્યતા ભાસે છે, પણ ખરી રીતે તો તે ઉજ્વલ સ્વભાવનો છે. આ શ્લોકમાં એક વિશેષણ એવું આપવામાં આવ્યું છે કે તે જડાતીત છે. તેનો અર્થ એવો થાય છે કે તે જડની પેલીપાર છે. જડ વસ્તુની અસર જ્યાં સુધી પહોંચે તે સ્થિતિની પણ પેલીપાર આત્મતત્વ રહેલું છે. જડવસ્તુ આત્મા ઉપર પોતાની સત્તા ચલવી શકે નહિ. છતાં અજ્ઞાનને લીધે આત્મા પોતાનું સ્વરૂપ ભુલી ગયો છે, અને જડવસ્તુને પોતાની માને છે. જ્યાં સુધી તે અજ્ઞાન છે, અને તે અજ્ઞાનને લીધે જ્યાં સુધી જડવસ્તુમાં મારાપણાનો ભાવ છે, ત્યાં સુધી તે વ્યવહારથી જડાતીત કહેવાય નહિ, પણ જ્યારે આત્મા વિશેષ અનુભવ મેળવતો જાય છે, અને કર્મફળને વિખેરી નાખે છે, ત્યારે તેને ભાન થાય છે કે આ જડના તરંગો તેના આત્મારૂપી ખડકને અસર કરવા સમર્થ થશે નહિ. તેજ વખતે તે વસ્તુતઃ

જરાતીત બને છે. આ શ્લોકમાં જણાવેલું છેલ્લું વિશેષણ એમ પ્રતિપાદન કરે છે કે આત્મા લોકાલોક પ્રકાશક છે. ચૌદ રાજલોકની પેલીપાર જે પ્રદેશ આવેલો છે તેને અલોક કહે છે. આ લોકાલોકનું જ્ઞાન આત્મા મેળવી શકે છે, જેમ નિર્મળ દર્પણમાં વસ્તુની યથાર્થ છાયા પડે છે, અને તે ઉપરથી તે વસ્તુનું આપણને જ્ઞાન થાય છે, તેમ આત્માના શુદ્ધ પ્રદેશમાં લોકાલોકના સર્વ દ્રવ્યનું તેઓના પર્યાયો સહિત પ્રતિબિંબ પડે છે, અને તેથી આત્મજ્ઞાની એકજ સ્થળમાં રહેવા છતાં જગત્માત્રના સર્વ પદાર્થોનું જ્ઞાન પ્રાપ્ત કરી શકે છે. તેવા જ્ઞાનીને हस्तामलकवत्करतल संप्राप्तजगत—જેના નિર્મળ કેવળ દર્શનમાં જગતનું પ્રતિબિંબ પડે છે એવું-વિશેષણ આપવામાં આવે છે કોઈ પણ બાબત તેનાથી ગુપ્ત રહેતી નથી. વસ્તુ માત્રના ધર્મને તે સમજે છે. આ દરેક આત્માનો સ્વભાવ છે, પણ જ્યાં સુધી આત્માની શક્તિઓ તિરોહિત થયેલી છે, ત્યા સુધી આ સ્વભાવનું ભાન થતું નથી, છતાં દરેક આત્મામાં એ વાજ પ્રકારની શક્તિઓ રહેલી છે, એમ દૃઢ વિશ્વાસ રાખી તે પ્રમાણે વર્તવું

અર્થ—આત્મા જન્માતીત જરાતીત દેહાતીત ચિત્સ્વરૂપી, નિર્લેપ, નિરાકાર, સંગરહિત અને તેજમય છે ॥૬૧॥

ભાવાર્થ—શુદ્ધનયથી વિચારીએ તો આત્મા જન્મ તો તેમજ મરતો પણ નથી. न जायते म्रियते वा कदाचित् એ વાક્ય નિશ્ચયનયથી આત્મા સંબંધમાં લેખી શકાય જ્યાં સુધી જીવ સંસારમાં રખડે છે, ત્યાં સુધી જન્મ

[illegible]

દુર્યોધિવતિ કિ યાચ

स च धीरं न मुञ्चति

मजातं नैव गृह्णाति

कृष्ण च नमनन्यानि ।

લોકનાનું બાળક રડતું હતું તેની માગણી મત્ર એક આપે છે અને પુછે છે કે હે બાળક ! તુ મનુષ્યથી કેમ બીકે

છે ? ભય પામેલાને મૃત્યુ છોડી દેતું નથી જેટલા જન્મ્યા તેટલાને વાસ્તે મરણ નિશ્ચિત છે જો તું મૃત્યુના ભયથી મુક્ત થવા ઇચ્છા રાખતો હોય તો ફરીથી જન્મ ન લેવો પડે, તેવો પ્રયત્ન કર. કહેવાનો ભાવાર્થ એ છે કે જન્મનાને વાસ્તે મરણ છે. પણ આત્મા તો જન્મતો નથી તેમ તેનું મરણ પણ નથી. આ સઘળું નિશ્ચયને આધારે કહેવામાં આવ્યું છે, એ વિચાર ક્ષણવાર પણ દૃષ્ટિ આગળથી દૂર રાખશો નહિ. આત્માને જન્મ મરણ નથી એટલુંજ નહિ પણ તેને દેહ પણ નથી. આત્માનું શુદ્ધ સ્વરૂપ કેવું છે, તેનો આપણે અત્રે નિશ્ચય નયથી વિચાર કરીએ છીએ છીએ, અને તે અપેક્ષાએ આત્મા દેહાતીત છે, આત્માને પૂર્વ કૃત કર્મના બળથી દેહ વળગે, પણ આત્મજ્ઞાની તે દેહને ઉપાધિ રૂપ સમજે છે, સાધન રૂપ ગણે છે. પણ પોતે તેનાથી ન્યારો છે, એવી બુદ્ધિ એક ક્ષણવાર પણ તે આત્મજ્ઞાનીના ચિત્તમાંથી ખસતી નથી. જેટલે અંશે તે બુદ્ધિ રાખવામાં પ્રમાદ તેટલે અંશે અજ્ઞાન સમજવું. જ્યારે આત્માને જન્મ મરણ તથા દેહ નથી ત્યારે તે કેવો છે, એવી શંકાના સમાધાન અર્થે ગ્રંથકારજ જણાવે છે કે તે ચિદ્રૂપી છે, તે જ્ઞાનમય છે. તે જ્ઞાનસ્વરૂપી છે આત્માને કલ્પસૂત્રમાં જ્ઞાનઘન કહેલો છે. આત્મા અને જ્ઞાન તે ભિન્ન નથી, તે બેનો તાદાત્મ્ય સંબંધ છે. વળી આત્મા નિર્લેપ છે કોઈ પણ પ્રકારના લેપથી તે મુક્ત છે. નિશ્ચયથી તે કર્મમળ રહિત છે. જેમ કોઈ સિંદૂરનું બચ્ચું ભૂલથી પેટાનાં ટોળામાં રમે અને

મરણ તેને છે; પણ જ્યાં તેનું શુદ્ધ સ્વરૂપ તેના જાણવામાં આવ્યું તેજ વખતે જન્મ મરણની પરંપરા તેને વાસ્તે બંધ થઈ જાય છે. જન્મમરણનું ચક્ર આત્મજ્ઞાનના અનુભવી પર પોતાનું સામ્રાજ્ય ચલાવી શકતું નથી, સત્તામાં રહેલા અવશેષ કર્મબળથી તેને કેટલોક સમય આ સંસારમાં ભલે કાઢવો પડે, પણ તે હવે ફરીથી તે ચક્રના બંધનમાં આવતો નથી. જો જન્મ અને મરણ એ આત્માનો સ્વભાવ માનીએ તો સિદ્ધના જીવોને પણ જન્મ લેવાનો પ્રસંગ આવે જેને જન્મ હોય તેને બાલ્યાવસ્થા, યુવાવસ્થા, પ્રૌઢાવસ્થા, અને છેવટે જરા આવે છે. પણ જેને જન્મ નથી, તેને જરા શી રીતે હોય ! પુદ્દગલનો સ્વભાવ સડણ પડણ વિધ્વંસન છે. તે ન્યાયે વૃદ્ધાવસ્થા હરેક પદાર્થને આવે છે, ઘટ વગેરે કેવળ જડ વસ્તુઓ પણ કાળ ક્રમે જીર્ણ થાય છે, તો પછી મનુષ્યના શરીરને જરા આવતાં શી ? વાર લાગે જરા પછી મરણ આવે છે. પણ આત્માને તો મરણ પણ નથી તે તો ત્રણે કાળમાં અખંડિત રહે છે.

કહ્યું છે કેઃ—

मृत्योर्बिभेषि किं बाल ।
स च भीतं न मुञ्चति
अजातं नैव गृह्णाति
कुरु यत्नमजन्मनि ।

એકનાનું બાળક રડતું હતું તેની સદ્દગુણી માતા બોધ આપે છે અને પુછે છે કે હે બાળક ! તું મૃત્યુથી કેમ બીહે

છે ? ભય પામેલાને મૃત્યુ છોડી દેતું નથી જેટલા જન્મ્યા તેટલાને વાસ્તે મરણ નિશ્ચિત છે જો તું મૃત્યુના ભયથી મુક્ત થવા ઇચ્છા રાખતો હોય તો ફરીથી જન્મ ન લેવો પડે, તેવો પ્રયત્ન કર. કહેવાનો ભાવાર્થ એ છે કે જન્મતાને વાસ્તે મરણ છે. પણ આત્મા તો જન્મતો નથી તેમ તેનું મરણ પણ નથી. આ સઘળું નિશ્ચયને આધારે કહેવામાં આવ્યું છે, એ વિચાર ક્ષણવાર પણ દૃષ્ટિ આગળથી દૂર રાખવો નહિ. આત્માને જન્મ મરણ નથી એટલુંજ નહિ પણ તેને દેહ પણ નથી. આત્માનું શુદ્ધ સ્વરૂપ કેવું છે. તેનો આપણે અત્રે નિશ્ચય નયથી વિચાર કરીએ છીએ છીએ, અને તે અપેક્ષાએ આત્મા દેહાતીત છે, આત્માને પૂર્વ કૃત કર્મોના બળથી દેહ વળગે, પણ આત્મજ્ઞાની તે દેહને ઉપાધિ રૂપ સમજે છે, સાધન રૂપ માને છે. પણ પોતે તેનાથી ન્યારો છે, એવી બુદ્ધિ એક ક્ષણવાર પણ તે આત્મજ્ઞાનીના ચિત્તમાંથી ખસતી નથી જેટલી અંશે તે બુદ્ધિ રાખવામાં પ્રમાદ તેટલે અંશે અજ્ઞાન સમજવું. જ્યારે આત્માને જન્મ મરણ તથા દેહ નથી ત્યારે તે કેવો છે, એવી શંકાના સમાધાન અર્થે પ્રકારાન્તર જણાવે છે કે તે ચિત્સ્વરૂપી છે, તે જ્ઞાનમય છે તે જ્ઞાનવ્યાપી છે આત્માને કલ્પસૂત્રમાં જ્ઞાનઘન કહેલો છે આત્મા અને જ્ઞાન તે ભિન્ન નથી, તે બેનો તાદાત્મ્ય સંબંધ છે. વળી આત્મા નિર્લેપ છે કોઈ પણ પ્રકારના લેપથી તે મુક્ત છે. નિશ્ચયથી તે કર્મમળ રહિત છે જેમ કોઈ સિંહનું બચ્ચું ભૂલથી ઘેટાંનાં ટોળામાં રમે અને

પોતાને ઘેટું માને, પણ જ્યારે બીજા સિંહને દેખે, અથવા સિંહનો નાદ સાંભળે, ત્યારે તેને ભાન થાય કે હું પણ સ્વરૂપે સિંહ સમાન છું. તેમ આત્મા પણ પોતાના જેવાજ કર્મ બંધનથી બંધાયલા જીવોના ટોળામાં ભમતો હોવાથી, તેને પોતાના સ્વરૂપનું ભાન રહ્યું નથી, પણ જ્યારે તે કોઇક આત્મજ્ઞાનીને જુવે છે, અને આત્માતો કર્મથી નિર્લિપ્ત છે એમ સાંભળે છે, તેજ વખતે પોતાના સ્વરૂપની કાંઇક ઝાંખી તેને થાય છે, અને તે બાબતનો અનુભવ કરવાને તે વિશેષ પ્રયત્ન કરતો રહે છે, તો અંતે આત્માની નિર્લેપતાનો તેને સાક્ષાત્કાર થાય છે. વળી આત્મા નિરાકાર છે, આકાશના જેવો તે આકારરહિત છે. ઘટમાં રહેલા આકાશને ઘટાકાશ કહે, અને દેહમાં રહેલા આકાશને દેહાકાશ કહે, પણ વસ્તુતઃ આકાશ નિરાકાર છે, તેમ જુદી જુદી ઉપાધિઓના સંબંધમાં આવનાર આત્માને જુદા જુદા આકારથી ઓળાવવામાં આવે છે, પણ વસ્તુતઃ તે આકાર રહિત છે. આત્માને કોઇ પણ પ્રકારનો સંગ નથી, સંગજ રાગદ્વેષનું કારણ છે, પણ આત્માતો સ્વભાવે નિસ્સંગી છે, એટલે કર્મના કારણભૂત રાગદ્વેષ તેનાપર અસર કરી શકતા નથી. તે રાગદ્વેષના પાસથી મુક્ત છે. આ શ્લોકમાં આપેલા વિશેષણમાં આત્માનું છેલ્લું વિશેષણ મહોમય છે, આત્મા તેજોમય છે. આત્મા જ્ઞાનપ્રકાશથી વ્યાપ્ત છે, આત્મસૂર્ય જ્ઞાનપ્રકાશથી ઝળહળ રીતે ઉદ્યોત કરી રહે છે. ગયા શ્લોકમાં બતાવ્યા પ્રમાણે ફરીથી કહેવામાં આવે છે કે આ અને આવા આ-

નેક વિશેષણો આપવામાં આવે તોપણ અનુભવ જ્ઞાન વિના પરમ જ્યોતિનું દર્શન કદાપિ થાય નહિ, તેને વાસ્તે શુદ્ધ ચારિત્ર અને આત્મ ધ્યાનની આવશ્યકતા છે.

અવતરણ—આત્માના બાકી રહેલા ગુણો આ શ્લોકમાં વર્ણવેલા છે, જે વસ્તુ પંચઇન્દ્રિયો અને મનની પણ પેલીપાર હોય, જ્યાં મન અને વાણી પણ પહોંચી શકતા ન હોય તેવા પદાર્થનું નિરૂપણ કરવાને, તે જેટલી અપેક્ષાથી વિચારાય તેટલી લાભકારી છે, એમ વિચારી ગ્રન્થકાર આદીના આત્માના ગુણોનું પ્રતિપાદન કરે છે.

અર્થ—આત્મા, વ્યક્તિની અપેક્ષાએ, અજ, સ્વયંભુવ, અનાદ્યનન્ત, સાક્ષર, છે. આ પ્રમાણે આત્મતત્ત્વને જે જાણે છે, તેને યોગિરાજ જાણવો. ॥ ૩૨ ॥

ભાવાર્થ—આત્મા અજ છે, આત્માને જન્મ નથી, અમુક કાળે આ આત્માની ઉત્પત્તિ થઈ એમ કહી શકાય નહિ; તે અપેક્ષાએ આત્મા અજ છે. આત્મા ત્રણે કાળમાં છે તેવોને તેવો છે, એટલે તેની ઉત્પત્તિ ક્યારે થઇ એમ કોણ કહી શકે? વળી આત્મા સ્વયંભુવ છે; કોઇ તેનો કર્તા કે સંહર્તા નથી, તે અનાદિ અનન્ત છે. જગતમાં જેટલા પદાર્થની આદિ છે તેનો અંત પણ છે. આત્મા અનાદિ એટલે આરંભ રહિત, તેમજ તે અંતરહિત પણ છે, ત્રણે કાળમાં જે વસ્તુ એક સરખી રીતે નિત્ય રહી શકે તે અનાદ્યનન્ત કહી શકાય. તેના અસંખ્ય પ્રદેશમાં લેશ માત્ર પણ ફેર પડતો નથી. વળી તે સાક્ષર છે; ક્ષર

એટલે નાશ પામતો, ગુણ પર્યાયોની ઉત્પત્તિ વિનાશ થાય છે. તે આત્માને પર્યાયાર્થિક નયની અપેક્ષાએ ક્ષરભાવ કહેવામાં આવે છે, પણ આત્મદ્રવ્યનો ઉત્પત્તિ કે વિનાશ થતો નથી, માટે તે અક્ષર છે. તેથી અક્ષરભાવ જેનામાં હોય તે અક્ષર કહેવાય છે. આવી રીતે આ ત્રણ શ્લોક દ્વારા આત્માના અનેક ગુણોનું પ્રતિપાદન ગ્રન્થકારે કર્યું છે. આવા આત્મતત્ત્વને જાણે તેને યોગિરાજ જાણવો. જ્યાંસુધી એનો અર્થ કોઈ નથી કરવાનો કે શબ્દથી આવે અથવા શબ્દોમાં બોલી જાય, પણ જેને ઉપર જણાવેલા ગુણોવાળો આત્મા છે, એવું અનુભવજ્ઞાન ગુરુકૃપાએ અને આત્મજના વિશ્વાસ રાખી પ્રયત્ન કરવાથી પ્રાપ્ત થયું છે, તેમ આપ્ત યોગિરાજની મહાપદવીને લાયક છે. તીર્થંકરોને પણ અનુભવ જ્ઞાનથી પછી ઉત્તમ ઉત્તમ કેવળજ્ઞાન પ્રાપ્ત થયું હતું, માટેજ જૈનાગમમાં "યોગીઓ", "નિર્ગ્રન્થો" એવા વિશેષણ વપરાયાં છે ... પૂર્વે પણ ... યોગીઓને પ્રબંધ પ્રાપ્ત થાય

અવતરણ—આત્મયોગીનાં નિર્વાણમાર્ગે ગમન આત્મતત્ત્વજ્ઞાનયોગી આદિ બતાવે ॥

શ્લોકઃ

मिथ्याविनिवृत्तिगोचरो यदि आगमो आगमनः ॥
अतस्तु किं भवन्नाभिः निर्वाणं न मार्गः ३३

टीका--विचक्षणैः सदसद्विवेकचतुरैः शिष्यैर्योग्यधर्म आत्मनः आत्मसम्बन्धी योऽसावधर्मोऽपि यावत् आराध्यः सेवनीयः ननु सर्वेऽपि पर्यायसमाना अतो यत्र तत्रापि वर्तमानो योऽसावपि कार्यस्थित आह । असतोऽप्यनन्तमविद्यमानाद्वस्तुनः सद्वस्तुविषयमपि किं नेत्यर्थोऽन्यथा गगनकुसुमादेरप्युत्पत्तिः स्यात् मार्गः शास्त्रनिष्णातैस्तद्विशेषेण चिन्तनीयम् ॥ २३ ॥

અવતરણ—ઉપર પ્રમાણે આત્માનું સ્વરૂપ બુદ્ધિથી જાણ્યું, હવે તે અનુભવવાને કેવો ઉદ્યમ કરવો જોઇએ તે વિચારવાનું છે; કારણ કે જ્યાં સુધી જ્ઞાન પ્રમાણે વર્તન ન થાય ત્યાં સુધી તે શુષ્કજ્ઞાન સમજવું. માટે તે સંબંધી ગ્રન્થકાર પોતાના વિચાર દર્શાવે છે.

અર્થ—વિચક્ષણ શિષ્યોએ આત્માના યોગ્યધર્મનું આરાધન કરવું; અસત્માંથી સત્ની ઉત્પત્તિ કેવી રીતે થઇ શકે ? માટે અસત્ વસ્તુને મૂકી સત્સ્વરૂપ આત્માજ આદરવા લાયક છે.

ભાવાર્થ—શિષ્ય શબ્દનો ધાત્વર્થ આપણે વિચારીશું તો જણાશે કે જેઓએ ઇન્દ્રિયો અને મનને કાબુમાં રાખ્યા છે, જેઓ તેના પર રાજ્ય ચલાવી શકે છે તેઓ શિષ્યપદને યોગ્ય છે. વળી તેની સાથે તે વિચક્ષણ હોવા જોઇએ. નિત્ય અને અનિત્ય વચ્ચે વિવેક કરવાની શક્તિવાળા તે હોવા જોઇએ. તેવા જીતેંદ્રિય અને બુદ્ધિશાળી શિષ્યોજ આત્મધર્મની ઉપાસના કરવાને યોગ્ય છે. આ-

ત્મધર્મનો માર્ગ સરલ નથી. જગતને જે વસ્તુ પ્રિય અને સુખકારક લાગતી હોય, તેનો પણ ત્યાગ કરવાને તેને તત્પર રહેવું પડે છે, દેહાધ્યાસનો ત્યાગ કરવો પડે છે, અને જરાપણ પ્રમાદ આત્મ માર્ગમાં મોટા વિઘ્નરૂપ છે, એ સિદ્ધાન્ત પ્રમાણે વર્તવું પડે છે. આ બાબત મોક્ષાધિકારીને વાસ્તે છે. જેઓને આ સંસારમાં આનંદ પડે છે, જેઓને જગતના વિષયો આત્મજ્ઞાન કરતાં વિશેષ રસવાળા લાગે છે, તેમને વાસ્તે આ ઉપદેશ નથી. તેઓ જ્યારે આ જગતમાં અનેક ભવભ્રમણ કરશે, અને ગોથાં ખાઈ ખાઈ શીખશે કે આત્મા સિવાયની સર્વ વસ્તુઓ અંતે ક્ષણિક છે; ત્યારે તેઓ આ માર્ગે ચાલવાને લાયક અધિકારી થશે, અને ત્યારે આ માર્ગ તેમને સ્વયમેવ રૂચશે. પણ જેઓનું સાધ્યબિન્દુ આત્મજ્ઞાન અને મોક્ષ છે, તેઓએ આત્મ વિષયક ધર્મનું આરાધન કરવું; કારણકે તેથીજ અંતે જ્ઞાનની ઉત્પત્તિ છે, અસત્‌માંથી સત્‌ની ઉત્પત્તિ થઈ એમ કદાપિ સાંભળવામાં કે જોવામાં આવ્યું નથી. જે જડ પદાર્થ છે, જેમાં આત્મધર્મ બિલકુલ નથી, તેમાંથી આત્મધર્મની પ્રતીતિ શીરીતે થઈ શકે ? દીપ દીપને પ્રકટ કરવામાં સહાયભૂત થાય, પણ અંધકાર કદાપિ થઈ શકે નહિ, તેમ આત્મજ્ઞાનને વાસ્તે આત્માનીજ ઉપાસના કરવી એજ અંતે આત્મજ્ઞાનનું ઉત્તમ સાધન છે. જો અસત્‌માંથી સત્‌ની ઉત્પત્તિ થતી હોય તો ગગનમાં પુષ્પ ઉગવા જોઈએ, પણ તે એમ બનતું નથી, માટે નિશ્ચય નયનું અવલંબન કરી આત્મ દ્રવ્યની ઉપાસના કરવી. વ્યવહારની

ઉપેક્ષા કરી આ સઘળું લખવામાં આવ્યું છે, એમ હે પ્રિય વાંચનાર ! જરાપણ મનમાં લાવીશ નહિ જે જે અપેક્ષાએ જેની પ્રાધાન્યતા આપવા યોગ્ય હોય તે તે આપી આ લખેલું છે. પણ વ્યવહાર માર્ગ ત્યાજ્ય નથી, એ ભુલવું નહિ. નિશ્ચયનો આધાર પ્રાથમિક પગથીઆઓમાં તો દૃઢ વ્યવહારપર છે. એ જૈન સૂત્રોનો અભિપ્રાય હાલુ હૃદે સ્મરણમાં રાખી વર્તવું.

अवतरणम्—गतानुगतिकप्रवृत्तो न शुद्धस्वस्वभावधर्माऽतो गतानुगतिकानां संगपरिहारपूर्वकसत्पथ्यासेवनमाह ।

श्लोकः

गतानुगतिको लोकः स्थूलबुद्ध्यावलोककः
तस्य संगं परित्यज्य आदेयः सत्पथो विदाम् ३२

टीका—लोको गतानुगतिकोऽविगमनानुकारी नावधानेन पश्यति किन्तु स्थूलबुद्ध्यावलोकक आपातरमणीयेऽपि भवे भवर्तमानस्तस्य सङ्गं परित्यज्य विदां सर्वज्ञानां सत्पथः शोभनः पन्था आदेयो न त्वन्धमनुगच्छतोऽन्धस्य गर्त्तत्राणम्३४

અવતરણ—ગાડરીયા પ્રવાહ પ્રમાણે વગર વિચારે ચાલનાર કદાપિ આત્મ શ્રેય કરી શકતો નથી, પણ તે પ્રમાણે નહિ ચાલતાં સજ્જનોના પંથે વિચરવું એજ માત્ર શ્રેયકાર હવે પ્રતિપાદન કરે છે.

અર્થ—લોક ગાડરીયા પ્રવાહ પ્રમાણે ચાલનાર અને સ્થૂલ બુદ્ધિથી અવલોકનાર છે. તેનો સંગ ત્યાગ કરી જ્ઞાનીઓનો શુભ માર્ગ ગ્રહણ કરવા યોગ્ય છે ॥ ૩૪ ॥

ભાવાર્થ—કાર્લાઇલ નામનો એક વિદ્વાન્ લખે છે કે આ જગતમાં ડાહ્યા કરતાં મૂર્ખની સંખ્યા પ્રમાણમાં અ-હુજ છે. આ તેનું કથન અક્ષરશઃ સત્ય છે. અમુક બાબત સત્ય છે કે નહિ તેનો વિચાર કર્યા વગર એકની માફક બીજો કરે છે. જેમ એક ઘેટું ચાલે તેની પાછળ બીજો ઘેટાઓ વગર વિચારે ચાલે છે તેમ આ જગતના લોકોનો મોટો ભાગ ગતાનુગતિક છે. આનું કારણ સૂક્ષ્મ બુદ્ધિનો અભાવ છે, તેઓની બુદ્ધિ કુશાગ્ર નહિ પણ ગોળાગ્ર જેવી છે. આત્મજ્ઞાની દ્રવ્યક્રિયા ગમે તેટલી આદરે તો પણ તેનામાં જગતના પદાર્થો તેમજ ક્રિયાઓ પ્રત્યે એક પ્રકારની ઉદાસીન વૃત્તિ આવે છે, જેને જગતના લોકો અક્કલનું નામ આપે છે. શ્રીમાન્આનંદઘનજી જેવા સમર્થ આત્મજ્ઞાનીને પણ હેરાન કરવામાં તે વખતના લોકોએ કાંઇ બાકી રાખ્યું ન હતું, તો પછી સામાન્ય આત્મજ્ઞાનીની કેવી સ્થિતિ થાય તે વિચારવા જેવું છે. ડાહ્યા પુરૂષોએ બનતા સુધી લોક વિરૂદ્ધ ત્યાગ કરવો, પણ એમ જણાય કે લોકને અનુકુળ થઇ વર્તવામાં આત્મોન્નતિમાં ખામી આવે છે તો તેવા ગાડરીઆ પ્રવાહ પ્રમાણે ચાલનાર, પોતાને પંડિત માનનાર, મુઝાઇ ગયેલી બુદ્ધિવાળા અને એક આંધળાને બીજો દોરે તેમ દોરનારા પુરૂષોના સંગનો ત્યાગ કરી જ્ઞાનીઓએ-સર્વેએ અન્તરૈક

શુભ માર્ગે વિચરવું બાહ્યદ્રષ્ટિએ સુંદર દેખાતા મતમાં નહિ રાચતાં તેની બરાબર પરીક્ષા કરવી, અને પરીક્ષા કરતાં જે સત્ય ભાસે તે જ સ્વીકારવું મારૂં તે સારૂં નહિ ગણતાં સારૂં તે મારૂં એમ ગણતાં શિખવું જોઇએ કારણ કે એવી દ્રષ્ટિવાળો સત્યશોધક સત્યની સમીપમાં જલદીથી આવે છે, સત્ય માર્ગ પ્રાપ્ત થતાં તેને વાર લાગતી નથી; આ રીતે પ્રયાસ કરી મેળવેલા જ્ઞાનમા તેની દૃઢ શ્રદ્ધા ચોંટે છે અને તે જ્ઞાન પ્રમાણે શુભાચરણ રાખવાને પણ તે દોરાય છે, માટે અન્ધ પરંપરાનો ત્યાગ કરી બુદ્ધિનો ઉપયોગ કરી સત્યજ્ઞાનીઓએ કહેલાં સત્ય તત્ત્વનો અનુભવ કરવા દરેકે ઉદ્યમ કરવો એવો ગ્રંથકારનો આશય જણાય છે.

अवतरणम्--द्रव्यधर्मापेक्षया भावधर्मस्यैव मुख्यत्वाद्भावधर्मप्रवर्त्तकानो मोक्षाधिकारीत्याह

श्लोकः

भावधर्मप्रशून्या ये द्रव्यधर्मप्रवर्त्तकाः ॥
आत्मोपयोगशून्यत्वात्कथं मोक्षं प्रयान्ति ते ३५

टीका--ये भावधर्मशून्या ज्ञानदर्शनचारित्रशून्यास्तत्कारणस्य रूपे भोजननिवृत्तिरूपोपवासादिके द्रव्यधर्मे प्रवर्त्तमानास्ते आत्मोपयोगशून्यत्वादुपयोगमुख्यधर्मबाह्यीकृतत्वात्कथं मोक्षं प्रयान्ति ? नैवेति ॥ ३५ ॥

અવતરણ—મોક્ષાધિકારીએ સ્વીકારવા યોગ્ય ધર્મોમાં પણ દ્રવ્યધર્મ કરતાં ભાવ ધર્મની વિશેષ મુખ્યતા છે એ બાબત હવે ગ્રન્થકાર નિવેદન કરે છે.

અર્થ—ભાવધર્મ શુન્ય જે પુરૂષો દ્રવ્યધર્મના પ્રવર્તક છે, તેઓ આત્મોપયોગની શુન્યતાથી મોક્ષ કેવી રીતે પ્રાપ્ત કરી શકે?

ભાવાર્થ—જૈન શાસ્ત્રો દ્રવ્યક્રિયા કરતાં ભાવક્રિયાને ઉત્તમ ગણે છે ઉત્તમ દ્રવ્યક્રિયા તે ઉત્તમ ભાવનું કારણ છે; પણ ભાવવગર કરાયેલી દ્રવ્યક્રિયા વિશેષ ફળદાતા નીવડતી નથી. કહેવાનો ભાવાર્થ એમ નથી કે દ્રવ્યક્રિયા ન કરવી, પણ તે ભાવ સહિત કરવી. ધર્મના ચાર પ્રકાર દાન, શીળ, તપ અને ભાવ છે, તેમાં પણ પ્રથમ ત્રણેનો આધાર અને ઉત્તમફળ ભાવપર રહેલું છે.

શાસ્ત્રોમાં વારંવાર એમ કહેલું સાંભળવામાં આવે છે કે ક્રિયા કરતી વખતના મનના પરિણામ ઉપર શુભાશુભ કર્મના બંધનો આધાર છે. એક ડાક્ટર કોઇક સ્ત્રીના સડેલા પગનો ભાગ બીજા ભાગને ન સડાવે તે હેતુથી તે પગ કાપી નાખે, અને કોઇકિ ચોર તે સ્ત્રીના પગમાંથી કડલું ન નીકળતું હોય તેથી તે કાપી નાખે; આ બન્નેનાં કાર્ય બાહ્ય દ્રષ્ટીથી દેખનારને એક સરખા લાગે, પણ તેમાં આશયની ભિન્નતા હતી, માટે તેના ફળમાં પણ અવશ્ય ફેર પડવાનો. આત્મ ધર્મરૂપ સાધ્યબિન્દુ લક્ષમાં રાખી કરવામાં આવેલી દરેક ક્રિયા સંવરના કારણરૂપ થાય છે. જેમાં આત્મોપયોગની તદ્દન શુન્યતા છે, તેવી દ્રવ્યક્રિયા

ये मुमुक्षवः एकाग्रचित्ततया निरवकल्पकम् प्रमाणगोचर अन्यविकल्पसंकल्परहितम् आत्मानं ध्यायन्ति ते [illegible] [illegible] परिशुद्धज्ञानस्वरूपी शुद्धात्मैकरूपिणीति [illegible] [illegible] [illegible] परमेष्ठिनो भवन्ति इति परमपदम् [illegible] ॥ ३७ ॥

અવતરણ—આત્મધર્મનું અવલંબન કરવું એમ [illegible] કહેવામાં આવ્યું. આત્મધર્મનું અવલંબન કરીને શું થાય તે કહે છે—

અર્થ—જે [illegible] પુરૂષો પ્રમાદનો પરિત્યાગ કરીને [illegible] શુદ્ધ ધ્યાન [illegible] [illegible] છે, તે [illegible] [illegible] છે ॥ ૩૭ ॥

ભાવાર્થ—[illegible]

.છે કે જેનો આપણને આપણી હાલની સ્થિતિમાં ખ્યાલ આવવો પણ મુશ્કેલ લાગે છે

આઠ કર્મ અને તેની ૧૫૮ પ્રકૃતિ અને તેના જુદા જુદા ભેદોનો વિચાર કરતાં માણસનું મન નાસીપાસ થાય છે. આટલાં બધાં કર્મોનો હું કેવી રીતે સંહાર કરી શકીશ તે વિચાર તેને નિરૂત્સાહી બનાવે છે પણ આત્માના દરેક પ્રદેશમાં અનંતી કર્મ વર્ગણાનો નાશ કરવાનું સામર્થ્ય રહેલું છે, એ વિચાર જ્યારે ધર્મ શાસ્ત્ર રજુ કરે છે, ત્યારે મનુષ્યમાં હીમત આવે છે, તેના આત્મબળમાં વિશ્વાસ આવે છે. અને આત્મબળમાં જો વિશ્વાસ રાખી ધ્યાન માર્ગમાં પ્રવર્તે છે તો અશુભ કર્મદળને અલ્પ સમયમાં વિખેરી નાંખે છે.
કહ્યું છે કે

अहोऽनन्तवीर्योऽयमात्मा विश्वप्रकाशकः ॥
त्रैलोक्यं चालयत्येव ध्यानशक्तिप्रभावतः ॥

અહો ! વિશ્વને પ્રકાશ કરનાર આત્મા અનંત શક્તિ વાળો છે, અને ધ્યાન શક્તિના પ્રભાવથી ત્રિલોકને ચલાવવા પણ તે સમર્થ છે. ધ્યાનના ચાર ભેદ છે. આર્તધ્યાન, રૌદ્રધ્યાન, ધર્મ ધ્યાન, અને શુકલધ્યાન. તેમાં પ્રથમના બે પ્રકાર સર્વથા ત્યાજ્ય છે. ધર્મધ્યાન શુભ કર્મ ઉપાર્જન કરવામાં સહાયકારી છે. પુણ્યાનુબંધી પુણ્ય ધર્મ ધ્યાનથી પ્રાપ્ત થાય છે. અને ધર્મધ્યાનથી પણ ઉંચે ચઢીને મનુષ્ય શુકલ ધ્યાનનો આશ્રય લે છે, શુકલ ધ્યાનના સામ

જુદા ભાગોપર ઉંચે ચઢતાં જીવ ક્ષપક શ્રેણીએ આરૂઢ થાય છે, અને અંતે સકલ કર્મથી મુકત થઇ અર્હંતપદ પ્રાપ્ત કરે છે. ધ્યાન માર્ગ જેમ શબ્દોમાં દર્શાવવામાં આવ્યો, તેટલો સુગમ નથી. તેને વાસ્તે પ્રથમ મનને એકાગ્ર કરવાની જરૂર છે. અને મનની એકાગ્રતા વાસ્તે શુભ આલંબનોની આવશ્યકતા છે. શુભ આલંબનનો આશ્રય લેઈ પ્રથમ ધર્મ ધ્યાન કરવું, જ્યારે મન એકાગ્ર થતું જાય, ત્યારે તે એકાગ્ર થયેલા મનની શક્તિને આત્મધ્યાનમાં પરોવવી. આત્મ ધ્યાનથી આત્મા નિર્મળ થાય છે. જડ વસ્તુથી પોતે ભિન્ન છે એવો તેને અનુભવ થાય છે. આત્મા અને જડ વસ્તુના ભેદ જ્ઞાન ઉપર ધ્યાન કરતાં આત્મ દર્શનનો સાક્ષાત્કાર થાય છે, અને જેને આત્મ દર્શન થયું તે સકળ વસ્તુનો જ્ઞાતા બને છે. આત્મ જ્ઞાનીથી કોઇ પણ બાબત ગુપ્ત રહેતી નથી. આપણે ઉપર વિચારી ગયા છીએ કે આત્મામાં દરેક વસ્તુનું પ્રતિબિંબ પડે છે. માટે આત્મજ્ઞાની સકલ પદાર્થનો જ્ઞાતા થાય છે.

અવતરણ—આત્મધ્યાન કેવી રીતે કરવું અને તેથી શો લાભ થાય તે એ બાબત હવે ગ્રંથકાર સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે.

અર્થ—જે પુરૂષો એકાગ્ર ચિત્ત વૃત્તિથી આત્માને નિર્વિકલ્પ માની ધ્યાન કરે છે, તે સ્વસ્થતા પામીને પરમાનન્દને ભજનારા થાય છે. ॥ ૩૭ ॥

ભાવાર્થ—એવો અધ્યાત્મ ગ્રંથોમાં નિયમ છે કે

અને સતત અભ્યાસની જરૂર છે. જે બાબતમાં આપણે મનને સ્થિર કરવા માગતા હોઇએ તે બાબતથી મન જરા પણ ખસી જાય, તો તેને બળથી પાછું લાવી તે બાબત પર સ્થિર કરવું. આમ દશવાર, સોવાર, હજારવાર પ્રયત્ન કરવો પડે તોપણ જરા સરખી પણ હિમ્મત હારવી નહિ. મનને સ્થિર કરવાના વિવિધ પુરૂષાર્થથી અનેક માર્ગ છે, પણ તે સર્વ વિભાગોનો આપણે બે વિભાગમાં સમાવેશ કરી શકીશું. જે મનુષ્યોમાં લાગણીનું પ્રાબલ્ય વધારે છે, જેના હૃદયમાં ભક્તિના તરંગો વિશેષ સ્ફુરે છે, જેની બુદ્ધિ કરતાં જેની લાગણીઓ વધારે પ્રમાણમાં કામ કરે છે, તેને વાસ્તે ઇષ્ટદેવની ભક્તિદ્વારા ધ્યાન કરવાનો માર્ગ બહુજ સુગમ થઇ પડશે. ઇષ્ટદેવની મૂર્તિ દેખતાં તેનું મન તે પર સુગમતાથી સ્થિર થઇ શકશે; અથવા ઇષ્ટ દેવના જીવન ચરિત્રમાંના કોઇ પણ પ્રસંગને મન આગળ લાવી, તેમાં તે વધારે સહેલાઇથી પોતાના મનને સ્થિર કરી શકશે.

જેનામાં લાગણીઓ કરતાં બુદ્ધિનો પ્રભાવ વિશેષ છે, જેનું મન ન્યાયશાસ્ત્રના ગહન પ્રશ્નો ઉકેલવાને દોડે છે, જે લાંબી વિચાર શ્રેણીઓ અસ્ખલિત રીતે કરી શકે છે, તેવા મનુષ્યને વાસ્તે ભક્તિ કરતાં તત્વસ્વરૂપ વિશેષ લાભકારક થઇ પડશે. આ જુદાં જુદાં સાધનો છે, અને તે યોગ્ય સાધનનો આશ્રય લેઇ મનને સ્થિર કરવું જરૂરનું છે, આમ જેનું મન ભક્તિ અથવા તત્વચિંતનથી એકાગ્ર થયેલું છે, તેવો મનુષ્ય જો આત્માનું નિર્વિકલ્પ ધ્યાન કરે તો તેને ધ્યાનનો આનંદ પણ નિર્વિકલ્પ દશા

પ્રમાદનો ત્યાગ કરે છે નિર્વિકલ્પદશાનો વિચાર કરતાં મનના સંકલ્પ વિકલ્પ ટળી જાય છે, અને આત્મામાં એક પ્રકારની સ્થિરતા આવી રહે છે તે સ્થિરતા કહો કે શાંતિ કહો, કે ધ્યાનની તલ્લીનતા કહો, પણ તેજ પરમાનંદ જેને માટે યોગીઓ તલપે છે, અને જે મેળવવાને તેઓ અનેક પ્રકારના કષ્ટ પણ સહન કરે છે

भवन्तएव ध्यानपरायणा शिष्या ध्यानबलेन मोक्षमाप्नुवन्ति महता पुण्येन ॥

श्लोकः

महद्धैर्यंसमालम्ब्य शासनोद्योतकारकाः ॥
प्रवृत्ताः साध्यसिद्ध्यर्थमात्मतत्त्वस्य संमुखाः॥२८॥
शिष्या एतादृशा योग्या धर्मकामार्थसाधकाः ॥
मोक्षतत्त्वं समाराध्य बुद्धसिद्धा भवन्ति ते ॥२९॥

टीका—" युग्मम " एतादृशा योग्याः शिष्याः सोपान विषयाऽभ्युदयमारूढवन्तो धर्मं चतुर्वर्गसाधनं जिनेन्द्रप्ररूपितं कामं विषयजन्यमनस्तुष्टिमर्थं वासुदेवचक्रधरदेवादिसम्पदं साधयन्तीति धर्मकामार्थसाधकास्सन्तो मोक्षतत्त्वं समाराध्य बुद्धासिद्धा भवन्ति पूर्वं बुद्धाः पश्चात्सिद्धा इति बुद्धसिद्धा लब्धकेवलज्ञानसिद्धिभाजः कीदृशास्त इत्याह महद्धैर्यमिति शासनोद्योतकारकाः ज्ञानपठनपाठनपूजाप्रभावनाजीर्णोद्धारविधा

दानादिना शासनोद्योतं कुर्वन्ति ते विघ्नशतैरपि नाभिभूयन्त इत्याह महद्धैर्यं समालम्ब्यातिधीरता माध्य साध्यसिद्ध्यर्थं स्वोन्नतिरूपं साध्यं तत्सिद्ध्यर्थं प्रवृत्ताः ॥ ३९ ॥

અવતરણ—ધ્યાન પરાયણ મનુષ્ય ધ્યાનમાર્ગથી મોક્ષ પ્રાપ્ત કરે છે, તે હવે ગ્રન્થકાર દર્શાવે છે.

અર્થ—અતિશય ધૈર્યનું અવલંબન કરીને શાસનનો ઉદ્યોત કરનારા અને આત્મ તત્વની સંમુખ રહેનારા શિષ્યો સાધ્યની સિદ્ધિ અર્થે પ્રવૃત્તિ કરે છે. ॥ ૩૮ ॥

ભાવાર્થ—આત્મ સાધનમાં અતિ ધૈર્યની જરૂર છે. કોઇ પણ કાર્યમાં વિજય પ્રાપ્ત કરવાને ધૈર્યની જરૂર પડે છે તો પછી આવું વિકટ કાર્ય કરવામાં તેની જરૂર પડે એ સ્વાભાવિક છે, જે મનુષ્ય ભય આવતાં પાછા હઠે છે, જે મનુષ્ય આત્મમાર્ગમાં જરાપણ વિઘ્ન આવતાં પોતાનો સનિશ્ચય [illegible] દે છે, તે માણસ ઉન્નતિના શિખરપર ચઢવાને સમર્થ નથી. શ્રેયાંસિ બહુવિઘ્નાનિ. [illegible] માર્ગમાં બહુ વિઘ્ન છે, એ ન્યાયથી ધ્યાન જેવા આત્મિક અભ્યુદયના માર્ગમાં વિઘ્નો જરૂર આવવાના, વિઘ્નનો સંહાર કરવાથી પોતાની શક્તિમાં વિશેષ વિકાસ થાય છે. માટે ધૈર્યનું અવલંબન કરી, સતશિષ્યોએ આત્મતત્વસંમુખ થવું. જેમ [illegible] ઉદર અજગર નાથે છે, પણ તેનું વિઘ્ન [illegible] રહે છે, જેમ પક્ષી ભરી આવતી [illegible] ચાલી રહે છે, પણ તેમનું વિઘ્નો આપાદરના ભાવનોજ રહેવું રહે છે. જેમ ભવાની સર્વ ક્રિયા કરવા છતાં

પ્રેક્ષકોનું ચિત્ત જરૂર આત્મ સંમુખ રહે છે, આ રીતે સાધ્યબિન્દુને લક્ષમાં રાખી, શાસનનો ઉદ્યોત થાય તેવાં કાર્યો કરે છે, કોઇવાર જ્ઞાનીઓ ચમત્કારાદિ ક્રિયાઓ કરે છે, તો તે પણ શાસનના પ્રભાવ અર્થેજ હોય છે. તેઓને અનીંદ્રિય વિષયોનું જ્ઞાન હોવાથી જગતને આશ્ચર્યભૂત લાગતી બાબતે સંબંધમાં પણ પૂર્ણ જ્ઞાનથી બોલે છે, અને તેથી તેઓ શ્રોતાવર્ગ ઉપર ન ભુલાય તેવી અસર કરે છે. અનુભવ જ્ઞાનીઓનું વચન સર્વથા વિજયવંત નીવડે છે બુદ્ધિથી તત્ત્વ સમજનાર અને અનુભવથી તત્ત્વને જાણનાર વચ્ચે આકાશ જમીન જેટલું અંતર છે. અનુભવ જ્ઞાનીઓ જેટલી શાસન પ્રભાવના કરી શકે છે, અને લોકોને શુદ્ધમાર્ગે દોરે છે, તેવું કામ કરવાને આ જગતમાં કોઇ પણ સમર્થ નથી. ચમત્કાર અથવા ક્રિયા પ્રભાવથી ધર્મમાર્ગમાં વળેલા મનુષ્યો થોડા સમય પછી વધારે ચમત્કાર કરનારને દેખી તેના માર્ગમાં ભળે છે, પણ જેઓને જ્ઞાનબળથી ધર્મનું તત્ત્વ યથાર્થ રીતે સમજાવવામાં આવ્યું હોય છે, તેઓ કદાપિ સન્માર્ગથી પડતા નથી. માટે ખરો શાસન પ્રભાવક તો આત્મધર્મનો ઉપદેશક છે, એમ મારું તો નિશ્ચય પૂર્વક માનવું છે તેઓ પરોપકાર કરે છે અને અને પરોપકાર દ્વારા આત્મશ્રેય સાધે છે. છે. પરમાર્થ એજ ખરો સ્વાર્થ છે, એ વિચારને આગળ રાખી તેઓ પરોપકારાર્થે સદા ઉદ્યમવાન્ રહે છે.

અવતરણ—ઉપર જણાવેલા ગુણવાળા શિષ્યોનું છેવટે શું થાય છે, તે હવે ગ્રંથકાર પ્રતિપાદન કરે છે.

અર્થ—આવા શિષ્યો યોગ્ય હોય છે, અને ધર્મ કામને અર્થ સાધવાવાળા તેઓ મોક્ષતત્ત્વનું આરાધન કરી અંતે બુદ્ધ અને અને સિદ્ધ થાય છે. ॥ ૩૯ ॥

ભાવાર્થ—ઉપર જણાવેલા ગુણોવાળા મનુષ્યો શિષ્યપદને યોગ્ય હોય છે. તેઓ ધર્મ કામ અને અર્થ ચાર પુરૂષાર્થમાં પ્રથમ ત્રણ તેઓ સાધે છે, જેમ નિસરણીના પગથીયાં પર મનુષ્ય ચઢે છે, તેવી રીતે મોક્ષ મેળવાને યોગ્ય નિસરણીપર ચઢવાને પ્રથમ તે ધર્મનો આશ્રય લે છે ધર્મબિન્દુમાં પ્રારભમાંજ શ્રીમદ હરિભદ્ર સૂરિએ કહ્યુ છે કેઃ—

धनदो धनार्थिनां मोक्षः कामिनां सर्वकामदः ॥
धर्म एवापवर्गस्य पारंपर्येण साधकः ॥ १ ॥

ધર્મ ધનાર્થિને ધન આપવાવાળો. અને કામીપુરૂષને સર્વ ઇચ્છિત પદાર્થ આપવાવાળો, અને પરંપરાએ ધર્મજ મોક્ષનો સાધક છે. આ વિચાર એણીનો આશ્રય લેઇ મનુષ્યે પ્રથમ ધર્મની આરાધના કરવી. ધર્મથી માણસને ધન મળે છે, અને ઇચ્છિત પદાર્થ પણ મળે છે. આ તેનાં ફળ જલ્દી મળે છે, અને છેવટે તે ધર્મનું ફળ મોક્ષ પ્રાપ્તિમાં આવે છે. મોક્ષ પ્રાપ્તિરૂપી ફળ મેળવતાં સમય લાગે છે, પણ દ્દઢ નિશ્ચયથી સદુઘમ કરનાર તે સ્થિતિ બ્હેલી મોડી પ્રાપ્ત કર્યા વગર રહેતો નથી. તેથીજ આ શ્લોકમાં જણાવ્યું છે કે આવા સુશિષ્યો ધર્મ અર્થ અને કામ મેળવ્યા પછી મોક્ષતત્ત્વની આરાધના કરે

टीका--ऐहिकं धनधान्यस्त्रीसंसर्गादिजन्यम् आमुष्मिकं देवांगनाभोगविमानारोहणप्रेक्षणादिजन्यं स्वर्गीणं सौख्यं । क्षणिकं प्रतिक्षणविनश्वरं मुधाऽसत्यं च जानीहि बुध्यस्व । अतोऽनन्तं ध्वंसाप्रतियोगि अयत्नेयत्तावधारणरहितं, शाश्वतं, त्रैकालिकं, सत्यं, संसयविपर्यादिदोषरहितमात्मनः सौख्यं भजस्व । आत्मनेपदं तु भजनाक्रियाजन्यात्मानुभवफलस्यात्मगामित्वात् ॥ ४० ॥

અવતરણ—આવી સ્થિતિ પ્રાપ્ત કરવા વાસ્તે એક બાબત તો ધ્યાનની છે, તે આપણે વિચારી ગયા હવે બીજી અગત્યની બાબત જે નિત્યાનિત્ય વસ્તુ વચ્ચેનો વિવેક છે, તે ઉપર ગ્રંથકાર પોતાના વિચારો જણાવે છે.

અર્થ—આ લોકનું અને પરલોકનું સુખ ક્ષણિક અને મિથ્યા છે એમ જાણ અને આત્માના અનંત સત્ય અને શાશ્વત સુખનો ભજનાર થા ॥ ૪૦ ॥

ભાવાર્થ—આ લોકનું એટલે ધન ધાન્ય સ્ત્રી વિલાસ, ખાનપાન, ભોગનું સુખ તથા શુભ કૃત્યોને લીધે મળતું સ્વર્ગીય સુખ ક્ષણિક છે. જેમાં વિકૃતિ થાય તે ક્ષણિક સમજવું, સાંસારિક પદાર્થોમાં દરેક ક્ષણે ફેરફાર થયાંજ કરે છે, અને તેથી તેમાંથી ઉપજતા સુખમાં પણ ફેરફાર થાય એ સ્વાભાવિક છે; તે સુખને મિથ્યા માનવું એજ ઉચિત છે. આપણે આ શ્લોકોનું વિવેચન કરતી વખતે વિચાર કરી ગયા છીએ કે આ જડ વસ્તુથી ઉત્પન્ન થતું સુખ ત્યાગ કરવા યોગ્ય છે; તેનાં મુખ્ય કારણો પણ

આશ્રય લેવાનું તે શ્લોક સૂચવે છે. ઉપર જણાવેલા ત્રણે દો- ષથી આત્મસુખ મુક્ત છે. તે ક્ષણિક નથી પણ શાશ્વત છે; તે દુઃખગર્ભિત નથી પણ સર્વદા સુખ પૂર્ણ છે. તે પ્રાપ્ત કર્યા પછી બીજી કોઇ વસ્તુની પ્રાપ્તિની આકાંક્ષા રહેતી નથી. તે આત્મિક સુખ અનન્ત છે, ને શાશ્વત છે. વળી તે સુખ સત્ય છે. તે સુખનો અનુભવ કરવાને યોગીઓ સર્વદા મચી રહેલા હોય છે, તેનેજ વાસ્તે સર્વ ધર્મ શા- સ્ત્રોની પ્રરૂપણા છે. સઘળી ધાર્મિક ક્રિયાઓ પણ તેની પ્રાપ્તિના ઉદ્દેશથી પ્રરૂપાયેલી છે. સ્વરોદયમાં શ્રી કર્પૂર- ચંદ્રજી લખે છે કેઃ—

વિનાશી પુદ્દગલ દશા, અવિનાશી તું આપ,
આપો આપ વિચારતાં મિટે પુણ્ય સહ પાપ.

સઘળી પૌદ્દગલિક વસ્તુઓ વિનાશ ધર્મવાળી છે, કે- વળ આત્માજ અવિનાશી છે. જો આત્માનું ધ્યાન કરવામાં આવે, તો પુણ્ય અને પાપ સર્વ મટી જાય છે, અને આ- ત્માનો સાક્ષાત્કાર થાય છે. આ કામ એકદમ થઇ શકે નહિ. પણ આવી ભાવના આવવી તે પણ પરમ પુણ્યના ઉદય વિના સંભવતું નથી. કારણ કે ભાવનાઓ ધીમે ધીમે કા- ર્યમાં પરિણામ પામે છે, જ્યારે અમુક બાબતના વિચારો બહુજ ઘટ થાય છે ત્યારે તે વિચારો કર્મનું રૂપ લે છે. માટે આવી ભાવના જો હશે તો એક દિવસ પણ અમલમાં મૂકાશે, માટે જ્ઞાનની બલિહારી છે.

अवतरणम्—यस्य ज्ञानेनात्माऽर्हन् भवति तदात्मतत्त्वं यादृशं तदाह ॥

श्लोकः

निश्चलं निर्मलं ज्ञेयमात्मतत्त्वं सुखप्रदम् ॥
यस्य शुद्धप्रबोधेन भवत्यर्हन् महीतले ॥ ४१ ॥

टीका—निश्चलं ऐन्द्रियकविषयावभासज्ञातवेदनीयरहितं, निर्मलं रागद्वेषादिमलरहितं, सुखप्रदं सुखप्रदायकमेतादृशमात्मतत्त्वं ज्ञेयम्, यस्य पूर्वोक्तात्मतत्त्वस्य शुद्धप्रबोधेन शुद्धानुभवज्ञानेनात्मा महीतलेऽर्हन् भवति ॥ ४१ ॥

અવતરણ—આત્મજ્ઞાનથી આત્મા અર્હંત્ પ્રભુની સ્થિતિ પ્રાપ્ત કરે છે, આત્મા સ્વરૂપે અર્હંત્ છે, ને તેનો આત્મજ્ઞાનથી સાક્ષાત્કાર થાય છે. આ બાબત ગ્રન્થકાર હવે પ્રદર્શિત કરે છે.

અર્થ—આત્મતત્ત્વને સુખ આપનાર નિશ્ચય અને નિર્મળ ગણવું. જેના શુદ્ધ પ્રબોધથી આત્મા આ પૃથ્વી ઉપર અર્હત્પદવી પ્રાપ્ત કરે છે. ॥ ૪૧ ॥

ભાવાર્થ—માણસને જડ પદાર્થની સાથે ઘણા કાળથી એવો સંબંધ થઇ ગયેલો છે કે પોતે આત્મા છે એવું ભાન ભુલી જાય છે. જ્ઞાની પુરૂષો ઘણી વાર જડ પદાર્થના મોહને વશ થઇ આત્મજ્ઞાન ભુલી જાય છે પણ ગ્રન્થકાર વારંવાર આત્માનું સ્વરૂપ દર્શાવે છે. આત્મતત્ત્વ નિશ્ચળ છે. સર્વ અનિશ્ચિત વસ્તુમાં આત્મતત્ત્વ નિશ્ચળ છે. વળી આત્મતત્ત્વ નિર્મળ છે. જે મળ લાગેલો છે તે આ-

ત્માનો સ્વાભાવિક ગુણ નથી, પણ વિભાવિક ધર્મ છે, અને તે સર્વથા ત્યાજ્ય છે. રાગદ્વેષ જનિત કર્મમળ અને આત્માને ખરો સંબંધ નથી, પણ આત્મા ભુલથી પોતાને રાગદ્વેષમય માને છે, અને તેથી રાગદ્વેષથી તે લેપાય છે.

જે વખતે આ ભ્રમ ટળી જાય છે, અને આત્મા પોતાને આત્મા તરીકે ઓળખે છે, તેજ પળે સર્વ કર્મબંધનો, સૂર્યના પ્રકાશ આગળ ધુમસની માફક, અદૃશ્ય થઈ જાય છે. અને આત્મા અર્હત્ બને છે: દેવતાઓનો પણ પૂજ્ય બને છે. શુદ્ધ અને નિષ્કામ ધાર્મિક ક્રિયાથી પણ કર્મ દૂર થાય છે, પણ ખરો આત્મ પ્રકાશ તો આત્મજ્ઞાનના અનુભવથીજ થાય છે. તે અર્હત્પદવી પ્રાપ્ત કર્યા પછી આ જગતની અંદર જાણવા યોગ્ય કાંઇ બાકી રહેતું નથી. આ શબ્દોમાં જેવી ઝડપથી તે દર્શાવાય છે, તેટલું તે કામ સુગમ નથી. પ્રકૃતિ અથવા પાદ્ગલિક પદાર્થો એવા એવા સૂક્ષ્મ સ્વરૂપથી માણસને લલચાવે છે કે જ્ઞાની પણ ક્ષણવાર પોતાનું આત્મ સ્વરૂપ ભુલી જાય છે, અને પોતે જડ હોય તેવી રીતે વર્તે છે. પણ જ્ઞાન હોવાને લીધે વળી તેને પોતાના સ્વરૂપનું ભાન થાય છે, અને પ્રાપંચિક જાળમાંથી તે મુક્ત થવા પ્રયત્ન કરે છે. આમ ઉદ્યમ ઉદ્યમ કરતાં, કરતા, અને આત્માનું ધ્યાન કરતાં કરતાં માણસ પીરિ અર્હત્પદવી મેળવવા ભાગ્યશાળી થાય છે.

अवतरणम्-अथ श्लोके आत्माऽऽत्मज्ञानेनार्हन् भवतो
स्पुर्लं स ण्रात्मदा िदो भवति तदर्शयितुमाह ॥

श्लोक

ध्मति यः सितं कर्म सिद्ध इत्यभिधीयते ॥
सिद्धत्वं नात्मनो भिन्नमात्मैव सिद्धतां श्रयेत ४२

टीका-य आत्मा ज्ञानादिसितं सितं बद्धं कर्माष्टकं ध्मति दहति स सिद्ध इत्यभिधीयते यत सिद्धत्वमात्मनो भिन्नं न भवति किन्त्वात्मैव सिद्धतां श्रयेत सिद्धदशां प्राप्नोत्यत आत्मा परमेश्वरो दर्शितः ॥ ४२ ॥

અવતરણ—આત્મજ્ઞાનથી આત્મા અર્હત બને છે, એટલુંજ નહિ પણ ધીમે ધીમે સિદ્ધ પણ બને છે આત્મામાં સિદ્ધ ભગવાનનું પદ મેળવવાની પણ યોગ્યતા છે. તે હવે ગ્રન્થકાર દર્શાવે છે.

અર્થ—જે સિત (બંધાયેલા) કર્મને ધમે છે (બાળે છે) તે સિદ્ધ કહેવાય છે. સિદ્ધપણું આત્માથી જુદું નથી. આત્માજ સિદ્ધતાને પામે છે. ॥ ૪૨ ॥

ભાવાર્થ—આત્માને આઠ કર્મ વળગેલા છે. તે કયારથી વળગેલા છે તે કોઇથી કહી શકાય નહિ. એ આઠમાંથી જ્ઞાનાવરણી, દર્શનાવરણી, મોહની, અને અંતરાય એ ચાર કર્મનો જ્યારે નાશ થાય છે, ત્યારે આત્મામાં કેવળ જ્ઞાન ઉપજે છે. તે ચાર કર્મને ઘાતીકર્મ કહેવા છે. તેના વિનાશથી જીવ અર્હત્ બને છે; અને બાકીના ચાર કર્મનો પણ જ્યારે નાશ થાય છે, ત્યારે આત્મા સિદ્ધ બને છે.

સિદ્ધ અષ્ટકર્મ રહિત હોય છે. આ સિદ્ધની સ્થિતિ
આત્માથી ભિન્ન નથી. આત્મા સ્વરૂપે શુદ્ધ બુદ્ધ મુક્ત
ભાવનો છે. જે વસ્તુનો ગુણ ન હોય તે ગુણ તેને આ
વામાં આવે તો તે અનિત્ય ગુણ ઠરે અને તેનો કોઇક ક
નાશ પણ થાય, તેમ જો સિદ્ધત્વ આત્માથી ભિન્ન હો
અને તે અમુક પ્રકારથી આત્માને મળતું હોય તો તે
કોઈક કાળે વિચ્છેદ પણ થાય. પણ તે તો આત્માનું
તાનું છે. વાદળાંથી સૂર્ય ઢંકાયલો હોય, તો આપણને
ન દેખાય, પણ જ્યારે વાદળાં ખસી જાય ત્યારે સૂર્ય
કાશી નીકળે છે. શું આટલો વખત સૂર્ય ત્યાં નહતો
શું સૂર્યમાં નવો પ્રકાશ આવ્યો ! ના તેમ નથી. સ
તથા સૂર્યનો પ્રકાશ તો સર્વ કાળ અવિચ્છિન્ન હતાં,
મેઘના સદ્ભાવથી તે દેખાતા ન હતા. તેમ આત્મામાં સિદ્ધપ
રહેલું છે, પણ કર્મથી આત્મજ્ઞાન અવરાયેલું હોવાથી
પણને તેનું ભાન થતું નથી. જ્યારે શુદ્ધ ક્રિયા અને શુ
જ્ઞાનથી આ પડલ ખરી જશે ત્યારે આત્માનું સિદ્ધત્વ
યમેવ જણાઇ આવશે. જે આત્મામાં સિદ્ધતા પ્રાપ્ત કરવા
શક્તિ રહેલી છે, તે બીજું શું કરી ન શકે ! માટે મા
થી શું થશે એવા મિથ્યા વિકલ્પોનો ત્યાગ કરી આ
શક્તિમાં વિશ્વાસ રાખી ઉદ્યમ કરો, જરૂર તમે આત્મ
દ્ધિના ભોક્તા થશો.

अवतरणम्—आत्मैव सिद्ध इति कथनान्तरमात्मैवार्हद्
माप्नोति स अर्हन्नप्यात्मैवेति दर्शयितुमाह ॥

જિન જેવો નિજ આત્મા, નિશ્ચય ભેદ ન રંચ,
એજ સાર સિદ્ધાંતનો છોડો સહુ પ્રપંચ.

આવા ઘણાં વાકયો આત્મજ્ઞાન રસિક પુરૂષોના બો
દાયક વચનોમાં અંતર્ભૂત થયેલાં માલુમ પડે છે. મા
આપણો આત્મા અર્હદ્ ભગવાન્ સ્વરૂપીજ નિશ્ચયનયથી
વળી આત્મા મોક્ષ સ્વરૂપી છે. આત્માતો શુદ્ધ નિશ્ચયથી એ
કર્મ બંધનથી રહિત છે પણ જ્યાં સુધી તે સ્વરૂપનો અનુભવ
સાક્ષાત્કાર થયો નથી ત્યાં સુધી તો આત્માને વ્યવહારથી કર્મબ
માનવો જોઇએ. અર્હત્પ્રભુમાં જે ગુણો પ્રગટપણે વર્તે છ
તે આપણામાં સત્તારૂપે રહેલા છે માટે જરાપણ ખેદ ધર્
સિવાય અથવા આપણો આત્મા હલકો છે, એવો નિરુત્સા
હને પ્રેરનારો વિચાર લાવ્યા સિવાય ઉદ્યમ કરવો, અને ઉ
દ્યમથી કર્મમાત્ર ક્ષીણ થશે, અંને આત્માનુભવ થશે. કારણ
આત્મા સ્વભાવે નીચ નહિ પણ ઉત્કૃષ્ટ છે. એ ઉત્કૃષ્ટતા
નો ખ્યાલ હાલે હાલે લાવવો જોઇએ. વળી આત્મા જ્ઞાનથી
અભિન્ન છે, એટલે આત્મા જ્ઞાનસ્વરૂપી છે. વસ્તુતઃ જ્ઞાન
એજ આત્મા છે. પણ જો જ્ઞાન એજ આત્મા એમ માની-
એતો ગુણી અને ગુણની એકતા માનવી પડે અને તે જૈન-
શાસ્ત્ર પ્રમાણે વિરૂદ્ધ છે. ગુણ ગુણીથી ભિન્નાભિન્ન છે.
ગુણ કથંચિત્ ભિન્ન છે, અને કથંચિત્ અભિન્ન છે માટે
તેને શાસ્ત્રકારોએ ગુણીથી ભિન્નાભિન્ન માન્યો છે. તે ન્યા-
યથી આત્મારૂપી ગુણીને જ્ઞાન ગુણ સાથે ભિન્નાભિન્ન સં-
બંધ છે આત્મા સિવાયની દરેક વસ્તુ હેય-જાણવા યોગ્ય-
છે; તેનો જ્ઞાતા આત્મા હોવાથી તે જ્ઞાનસ્વરૂપી છે; વળી

આત્મા દરેક પદાર્થનો જ્ઞાતા છે એટલુંજ નહિ પણ સ્વસ્વરૂપનો જ્ઞાતા છે. જેમ જ્ઞાન વૃદ્ધિ થાય તેમ ઉદ્યમ કરવો. તેને વાસ્તે સદ્ગ્રન્થો વાંચવા, જ્ઞાનીઓની ઉપાસના કરવી, ધ્યાન કરવું, અને આત્મા તેજ હુંછું એમ અનુભવવાને પ્રયત્ન કરવો; આમ કરવાથી અંતે આત્મજ્ઞાન જરૂર થશે. અને તે જ્ઞાન થતાં બીજી કોઇ વસ્તુ જાણવાજોગ જગતમાં રહેશે નહિ.

अवतरणम्—आत्मैवाहमिति स्थापनानन्तरं ध्यानस्थ आत्मा रोगदेहलिंगात् स्वं भिन्नं वस्तुवृत्त्यानुभवति तद्दर्शयितुमाह ॥

श्लोकः

रोगचिन्ताविनिर्मुक्तः अदेही देहवान् कथम् ॥
लिङ्गी नाऽहं कथं लिंगी चिन्त्यं चैतन्यचिन्तया ४४

टीका—रोगः कर्मनिबंधनवातपित्तकफवैषम्यजन्यो व्याधिश्चिन्ता—अशुभध्यानं ताभ्यां विनिर्मुक्तो विशेषेण संसर्गरहितोऽहमात्मा पुनरहमदेही—देहस्य पुद्गलस्कन्धरूपत्वेन जडत्वादात्मनश्च ज्ञानघनचेतनस्वरूपत्वाद् वस्तुवृत्त्या कथमहं देहवान् किंतु न देहवानित्यर्थः पुनश्चाहं लिङ्गी नास्मि लिङ्गं हि पुमादिरूपं तत्संसर्गी वस्तुवृत्त्या नास्मि पुमादि—वेदस्य कर्मरूपत्वेन व्यावहारिकत्वादिति चैतन्यचिन्तया—शुद्धात्मस्वरूपचिन्तया चिन्तयामि हे आत्मन् तव चिन्तावसरः प्राप्तोऽपि कृत्यापिधानात् ॥ ४४ ॥

અવતરણ—આત્મા એજ અર્હત્ છે, એમ પ્રતિપાદન કરી હવે રોગ, ચિંતા દેહ અને લિંગથી આત્મા ભિન્ન છે એમ બતાવવાનો પ્રયત્ન કરતાં કહે છે કે—

અર્થ—રોગ અને ચિંતાથી મુક્ત આત્મા છે, અદેહી છતાં તેને દેહ કેમ હોય ! હું લિંગી નથી છતાં લિંગી કેમ હોઉ ! આ રીતે ચૈતન્યના વિચાર પૂર્વક ચિંતવવું. ૪૪

ભાવાર્થ—આ સ્થળે જે વિચાર કરવાનો છે તે ચેતન આશ્રયી વિચારવાનું છે. એટલે આ સ્થળે જે જે કહેવામાં આવ્યું છે તે નિશ્ચયનયની અપેક્ષાએ છે. આત્મા રોગી નથી; કારણ કે રોગ દેહાધિન છે; અને દેહ તે આત્મા નથી તો પછી આત્માને રોગ શી રીતે લગાડી શકાય! વળી આત્મા ચિંતાથી પણ મુક્ત છે. ચિંતા એટલે આર્ત તથા રૌદ્ર ધ્યાનનું સેવન; તે ચિંતા મનનો ધર્મ છે. મનની અંદર સંકલ્પ વિકલ્પ થાય છે; પ્રિય વસ્તુનો વિયોગ થતાં, અથવા અનિષ્ટ વસ્તુનો સંયોગ થતાં આર્ત ધ્યાન થાય છે, વળી ક્ષણે ક્ષણે દુષ્ટ પરિણામો મનના થયાં કરે છે, આ સર્વ મનના ધર્મ છે; અને મન તે આત્મા નથી; પણ આત્મા આ ચિંતાથી પણ મુક્ત છે, આ પ્રમાણે આત્મા રોગ અને ચિંતાથી મુક્ત છે, એટલું જ નહિ પણ આત્મા દેહ રહિત છે. કારણકે દેહ એ જડનો પરિણામ છે, અને જ્ઞાનઘન એ આત્માનો સ્વભાવ છે, માટે દેહ તે આત્મા નથી, પણ આત્મા દેહ રહિત છે. વળી આત્મા લિંગ રહિત છે. પુરૂષ સ્ત્રી અને નપુંસક એ ત્રણ લિંગ છે, તે લિંગ દેહને અધિન છે. દેહની અપેક્ષાએ આપણે આત્મા-

ને પુરૂષ સ્ત્રી અથવા નપુંસક કહી શકીએ, પણ જ્યારે દેહ તે આત્મા નથી તો પછી આ ભેદ આત્માને શી રીતે લાગુ પડે ? આત્મા તો પુરૂષ નથી, સ્ત્રી નથી, તેમ નપુંસક પણ નથી. વ્યવહારથી દેહની અપેક્ષાએ આપણે આત્માને ગમે તેવું નામ આપીએ, પણ વસ્તુતઃ આત્મા લિંગ રહિત છે; તેથી તે અલિંગી કહેવાય છે. આ સર્વ વિચાર શુદ્ધાત્મ સ્વરૂપની અપેક્ષાયે છે. જ્યાં સુધી આત્માએ આવી શુદ્ધ અપેક્ષા હૃદયમાં રાખી નથી ત્યાં સુધી આત્મા ઘણીવાર પોતાને રોગ ચિન્તા, અને દેહ યુક્ત માનવાને દોરાય એ બનવા જોગ છે. દેહાધ્યાસ એટલો બધો પ્રબળ છે કે આત્માનું જ્ઞાન ધરાવનાર પણ ઘણીવાર પોતે દેહ હોય એમ વિચારી કાર્ય કરવા પ્રેરાય છે. માટે આવું ચિંતન સતત કરવું, એજ કહેવાનો સાર છે કે જેથી સ્વસ્વરૂપનો સાક્ષાત્કાર થાય.

अवतरणम्—पुनरप्यनिरूढ आत्मा पौद्गलिकमात्रं सर्वं नात्मीयमिति विमृशति ॥

श्लोकः

मदीयं कल्पितं यद्यद् मरीचिजलसन्निभम् ॥
तत्तु मिथ्या विजानीहि बंधो ममेति बुद्धितः ९५

टीका—यद्यत् पूर्वं मया रागद्वेषादिपरिणत्या धनधान्यपुत्रकलत्रगृहादि परवस्तुमात्रे मदीयं कल्पितं ममत्वपरिणामेन स्वीकृतं तत्सर्वं वस्तुजातं मरीचिजलसन्निभं मृगतृष्णाप्रतिभा-

रम्, अत एव हे चेतन तत्सर्वं मिथ्या विजानीहि युष्मत् बंधस्तु कर्माष्टकबन्धस्तु ममेति बुद्धितो ममेदं सर्वमिति बुद्धितो भवत्यतो ममत्वं त्यज ॥ ४९ ॥

અવતરણ—સર્વ પૌદ્ગલિક જાલ જેને આત્મા અજ્ઞાનથી મારી માનતો હતો, તે મારી નથી એમ બતાવવાને હવે ગ્રન્થકાર લખે છેઃ—

અર્થ—જે જે મારૂં કલ્પવામાં આવેલું છે, અને જે મૃગ તૃષ્ણિકાના જળ (ઝાંઝવાનાં પાણી) જેવું છે, તેને મિથ્યા જાણવું. તે મારૂં છે એવી બુદ્ધિથીજ બંધ થાય છે.

ભાવાર્થ—જેવી રીતે ઉષરભૂમિમાં મૃગતૃષ્ણાનું જળ દેખાય છે, તે મેળવવા તૃષાતુર મૃગો તે જગ્યાએ દોડે છે, જેમ જેમ તે દોડતા જાય છે તેમ તેમ તેમને જળ આગળ જતું દેખાય છે, તે છતાં પણ જ્યારે તેઓ છેક પાસે આવે છે ત્યારે તે સ્થળે કાંઇ પણ દેખાતું નથી; તે વખતે તે મૃગને શોક અને ખેદ થાય છે. તેવીજ રીતે આ સાંસારિક પદાર્થો પ્રાપ્ત કરવાને આ પામરજીવ લલચાય છે. તૃષ્ણાથી બંધાયેલો જીવ તે તે પદાર્થો મેળવવા તેમની પાછળ દોડતો જાય છે. તે પદાર્થ સમીપમાં જણાવા છતાં હાથમાંથી સરી જાય છે. પણ કદાપિ તેની પ્રાપ્તિ થાય છે, તો પણ પ્રથમ જેટલો ધારતો હતો તેટલો મોહક પદાર્થ તેને ન લાગવાથી તે શોકાતુર બને છે. આ રીત જગતના સર્વ પૌદ્ગલિક પદાર્થોને એક સરખી રીતે લાગુ પડે છે. સઘળા પદાર્થ અનિત્ય છે. ખરી રીતે આ જગતનો કોઇ-

પણ પદાર્થ નિત્ય નથી, માટે તે મારો આત્માનો નથી. માટે તે સર્વ પદાર્થોને મિથ્યા જાણવા અને તેની પ્રાપ્તિથી હર્ષ ધરવો નહિ તેમ તે વસ્તુના વિયોગથી શોક ધરવો નહિ. કારણકે તે પદાર્થ જ્યારે આત્માના નથી ત્યારે તેનો હર્ષ શોક શો ધરવો ?

તે વસ્તુ મળવાથી કે જવાથી કર્મબંધ થતો નથી, પણ તે વસ્તુ મારી છે એવી બુદ્ધિ ધારણ કરવાથી કર્મ બંધ થાય છે. જગતમાં દુઃખ પણ મારા પણાનું છે. જ્યાં મમત્વ ત્યાંજ દુઃખ છે. માટે વસ્તુ ઉપરથી મમત્વ ભાવ જેમ બને તેમ દુર રાખવાને પ્રયત્ન કરવો, કારણ કે ખરૂં જ્ઞાનનું ફળ વિરતિ છે. જો મૂર્છા ભાવનો ત્યાગ થાય તો લાખો રૂપીયા પાસે હોવા છતાં તે તેનાથી લેપાતો નથી, અને જો મૂર્છાભાવ રહેલો છે તો નાની સરખી વસ્તુમાં પણ તે ભાવ પ્રગટ થયા વિના રહેશે નહિ આ કામ કાંઇ સહેલું નથી, પણ તે અનુભવવાને પ્રયત્ન કરવાની ખાસ જરૂર છે. " હું અને મારૂં " એ મંત્રવડે મોહરાજા સકળ-જીવોને કર્મબંધનથી બાંધે છે. જગતમાં હજારો માણસો દરરોજ મરે છે, છતાં આપણી આંખમાંથી આંસુ સરખું પણ ખરતું નથી, પણ આપણા છોકરાનું માથું દુઃખવા આવતાં આપણી ચક્ષુમાંથી ધોધાર આંસુ પડે છે. આનું કારણ શું તે વિચારીએ. તે છોકરાને તેણે પોતાનો માન્યો હતો, માટે જ દુઃખ થયું. જો પોતે સાક્ષી તરીકે રહે, તો જગતનાં સર્વ કર્મ કરવા છતાં પણ માણસ કર્મ બંધનથી મુક્ત થાય. જ્યાં સાક્ષીભાવ ન રાખતાં પોતેજ

કાર્યનો કર્તા બને છે, અને તેના ફળનો ભોક્તા થવાનું પસંદ કરે છે, ત્યાંજ કર્મબંધ થાય છે, માટે આ પુદ્ગલ વસ્તુ વિષેનો મમત્વ ભાવ ઓછો થાય તેમ કરવા દરેક આત્મહિતાર્થીએ ઉદ્યમવાન થવું એ અતિ જરૂરનું છે.

अवतरणम्-पूर्व परवस्तुनि ममत्वत्यागः कथितः अधुना ममत्वबुद्धेरनर्थकारित्वमाविचारयति ॥

श्लोकः

अहं ममेति बुद्धिस्तु संसारोत्कर्षकारिणी ॥
उदासीनेन चित्तेन सज्जना धर्मसाधकाः ॥ ४६॥

टीका-अहमेतेषां स्वाम्येते च ममस्वामिति बुद्धिस्तु भवपरंपरावर्धनशीला भवत्यतः सज्जना महात्मान उदासीनेन चित्तेन वैराग्यसंवेगभावनया धर्मसाधका भवन्ति ॥ ४६ ॥

અવતરણ—જ્યારે આત્મા ધ્યાનારૂઢ થાય છે, ત્યારે આત્મસ્વરૂપની ઝાંખી થાય છે, અને પૌદ્ગલિક પદાર્થ ઉપરનો તેનો મોહ ઉતરી જાય છે. અને સાંસારિક પદાર્થોની પ્રાપ્તિ કે નાશ થતાં પણ તે ઉદાસીનવૃત્તિ રાખી શકે છે. તે બાબત હવે ગ્રન્થકાર દર્શાવે છેઃ—

અર્થ—" હું અને મારૂં " એવી બુદ્ધિજ સંસારની પરંપરાને વધારનારી છે. પણ જે સજ્જનો છે, તે ઉદાસીન વૃત્તિથી ધર્મનું સાધન કરે છે. ॥ ४६ ॥

ભાવાર્થ—જગતમાં માણસ માત્રને દુઃખ થાય છે તેનું જો કારણ આપણે તપાસવા માગીએ તો આપણને જ

ણાયા વગર રહેશે નહિ કે મમત્વભાવ એજ દુઃખનું પરમ કારણ છે. "આ મારૂં અને હું એનો સ્વામી" આવો ખોટો અધ્યાસ થયેલો હોવાથી તે વસ્તુ ન મળતાં અથવા તેનો નાશ થતાં સહજ દુઃખ થાય છે. શ્રીમદ્ જશોવિજયજી પણ જ્ઞાનસારમાં આવાજ અર્થનો શ્લોક લખી જણાવે છે કે "હું અને મારૂં એ મોહરાજાનો મહામંત્ર છે, અને તે મંત્રે આખા જગતને અંધ બનાવ્યું છે. જો તે શબ્દોની આગળ ન મુકવામાં આવે અને એમ કહેવામાં આવે કે "આ હું નહિ અને એ મારૂં નહિ" તો તેનો તેજ મંત્ર મોહને જીતવા સમર્થ થાય છે. અનેક ભવોથી આ મોહરાજાના પ્રબળ મંત્રની એવી તો સજડ છાપ માણસ માત્રપર પડી ગયેલી છે કે ગુરૂની કૃપા વિના અથવા આત્મધ્યાન કરવાના પરમ પુરૂષાર્થ વિના તે છાપ–અસર દૂર કરવી એ કામ ઘણું વિકટ છે સામાન્ય મનુષ્યો એમ જણાવે છે કે જો જગતની આ વસ્તુઓ ઉપરનો મમત્વ ભાવ દૂર કરીએ તો પછી અમને સુખ શેમાં મળે ! આ વસ્તુઓ તે મારી નથી એવી ભાવના ભાવવાથી શો આનંદ પ્રાપ્ત થાય !

જેણે ઉચ્ચ જીવનના સુખનો લેશ માત્ર પણ આસ્વાદ ન લીધો હોય તેના મનમાં આવી શંકા સ્ફુરે એ સ્વાભાવિક છે, જો નિસ્પૃહી હોય છે, અને જેઓ આત્મધ્યાન કરવા મંડે છે, તેમને જે આનંદ થાય છે, તેની સાથે આ જગતનો કોઈ પણ આનંદ સરખાવી શકાય તેમ નથી. મધુર સ્વરનું રસીલું મૃગ પારધિને હાથે મરણનું. —

કબુલ કરે છે, પણ તે મધુર નાદમાંથી મળતું સુખ છોડી દેવાને તત્પર થતું નથી; તેવા મૃગને મળતું સુખ આ આધ્યાત્મિક આનંદની અપેક્ષાએ સમુદ્ર આગળ બિન્દુ સમાન છે. આત્મિક આનંદને વર્ણવવા ઘણા અનુભવીઓએ પ્રયત્ન કર્યો છે, પણ તેઓની કલમ થાકી ગઈ છે, અને છેવટે તેઓ એટલુંજ લખી ગયા છે કે અંતરનો આનંદ અનુભવાય છે પણ વર્ણવાતો નથી; કારણ કે આ જગતમાં મળતા સુખમાં એવું એક પણ પ્રકારનું સુખ નથી કે જેને આત્મિક આનંદની તુલના આપી શકાય !

જે સજ્જનો છે તે મમત્વભાવને વશ નહિ થતાં સુખ દુઃખમાં તેમજ ઇષ્ટ વસ્તુની પ્રાપ્તિ કે વિયોગમાં એક સરખી રીતે ઉદાસીન ભાવ ધારણ કરી શકે છે. પુર્વકૃત કર્માનુસાર આવી પડેલી સ્થિતિમાં તેઓ સમભાવ રાખે છે. આત્મા તો આકાશની માફક નિર્લેપ છે, એ ભાવને નિરંતર [illegible] તેઓ રાખ્યા જ કરે છે, અને તેથી તેઓનું ચિત્ત [illegible] [illegible] સરોવરના જેવું શાંત બને છે [illegible] [illegible] [illegible] [illegible] [illegible] ચિત્ત શાંતિમાં ભંગ પડતો નથી, અને તેઓ [illegible] [illegible] ધર્મ સાધન સારી રીતે કરી શકે છે. ધર્મ સાધનના [illegible] બાબત જે ચિત્તની સ્થિરતા, તે [illegible] [illegible] [illegible] [illegible] બીજા મનુષ્યો કરતાં વધારે [illegible] [illegible] [illegible] શુદ્ધ ક્રિયા પણ કરી શકે છે. જેમ [illegible] [illegible] [illegible], તેમ [illegible] ક્રિયા [illegible] [illegible] [illegible] રીતે [illegible] છે

[illegible] [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] ॥

श्लोकः

शुद्धं स्वाभाविकं धर्ममात्मानः सेवते सुधीः ॥
कीर्त्यपकीर्तितः किन्ते त्वं भिन्नोऽसि ततःस्वयम्४७

टीका—सुधीःनयनिक्षेपप्रमाणभंगेन पद्द्रव्यज्ञ, आत्मनः स्वाभाविकं शुद्धं धर्मं सेवते—भावरत्नत्रयरूपं धर्मं स्थिरत्वया अभ्यस्यति, अत एव हे चेतन त्वमपि शुद्धात्मधर्मे यतस्व—शुद्ध चेतनधर्मपरायणं त्वं दृष्ट्वा ज्ञात्वा च केचित् कीर्तयन्ति भवन्तमपकीर्त्तयंत्यन्येऽतो नैव त्वया स्वधर्मं मुक्त्वा तत्र दृष्टिपातो विधेय इत्याह । कीर्त्याऽपकीर्त्या वा किं ते प्रयोजनम् कीर्त्यपकीर्ती हि नामकर्मपौद्गलिकप्रकृतिरूपे त्वं तु चेतनस्ताभ्यां जडरूपाभ्यां कीर्त्यपकीर्तिभ्यां स्वयं भिन्नोऽसि नैव भिन्ने वस्तुनि विदुषा हर्षशोकवता भवितव्यमिति ॥४७॥

અવતરણ—આત્માની સ્વાભાવિક શુદ્ધતાનો વિચાર દસાવવાની એટલી બધી જરૂર છે કે ફરીથી ગ્રંથકાર તેજ બાબતને સમર્થન કરે છે.

અર્થ—બુદ્ધિમાન્ પુરૂષ આત્માના શુદ્ધ સ્વાભાવિક ધર્મનો આશ્રય લે છે. તારે કીર્તિ કે અપકીર્તિથી શું પ્રયોજન છે? તું ખરે તેનાથી ભિન્ન છે. ॥ ૪૭ ॥

ભાવાર્થ—આત્માનો શુદ્ધ સ્વભાવ જ્ઞાનદર્શન અને ચારિત્ર છે અને બુદ્ધિમાન્ પુરૂષ તો સર્વદા તે આત્માના સ્વાભાવિક ગુણોમાંજ રમણતા કરે છે. જેથી જ્ઞાન અને દર્શનની વૃદ્ધિ થાય, અને શુદ્ધ ચારિત્ર પળાય તેવા પ્રયત્નો તે આદરે છે

કેવળ જડક્રિયારૂચિ તેવા મનુષ્યની નિંદા કરે કે પ્રશંસા કરે તેની તે લેશ માત્ર દરકાર રાખતો નથી. તે જે કાર્ય કરે છે તે કીર્તિ મેળવવા કરતો નથી, આત્માના ધર્મ શું છે તે તે સમજે છે, અને તે પ્રમાણે નિસ્પૃહતાથી વર્તે છે. કીર્તિ અને અપકીર્તિ એ જગતે માનેલાં ખોટાં ત્રાજવાં છે, આત્મા તે બન્નેથી રહિત છે. કીર્તિથી આત્માના ગુણમાં વૃદ્ધિ થતી નથી, તેમ અપકીર્તિથી હાનિ થતી નથી. તેના સ્વભાવમાં રતિ માત્ર પણ ફેર પડતો નથી, તો પછી આત્માનો જે સ્વભાવ છે, તે તરફ અનાદર કરી શા સારૂ ફોકટ કીર્તિની પાછળ માણસે ભમવું જોઈએ ! જે લોકો કીર્તિની સ્પૃહા વગર નિષ્કામ વૃત્તિથી કર્તવ્ય બજાવે છે, તેઓને જરૂર કીર્તિ દેવી પૂજે છે; પણ જે કીર્તિ મેળવવાને વાસ્તેજ સઘળો પ્રયત્ન કરે છે, તેનાથી ખરી કીર્તિ દુર રહે છે, એટલું જ નહિ પણ શુભ કાર્ય કરવાથી મળતો જોઈતો સંતોષપણ દુર રહે છે, માટે આત્મજ્ઞાનાભિલાષીએ કીર્તિ અને અપકીર્તિનો વિચાર દુર રાખી જેથી આત્મશ્રેય થાય તેવો માર્ગ ગ્રહણ કરવો.

अवतरणम्—आत्मज्ञानेन सर्वेषां महत्त्वं भवतीत्याह ॥

श्लोकः

आत्मतत्त्वावबोधेन बालोपि वृद्धतां श्रयेत् ॥
आत्मनोऽज्ञानतो वृद्धो बालचापल्यमाश्रयेत् ॥२८॥

टीका—आत्मतत्त्वस्य सम्यग् ज्ञानेनाल्पवयस्कोऽपि सर्व-

पूज्यो भवति । आत्मनोऽज्ञानतो बहुवयस्कोपि बालत्वमाप्नोति, ॥ ४८ ॥

અવતરણ—આત્મજ્ઞાનની બલિહારી કેટલી બધી છે, તેનો સંપૂર્ણ ખ્યાલતો કોઇ પણ માણસ આપી શકે નહિ; તોપણ ગ્રન્થકાર પોતાની મતિ પ્રમાણે આત્મજ્ઞાનનુ માહાત્મ્ય બતાવે છે.

અર્થ—આત્મતત્વના જ્ઞાનથી બાળક પણ વૃદ્ધ બને છે. પણ આત્મતત્ત્વનો અજ્ઞાન એવો વૃદ્ધ પણ બાળની લીલાને યોગ્ય થાય છે. ॥ ૪૮ ॥

ભાવાર્થ—સંસ્કૃત ગ્રન્થકારો મેઘનાદથી જણાવે છે કે ગુણો એ પૂજાનું સ્થાન છે; પણ વયકે લિંગ પૂજ્ય નથી. કોઇ બાળક હોય કે વૃદ્ધ હોય; પુરૂષ હોય યા સ્ત્રી હોય, પણ જો તેનામાં ગુણ હોયતો તે ખરેખર પૂજ્ય છે. આ સ્ત્રી છે કે આ બાળક છે, એવો વિચાર મનમાં નહિ લાવતાં જો તે આત્મજ્ઞાની હોયતો જરૂર તે પૂજ્યતાને પાત્ર છે. શરીરથી ભલેને કોઇ બાળક હોય, પણ તેનો આત્મા કાંઇ બાળક નથી. આત્માતો બાળ નથી યુવા નથી વૃદ્ધ નથી. તેમજ આત્મા સ્ત્રી નથી, પુરૂષ નથી, નપુંસક નથી, માટે બાળ શરીરમાં રહેલો હોયતો પણ આત્મજ્ઞાનીનો આત્મા ખરે ખરેખર પૂજ્ય છે તેમજ સ્ત્રીના શરીરમાં રહેલું આત્મજ્ઞાનયુક્ત આત્મ જ્યોતિ વંદનીય છે. શરીરથી વ્યવહારથી તે આત્મા બાળ દેખાય છે. પણ જ્ઞાનથી તે આત્મા વૃદ્ધ છે, માટે વૃદ્ધ જેટલો તે પ્રશંસનીય છે. આથી ઉલટો માણસ મોટી ઉમરનો હોય, પણ જો તેનામાં આ-

ત્મજ્ઞાન ન હોય તો તે બાળના જેવી ક્રીડા કરે છે. તે શરીરે વૃદ્ધ દેખાવા છતાં જ્ઞાનની અપેક્ષાએ બાળ છે. ગમે તેટલાં શાસ્ત્રનો અભ્યાસ કર્યો હોય, પણ જો તે માણસને આત્મજ્ઞાન ન થયું હોય તો, તે આત્મજ્ઞાનની અપેક્ષાએ બાળ જ કહી શકાય. જેને જેનો અભ્યાસ ન હોય તેની અપેક્ષાએ બાળ ગણવો જોઇએ. બાળનો અર્થ આ સ્થળે, અનુભવ રહિત એમ સમજવું. માટે જો ખરી રીતે વૃદ્ધત્વ પ્રાપ્ત કરવું હોયતો આત્મજ્ઞાનનો અનુભવ કરવાને સતત પ્રયત્નશીલ થવું. ॥ ૪૮ ॥

अवतरणम्—आत्मविद्यातः सुखं तत्वविद्यानस्तद्दर्शनायाद युग्मम् ॥

श्लोकः

भववृद्धिप्रवृद्धिन्या अविद्यायाः कुतः सुखम् ॥
अतोऽविद्यां परित्यज्य आत्मविद्यां समाश्रयेत्॥४९॥
आसन्नैर्भविभिः ज्ञेया तत्त्वविद्या तु दुर्लभा ।
ततः सर्वप्रयत्नेन आत्मविद्यां समाश्रयः ॥५०॥

टीका—भववृद्धिप्रवृद्धिन्या-भवश्चतुर्गत्यात्मकः संसारः तस्य वृद्धिं प्रकर्षेण वर्धयति तच्छीला तस्या भववृद्धिप्रवृद्धिन्या अविद्यायाः कुतः सुखं भवेत् अपि तु न किंचित् सुखं भवेदित्यर्थःऽतोऽविद्यां परित्यज्य भव्य आत्मविद्यां समाश्रयेत् ॥४९॥ आसन्नैरल्पसंसारैर्भव्यजीवैस्तत्त्वविद्या- आत्मविद्या दुर्लभा;

दुःखेन लभ्यते सा दुर्लभा महता प्रयासेन लभ्येति ज्ञातव्यम् आत्मज्ञानेन मुक्तिर्भवति ततः सर्वोद्यमेनात्मविद्यामात्मज्ञानं समाश्रय- अंगीकुरुष्व ॥ ५० ॥

અવતરણ—ખરૂં સુખ આત્મવિદ્યાથી છે, અને અવિદ્યાથી કદાપિ સુખ નથી, તે બાબત ગ્રન્થકાર હવે દર્શાવે છે.

અર્થ—ભવસંતતિને વધારનાર અવિદ્યા-અજ્ઞાન-થી કયાંથી સુખ મળે! માટે અજ્ઞાનનો ત્યાગ કરી આત્મવિદ્યાનો આશ્રય કરવો જોઇએ. ॥ ૪૯ ॥

ભાવાર્થ—માણસ જન્મ મરણની પરંપરામાં રખડે છે, તેનું ખરૂં કારણ જો તપાસીએ તો આપણને જણાશે કે અજ્ઞાન છે અજ્ઞાનથી માણસ પોતાની નહિ તેવી વસ્તુઓને પોતાની માને છે, અને તે પ્રાપ્ત કરવાને ન કરવા યોગ્ય કાર્યો કરે છે, અથવા તો નહિ વિચારવા યોગ્ય વિચારો કરે છે અથવા ઇચ્છાઓ રાખે છે, આથી કર્મબંધથી બંધાય છે. તે કર્મને ભોગવવાને તેને ફરીથી જન્મ લેવો પડે છે, અને તે જન્મમાં તે ઉદયમાં આવેલાં કર્મ ભોગવતાં નવાં કર્મ બાંધે છે. તેને અજ્ઞાન છે તેથી તે પ્રારબ્ધ (ઉદયમા આવેલાં) કર્મને સહન શીળતાથી ભોગવતો નથી, પણ તે ભોગવતાં હર્ષ શોક ધારણ કરી નવાં કર્મ ઉપાર્જે છે; આ પ્રમાણે જ્યાં સુધી આત્મજ્ઞાન ન થાય ત્યાં સુધી તેને સંસારમાં પરિભ્રમણ કરવું પડે છે. આવી સંસારની પરંપરાને વધારનાર અજ્ઞાન જ્યાં સુધી મનુષ્યને છે ત્યાં સુધી તેમાંથી સુખની આશા કયાંથી રાખી શકાય! કોઇવચના

ની વાવીને મોગરાના ફૂળની ઇચ્છા રાખવી એ ખરેખર નિરર્થક છે; આત્માનું જે સ્વરૂપ છે તેનું અજ્ઞાન એજ ખરૂં અજ્ઞાન. એજ અવિદ્યા, એજ મિથ્યાત્વ; આ સર્વ નિશ્ચયનયની અપેક્ષાએ કહેવામાં આવેલું છે તે ભુલવું જોઈએ નહિ.

આ રીતે અવિદ્યા દુઃખના કારણભૂત હોય તો શું કરવું ! તે પ્રશ્નનો ઉત્તર ગ્રન્થકારજ આપે છે કે અવિદ્યાનો ત્યાગ કરી આત્મ વિદ્યાનો આશ્રય લેવો ઉચિત છે. આત્મવિદ્યા પ્રાપ્ત કરવી એ કામ સુગમ નથી, તો પણ તે દિશાએ જો પ્રયત્ન કરવામાં આવે તો કોઈ દિવસ પણ તે મેળવી શકાય. પણ જવું હોય હિમાલય ભણી, અને દક્ષિણ માર્ગ ગ્રહણ કરીએ તો કદાપિ ધ્યેયની સમીપમાં આવી શકીએ નહિ. માટે આત્મજ્ઞાનીઓનો સંગ કરવો, આત્મજ્ઞાનનાં પુસ્તકો વાંચવાં અને આત્મજ્ઞાનના સંબંધમાં જેટલું જાણવામાં આવ્યું હોય તેટલું વ્યવહારમાં મુકવા પ્રયત્ન કરવો. આ રીતે આત્માને આવરણ કરનાર પડળ દૂર થશે અને આત્મજ્ઞાન શું છે તેની કાંઈક વિશેષ ઝાંખી થશે. જેમ જ્ઞાન મળે તેમ તે પ્રમાણે વર્તન કરનાર વિશેષ જ્ઞાનનો અધિકારી થાય છે. માટે જ્ઞાન પ્રમાણે ક્રિયા કરવી ઉચિત છે. આ રીતે જ્ઞાન પ્રમાણે વર્તતાં આત્માનું સ્વરૂપ સમજવામાં આવશે, અને પછી શું કરવું તે કહ્યા વિના પણ સમજાઈ જશે.

અવતરણ—નવા શ્લોકમાં જણાવેલી બાબત અતિ જરૂરની હોવાથી ફરીથી ગ્રન્થકાર તેજ બાબતને દ્રઢીભૂત કરતાં કહે છે કે --

અર્થ—દુર્લભ તત્ત્વવિદ્યા અલ્પસંસારી ભવ્યજીવોએ જાણવી. સર્વ પ્રયત્નો કરીને પણ આત્મવિદ્યાનો આશ્રય કરવો. ॥ ૫૦ ॥

ભાવાર્થ—ભવ્ય એટલે સંસાર સમુદ્ર તરવાને લાયક એવો અર્થ છે. તેવો પુરૂષ ભવ્યપણાને લીધે-સંસાર સમુદ્રની પાર ઉતારવાની લાયકાતવાળો હોવાને લીધે શુદ્ધ પ્રયત્ન કરી, કર્મનો સંહાર કરી, આત્મ સ્વરૂપનો અનુભવ કરી યોગ્ય સમયે મોક્ષ મેળવે છે. મગમાં કોરડુની માફક કેટલાક એવા પણ જીવો હોય છે કે જે કદાપિ મોક્ષ મેળવી શકશે નહિ એમ જૈન શાસ્ત્ર કહે છે. તેવા જીવોને અભવ્ય કહેવાય છે. આથી કેટલાક પુરૂષો હિમ્મત હારી જાય, માટે ગ્રન્થકાર જણાવે છે કે હું ભવ્ય છું કે અભવ્ય, એવી ભાવના જે જીવને થાય તે જીવ ભવ્ય સમજવો. અભવ્ય જીવ પ્રમાણમાં બહુ થોડા છે આ ભવ્યાભવ્યના વિચારથી કોઇએ પણ જરા પણ ડર ખાવો નહિ. આત્માની પરમાત્મદશા કરવા માટે આપણે સદુદ્યમ કરવો. અને સદુદ્યમથી ધીમે ધીમેઉચ્ચો સ્થિતિ આપણે પ્રાપ્ત કરીશું અને અંતે મોક્ષ મેળવીશું,

अवतरणम्—पूर्वोक्तस्वरूपात्येन्यत्पक्षा विद्यन्ते तदाह ॥

ઇષ્ટ વસ્તુ વસ્તુતઃ આત્મા છે, અને તે આત્મા તેજ તું છે. માટેજ તું ઇષ્ટ વસ્તુનો ખજાનો છે, એમ કહેવામાં આવેલું છે. વળી આત્માને સુખનો સાગર કહેવામાં આવેલો છે, તે પણ બરાબર છે. આત્મા સ્વભાવે સુખમય-આનંદમય છે. આત્મિક આનંદ એ સાગરતુલ્ય અમર્યાદિત છે, અને તે આત્મા તે તું છે, માટેજ તું આનંદનો સાગર છે.

મોક્ષ આત્મામાંથીજ સંભવે છે. મોક્ષ એ કાંઇ બાહ્ય વસ્તુ નથી, આત્મજ્ઞાન થાય એટલે કર્મ બંધથી મુક્ત થવાય, અને કર્મબંધથી મુક્ત થવું એજ મોક્ષ. આત્માના શુદ્ધ પ્રયત્નથી તે સ્થિતિનો અનુભવ થાય છે, અને મોક્ષ મળે છે.

अवतरणम्—भव्य एव संसारसागरपारयोग्यो न त्वभव्यः तत् कथनपूर्वकं भव्यस्य लक्षणमाह ॥

श्लोकः

भवाब्धेः पारमेत्येव, भव्यो भव्यत्वभावतः ।
अहं भव्योऽथवाऽभव्यो, भव्यस्यैतादृशी मतिः ८९

टीका—भव्यो भव्यस्वभावतः संसारसागरस्य पारं गच्छति । एवकारोऽन्यार्थायां तेनाभव्यसदृशा भव्याः साधनशक्तिविशिष्टा अपि न गच्छन्ति मोक्षमिति भावः ।यथाविधवाललना ब्रह्मचारिणी पुत्रोत्पादनशक्तापि नाजन्मपुत्रं जनयिष्यति तद्वत् । मन्तरा अभव्यास्त्वभव्यत्वस्वभावतः कदापि

श्लोकः

अष्टपक्षेण त्वं युक्तः अस्तिनास्तिगुणान्वितः
आनन्त्यमस्तितायाश्च नास्तितायास्त्वयि ध्रुवम् ॥

टीका—अस्तिनास्तितायष्टपक्षेण हेआत्मन् त्वं युक्तः तत्राष्टपक्षाणां मध्येऽस्तितायाश्च नास्तितायाः आनन्त्यं त्वयि चेतने ध्रुवम् वर्त्तत इति ॥ ९० ॥

અવતરણ—આત્માનો ભવ્યાભવ્ય સ્વભાવ ગયા શ્લોકમાં આપણે ટુંકમાં વિચારી ગયા, હવે આત્મામાં જે અષ્ટપક્ષ ઘટી શકે છે, તે આઠ પક્ષની બાબત ગ્રન્થકાર રજુ કરે છે.

અર્થ—હે આત્મન્ ! તું અષ્ટ પક્ષથી યુક્ત છે, અસ્તિ નાસ્તિ વગેરે ગુણથી જોડાયેલો છે; અને તારી અંદર અસ્તિત્વનું અને નાસ્તિત્વનું અનંતપણું ચોકસ રીતે રહેલું છે. ॥ ૯૦ ॥

ભાવાર્થ—જૈનશાસ્ત્રમાં આઠ પક્ષ છે; એટલે એકજ વસ્તુને આઠ ભિન્ન ભિન્ન બાજુથી જોવાની રીત છે. તે આઠ પક્ષ નીચે પ્રમાણે છે. (૧) નિત્ય, (૨) અનિત્ય, (૩) એક, (૪) અનેક, (૫) સત્, (૬) અસત્, (૭) વક્તવ્ય, (૮) અવક્તવ્ય, આ આઠે પક્ષ યુક્ત આત્મા છે, તે આઠે પક્ષ આત્માને શીરીતે લાગુ પડે છે, તે આપણે વિચારીએ. આત્મા દ્રવ્યાર્થિકનયથી નિત્ય છે, અને પર્યાયાર્થિક નયથી

અનિત્ય છે, ત્રણે કાળમાં આત્મદ્રવ્ય વિનાશ પામતું નથી, તે અપેક્ષાએ આત્મા નિત્ય છે, પણ તેના પર્યાયમાં ફેરફાર થયા કરે છે, માટે પર્યાયની અપેક્ષાએ તે અનિત્ય ગણાય છે. જીવદ્રવ્ય અનન્ત છે. એકેક જીવમાં અસંખ્યાત પ્રદેશ છે, માટે તે અપેક્ષાએ આત્માનું સ્વરૂપ અનેક છે દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ આત્મા એક છે. અને સંગ્રહનયથી તો સંસારી અને સિદ્ધના જીવો સ્વરૂપે સમાન છે, જીવત્વપણું એક સરખું હોવાથી જીવનું એકપણું પણ કહી શકાય. આત્મા સ્વદ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની અપેક્ષાએ સત્ કહેવાય છે, અને તેજ આત્મા પરદ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની અપેક્ષાએ અસત્ કહેવાય છે. આત્માને અનંત ગુણ પર્યાય છે, તેમાંથી કેટલાક કહી શકાય તેમ છે, અને કેટલાક કહી શકાય તેમ નથી. માટે વક્તવ્ય અને અવક્તવ્ય એ બન્ને પક્ષ આત્માને લાગુ પાડી શકાય. શ્રી કેવળ જ્ઞાની ભગવાને વસ્તુનું યથાર્થ સ્વરૂપ જ્ઞાનથી જાણ્યું, પણ તેમાંથી અનંતમે ભાગે જે વક્તવ્ય હતુ–કહેવા યોગ્ય હતું તે કહ્યું, બીજું અવક્તવ્ય રહ્યું. આત્મ સ્વરૂપ કહેવાને તીર્થંકર જેવા સમર્થ જ્ઞાનીઓએ પ્રયત્ન કર્યા પણ આ વૈખરી વાણીદ્વારા તેઓએ તેના સ્વરૂપનો કેટલોક ભાગ પ્રદર્શિત કરી શક્યા. જેટલો ભાગ જણાયો તે વક્તવ્ય કહેવાય, અને જે જણાયા વગરનો રહ્યો તે અવક્તવ્ય ગણી શકાય. આ રીતે આત્મા વક્તવ્ય તેમજ અવક્તવ્ય કહી શકાય. વળી આત્મામાં અસ્તિપણું તેમજ નાસ્તિપણું છે. આ અસ્તિત્વ અને નાસ્તિત્વ આ આઠ પક્ષમાંના સત

અને અસત્ પક્ષને મળતું આવે છે, વળી તેનું વર્ણન હવે પછીના શ્લોકમાં કરવાનું હોવાથી અત્ર તે કર્યું નથી.

अवतरणम्—तत्रात्मनि विद्यमानास्तित्वस्वरूपं कथयति ॥

श्लोकः

स्वद्रव्येण स्वकालेन, स्वक्षेत्रेण स्वभावतः ।
अस्तित्वमात्मनो ज्ञेयं, भव्यैः शास्त्रविशारदैः ९१

टीका—आत्मनो द्रव्यक्षेत्रकालभावेन शास्त्रविचक्षणैर्भव्यैरस्तित्वं ज्ञेयम् ॥ ९१ ॥

અવતરણ—આત્માનું અસ્તિત્વ શી અપેક્ષાએ છે, તે હવે ગ્રન્થકાર રજુ કરે છે.

અર્થ—શાસ્ત્રમાં નિપુણ ભવ્ય પુરૂષોએ સ્વ દ્રવ્ય સ્વક્ષેત્ર, સ્વકાળ, અને સ્વભાવથી આત્માનું અસ્તિત્વ જાણવું ॥ ૯૧ ॥

ભાવાર્થ—જૈન શાસ્ત્ર પ્રમાણે દરેક વસ્તુ સ્વ દ્રવ્ય સ્વક્ષેત્ર, સ્વકાળ અને સ્વભાવથી સત્ ગણાય છે. દ્રવ્ય તે ગુણ પર્યાયના આધારરૂપ છે. ગુણ પર્યાયને જે રાખે તે ક્ષેત્ર કહેવાય છે. કાળ તે જુના પર્યાયોને ફેરવી નવા પર્યાયોને ઉત્પન્ન કરે છે, અને સર્વ ગુણ પર્યાયનું કર્તવ્ય સ્વધર્મ તે ભાવ કહેવાય છે. આત્મા એ જ્ઞાન દર્શન ચારિત્ર વગેરે ગુણના આધાર રૂપ છે, તેમજ તેના જ્ઞાનમાં દર્શનમાં સમયે સમયે જે ફેરફાર થાય છે, તે તેના પર્યા-

टीका--परद्रव्यक्षेत्रकालभावानां नास्तिताऽस्त्यनि
सापेक्षया बुद्धयास्तिनास्तित्वसङ्गतिः । एतेनैकस्मिन् व
विरुद्धे अस्तित्वनास्तित्वेनैव घटेत इत्याक्षेपो निरस्तः ॥९

અવતરણ—સ્વ દ્રવ્યાદિ ચતુષ્ટથી આત્માનું અ
ત્વ બતાવી, પર દ્રવ્ય ચતુષ્ટયથી આત્માનું નાસ્તિત્વ પ્ર
કાર બતાવે છે.

અર્થ—પર વસ્તુના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ
આત્મામાં રહેલું નાસ્તિત્વ સાપેક્ષ બુદ્ધિથી જાણવું; અ
અસ્તિત્વ તથા નાસ્તિત્વ સંગત છે (એમ વિચારવું) ૯

ભાવાર્થઃ-આપણે ગયા શ્લોકમાં વિચારી ગયા
સ્વ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની અપેક્ષાએ દરેક દ્
સત્ છે, અને આત્મા પણ એક દ્રવ્ય હોવાથી સત્
આ શ્લોકમાં એ જણાવવાનો આશય છે કે પર દ્
ક્ષેત્ર કાળ અને ભાવની અપેક્ષાએ તેજ દ્રવ્ય અસત
દાખલા તરીકે જીવમાં જ્ઞાન, દર્શન, ચારિત્ર અને વીર્ય
ગુણની અસ્તિતા છે, પણ તેજ સમયે પર દ્રવ્યમાં રહે
અચેતન વગેરે ભાવની નાસ્તિતા છે. અજીવના ધર્મો
જીવમાં નથી, માટે જીવમાં પર ધર્મની નાસ્તિતા છે.
ટના ધર્મ ઘટમાં છે, તેથી ઘટમાં ઘટ ધર્મનું અસ્તિ
છે, પણ તેજ સમયે પટાદિ ધર્મોનું નાસ્તિત્વ ઘટમાં
નં છે. પણ પટાદિ ધર્મોનું પટમાં અસ્તિત્વ હોય છે. એક
વખતે અસ્તિત્વ અને નાસ્તિત્વ રૂપ વિરૂદ્ધ ધર્મો એક
દ્રવ્યમાં માલૂમ પડે છે. તેથી કોઇ એમ માનવાને લ

श्लोकः

अस्तिनास्तित्वमाश्रित्य सप्तभंगी तथात्मनि ॥
सप्तभंगी तथा ज्ञेया नित्यत्वादेश्च चेतने ॥ १२ ॥

टीका—तथा येन प्रकारेणात्मनि द्रव्येऽस्तित्वनास्तित्वे घटेते तेन प्रकारेणात्मनि सप्तभंगी स्वास्तिपरनास्तित्वमूलिका ज्ञेया । तथाऽस्तिनास्तित्वमूलकसप्तभंगीवद् नित्यत्वनिबन्धनापि सप्तभंगी चेतन आत्मनि ज्ञेया उभयरूपापि सम्मतितर्कनयचक्रानुसारेण स्यादस्त्यात्मा (१) स्यान्नास्त्यात्मा (२) स्यादवक्तव्य आत्मा (३) स्यादस्तिनास्त्यात्मा (४) स्यादस्त्यवक्तव्य आत्मा (५) स्यान्नास्त्यवक्तव्य आत्मा (६) स्यादस्तिनास्त्यवक्तव्य आत्मा (७) स्यान्नित्य आत्मा (१) स्यादनित्य आत्मा (२) स्यादवक्तव्य आत्मा (३) स्यान्नित्योऽनित्यश्चात्मा (४) स्यान्नित्योऽवक्तव्य आत्मा (५) स्यादनित्योऽवक्तव्य आत्मा (६) स्यान्नित्योऽनित्यश्चावक्तव्यश्चात्मा (७) चकारात् परत्वापरत्वादिशतधर्मनिबन्धना सप्तभंगी प्रसिद्धाऽऽगमे ज्ञेया ॥१२॥

અવતરણ—જૈનશાસ્ત્રમાં જે સપ્તભંગીનું સ્વરૂપ જણાવેલું છે, તેનો મુખ્ય આધાર અસ્તિત્વ નાસ્તિત્વપર રહેલો છે, માટે અસ્તિત્વનાસ્તિત્વ ગયા બે શ્લોકમાં જણાવી હવે ગ્રન્થકાર સપ્તભંગીનું સ્વરૂપ વર્ણવે છે.

અર્થ—અસ્તિત્વ અને નાસ્તિત્વને આશ્રયી આત્મામાં

टीका—विश्वानन्द आत्मा विश्वेभ्य आनन्दस्वरूप आत्मैव भवतः परमानन्दास्पदमात्मा । महावीरोऽनन्तपौरुषवान् । निर्मलव्यक्तिधारकः सम्यग्ज्ञानादिव्यक्तिधारकः ।मुक्तिराजो मुक्त्या सर्वकर्मविनिर्मुक्त्या राजते स । निष्क्रियः कूटस्थस्सर्वा हि क्रिया पुद्गलनिबन्धनाऽत्र आत्मनि तदभावः । एवम्भूतं त्वां त्वं स्वयं विजानीहि (आत्मैव ह्यात्मनो बन्धुरात्मैव रिपुरात्मन इ) तिन्यायात् ॥ ९४ ॥

અવતરણ—સપ્તભંગીનું સ્વરૂપ ઉપર જણાવવામાં આવ્યું, હવે આત્માનું શુદ્ધ સ્વરૂપ કેવું છે, તે ગ્રંથકાર ખુલ્લા શબ્દોમાં પ્રકટ કરે છે.

અર્થ—આત્મા વિશ્વને આનન્દ પમાડનાર, મહાવીર અને નિર્મળ વ્યક્તિને ધારણ કરનાર છે, તે આત્માને તું વાચરૂપ જાણ; વળી તે આત્મા મુક્તિરાજ અને નિષ્ક્રિય છે.

ભાવાર્થ—આત્મા વિશ્વને પોતાનાં શુભ કાર્યોથી આનન્દ પમાડનાર છે, પોતે જેવો હોય તેવો બીજાને કરવાને દરેક પ્રયાસ કરે, એવો જગતનો નિયમ છે. તે પ્રમાણે આત્મા આનંદ સ્વરૂપી હોવાથી જગતનાં જીવોને આનંદ આપવા તત્પર થાય છે. આનંદ એ આત્માનો સ્વભાવ છે, તેથી દરેક આત્મા આનંદમય છે, પણ કેટલાક આત્માઓ સંસારની ઘટમાળમાં એટલા બધા ગુંથાયેલા હોય છે કે આ આત્માના આનંદ સ્વરૂપનું તેમને બિલકુલ ભાન હોતું નથી, તેમની ઘણું ઉપર આવેલું પડળ દૂર કરવા, તેમની

તુષ્ટ થાય છે. આત્માને મુક્તિરાજ આ શ્લોકમાં કહેવામાં આવેલો છે; તેના આ પ્રમાણે અર્થ થઇ શકે તેમ છે. મુક્તિ પુરીનો રાજા તે મુક્તિરાજ; અથવા તો મુક્તિ પ્રાપ્ત કરવાથી તે રાજે છે-શોભે છે, તેથી મુક્તિરાજ કહેવાય છે. મુક્તિનો રાજા થવાને શિવ લક્ષ્મી વરવાને, અનંત આત્મિક આનંદ અનુભવવાને આપણો આત્મા સામર્થ્ય ધરાવે છે. આવો આત્મા તું પોતે છે, એમ જાણ અહો ! આત્માનું સામર્થ્ય કેટલું બધું છે ! આત્માનો મહિમા કેટલો અપૂર્વ છે ! તેની શક્તિ કેટલી અગણ્ય છે ! ખરેખર આપણે અજ્ઞાનમાં ગોથાં ખાઇએ છીએ, આપણો સ્વાભાવિક દિવ્ય હક્ક ભુલી જઇએ છીએ, અરે પામર મનુષ્યની માફક આથડીએ છીએ ! કેટલી અજ્ઞાનતા ! વળી આત્મા નિષ્ક્રિય છે; ક્રિયા રહિત છે, વ્યવહારનયથી આત્મા ઇંદ્રિયાદિથી ક્રિયા કરે છે, માટે તે સક્રિય કહેવાય છે. પણ આત્મા નિશ્ચયથી તો નિષ્ક્રિય છે. વ્યવહારમાં ક્રિયા આત્માને લાગુ પડતી લાગે છે, પણ વસ્તુતઃ આત્માનો સ્વભાવ નિષ્ક્રિય છે, આવા ગુણવાળો આત્માતું પોતે છે, એમ જાણ, અનુભવ કરી લે, એટલે તું પણ આત્મજ્ઞાન પ્રાપ્ત કરીશ, એજ સાર છે.

શ્લોકઃ

शत्रुंजयस्स्वभावेन, भव्यवृन्दनिबोधकः ॥
स्वसंवेद्यः सदा श्रीमान् केवलज्ञानभास्करः॥१४॥

टीका—शत्रुञ्जय शत्रून् रागद्वेषादीन् जयति नाशयति च स्वभावेन स्वत एव भव्यजनहितोपदेशदायी मोक्षमार्गप्रदर्शक स्वोपदेशः-देशनादाता [illegible] । अयं भाव । कांचिदपि [illegible] यदा स्वयं ज्ञानतः [illegible] जनिमी [illegible] न यत्र यात्माने तदा [illegible] । [illegible] [illegible] संबन्धो न तु [illegible] तत्र [illegible] विलक्षणोऽयमिति सूचयति । श्रीमान—मनेकल-[illegible] । केवलज्ञानभास्करः केवलज्ञानमेवभास्करो लोका-[illegible] यथा न भास्करः [illegible] प्रकाशयति [illegible] द्रव्याणि कतिचित् पर्यायान केवलज्ञानभा-[illegible] सर्वाणि द्रव्याणि सर्वांश पर्यायानिति [illegible] ॥ ८० ॥

અવતરણ—આત્માનું સ્વરૂપ દર્શાવનારા કેટલાંક વિશેષણો ગયા શ્લોકમાં આપી ગયા બીજા કેટલાંક આ શ્લોકમાં અન્યપ્રકારે પ્રકાશે છે.

અર્થ—આત્મા, સ્વભાવથી શત્રુંજય છે, ભવ્યસમૂહને ઉપદેશ આપનાર છે, પોતાની મેળે જન્મ્યા તેવો છે, જાતે શિવલક્ષ્મીવાળો છે, અને કેવળ જ્ઞાનરૂપી સૂર્ય સમાન છે.

ભાવાર્થ—આત્મા સ્વભાવે શત્રુંજય છે આત્માનું આ નામ સાર્થક છે રાગદ્વેષ, વગેરે અંતરંગ શત્રુઓને જે જીતે છે, તે શત્રુંજય કહેવાય છે. શત્રુંજય અથવા અરિહંત એ

બે નામનો એકજ અર્થ થાય છે જે કર્મરૂપ શત્રુઓને જીતે છે-હરાવે છે, મારી નાખે છે, તે શત્રુંજય જાણવો. કહેવાનો ભાવાર્થ એ છે કે રાગદ્વેષરૂપ શત્રુઓને હરાવવાના સામર્થ્ય વાળો આત્મા છે; વળી આત્મા ભવ્ય વૃન્દને ઉપદેશ આપનાર છે. આત્મા જ્ઞાન સ્વરૂપી છે, અને તેનો સ્વભાવ પરોપકારી છે, તેથી તે જ્ઞાનનો બીજાને ઉપદેશ આપે છે. ખરો જ્ઞાની જ્ઞાન મેળવી બેસી રહેતો. નથી, પણ તે જ્ઞાનનો પોતાનાથી ઓછા જ્ઞાન વાળા પોતાના માનવ બંધુઓને લાભ આપે છે. જ્ઞાન પરોપકાર સારૂજ છે; અને જે લોકો તેનો પરોપકારમાં ઉપયોગ કરે છે, તેજ ખરા જ્ઞાની કહી શકાય. આત્મા પોતાની મેળેજ જણાય ને ગુરૂ તો ઉપદેશ આપે, પણ તે ઉપદેશ પ્રમાણે ચાલીને જ્યારે શિષ્યનો આત્મા આત્માને અનુભવવાને પ્રયત્ન કરે ત્યારેજ આત્માથી તેનો અનુભવ લેઈ શકાય. ગુરૂ બોધ આપે, પણ શિષ્ય તે પ્રમાણે ન વર્તે તો એકલા બોધથી ઝાઝો લાભ થાય નહિ, ગુરૂ પણ સાધન છે, જો કે ઉત્તમોત્તમ સાધન છે, પણ ખરૂં આત્મ જ્ઞાનનું ઉપાદાન કારણ તો આત્મા છે. માટે સ્વસંવેદ્ય-એટલે પોતાની મેળે જણાય તેવો આત્માને ગણેલો છે. આત્મા શ્રીમાન્ છે; શ્રી એટલે લક્ષ્મી; આત્મા પાસે કાંઈ બાહ્ય સ્થૂળ ધન નથી, પણ આત્મા પાસે આત્મિક લક્ષ્મી એટલી બધી છે કે તેનું સ્વરૂપ આપણા કલ્પનામાં પણ આવી શકે તેમ નથી. વળી આત્મિક લક્ષ્મી ક્ષણિક નહિ પણ શાશ્વત છે.

" ना हुं नथी जाणतो " एम ते खलासीए प्रत्युत्तर आप्यो.

" त्यारे तो त्हारी जींदगीनो चोथो भाग निष्फळ गयो " एम ते तत्ववेत्ताए मगरूरी सांथ जणाव्युं. आगळ चालतां नदीनी बन्ने बाजुए उगेलां लीलां अनाजवाळां खेतरो देखी तत्ववेत्ता बोली उठयो " केम तुं वनस्पति शास्त्र जाणे छे. ?

" मे तो साहेब ! तेनुं नाम पण सांभळ्युं नथी " एम खलासीए कह्यु. ते उपरथी ते बोली उठयो " तारी जींदगीनो बीजो भाग पण वृथ गयो "

आ प्रमाणे वातो करतां होडी आगळ चाली, अने पूर जोसमां वहेती नदीनो प्रवाह देखी, ते तत्ववेत्ताथी बोल्या वगर रहेवायुं नहि के " शुं तुं गणित शास्त्र जाणे छे ? "

" साहेब हुं तो कांइ पण शास्त्र जाणतो नथी " ते उपरथी वळी ते बोल्यो.

" त्यारे तो त्हारी जींदगीनो त्रीजो भाग पण एळे गयो " आ वात चालती हती तेवामां नदीमां भारे तोफान थवा लाग्युं, मोट उंची उछळवा लागी, अने डुबवानी तैयारीमां हती, ते खलासी जळमां कुदी पडयो, अने तरतां तरतां ते तत्ववेत्ताने पुछयुं " साहेब, तमने तरवानुं शास्त्र आवडे छे. ? " तेणे जवाब आप्यो " ना जी तो मने नथी आवडतुं "

ते उपरथी खलासी पोताने मळेला उत्तरोनुं वेर

ચકનો હોય, તેમ હર્ષભેર ગાજી ઉઠયો" ત્યારે તો તમારી આખી જીંદગી નિષ્ફળ ગઈજ સમજજો, ઈશ્વરની પ્રાર્થના કરો, અને મૃત્યુને ભેટવાને તૈયાર થાઓ" તરતજ તે હોડી ડુબી ગઈ, અને તે બાહ્ય વસ્તુનો વિદ્વાન્ પ્રોફેસર મરણને શરણ થયો. જે જ્ઞાન મનુષ્યને મરણના પંજામાંથી બચાવી ન શકે, તેવા જ્ઞાનના મગરૂર થવું તે પોતાની મૂર્ખતાજ સૂચવે છે તેટલા માટે જે આધ્યાત્મિક જ્ઞાનથી સંસાર સિન્ધુ સહેજમાં તરી શકાય તેવું જ્ઞાન પ્રાપ્ત કરવા દરેકે પ્રયત્ન કરવો, એ આ શ્લોકનો સાર છે.

श्लोकः

शीतलो धर्मनाथश्च, निर्मायः सत्स्वरूपकः ॥
स्वस्वरूपोपयोगी यो, रत्नत्रयीनिकेतनः ॥९६॥

टीका—शीतलोऽनन्तशान्तिमदः । धर्मनाथो धर्मनाथन्ते मनो अम्भांसि धर्मपर्जन्यः । निर्मायः कपटछलादिरहितः सत्स्वरूपकः सत्ताऽविनाभूतो नैव तस्य कदाचिदपि सत्ता हीयते । स्वस्वरूपोपयोगी स्वतः स्वरूपमुपयुङ्क्ते तच्छील आत्मसुखास्वादरसिकः । यश्च रत्नत्रयीनिकेतनो जीवादिपदार्थानां यथार्थावबोधः सम्यग् ज्ञानं । जिनेन्द्रोक्तं सर्वं प्रमाणं तद्विपरीतं मिथ्येति श्रद्धापरिणामः सम्यग्दर्शनं श्लोकः जैने धर्मे गुरौ देवे चैव श्रद्धाहित यस्य तु सम्यक्त्वी तु संयतस्यान्यथाऽपि तु तदन्यथा। सम्यक्त्विनोऽममापि स्यात्ममा सिद्धान्तिनां मते

જારૂ રાખ્યો કેટલા એક દિવસ આ રીતે પસાર થઈ ગયા. પણ કોઈ સાંભળે કે નહિ તેની લેશ માત્ર દરકાર રાખ્યા વિના તેમણે પોતાનો વ્યાખ્યાન ક્રમ ચલાવ્યાં કર્યો. દરરોજ આમ બેસીને શું વાંચે છે, એમ જાણવાની કેટલા એકની જીજ્ઞાસા થઈ, તેથી તેઓ ત્યાં ઉભા રહ્યા; તેમનું જોઈ બીજા ઉભા રહ્યા, એમ અનુક્રમે વ્યાખ્યાન સાંભળનારી પરિષદ્ વધી માટે પ્રથમ પ્રયાસે આપણાં પ્રયત્નમાં આપણે સફળ ન થઈએ, તો તેથી જરા પણ ગભરાવું નહિ. પણ પ્રયત્ન ચાલુ રાખવો; અને શુભ પ્રયત્ન જરૂર સફળ થશે. કહ્યું છે કે "નીચ પુરૂષો વિઘ્નના ભયથી કાર્યનો આરંભ કરતા નથી, મધ્યમ પુરૂષો વચમાં વિઘ્ન આવતાં કાર્ય છોડી દે છે, પણ જે ઉત્તમ પુરૂષો છે, તે તો વારંવાર વિઘ્ન આવતાં છતાં પણ પોતાનો પ્રયાસ છોડી દેતા નથી" માટે ગમે તેવાં વિઘ્ન આવે, ગમે તેવાં સંકટો સહેવાં પડે, છતાં આત્મજ્ઞાન પ્રાપ્ત કરવાનો આપણો ઉદ્દેશ મુકવો નહિ; તે ઉદ્દેશને લક્ષમાં રાખી, યોગ્ય સાધનો દ્વારા પ્રયાસ કરવો. અને જરૂર આપણે તેમાં ફતેહમંદ નીવડીશું, કારણ કે આપણા આત્માની શક્તિ અનંત છે.

श्लोकः

एतादृशस्वरूपस्य, भोक्तृत्वं तवरोचते ।
अतो मोहं परित्यज्य, कुरुष्वात्मनि भावनाम् १७

टीका—एतादृशस्वरूपस्य पूर्वोक्तस्य तव भोक्तृत्वं रोचते

मोहनेऽनन्तशक्तिज्ञानादिगुणस्य परमैश्वर्यवतो राजराजेश्वरस्य मेव त्वात्मनस्तवैव कर्तव्यं न तुच्छातितुच्छदीनहीनप्राणिपादः-शिरमणं महाचक्रवर्तिनो गर्दभारोहणवल्लज्जास्पदं । अतो मोह-मपास्यात्मनि सम्यक् कृत्वात्मन्यात्मनि भावनां कुरुष्व स्वशिर-मेव स्वस्य ॥ ९७ ॥

અવતરણ—ગયા ત્રણ શ્લોકમા આત્માનું શુદ્ધ સ્વરૂપ કેટલાક વિશેષણો દ્વારા દર્શાવવામાં આવ્યું, હવે આ શ્લોકમાં તે જાણીને શું કરવું તે ગ્રન્થકાર બતાવે છે.

અર્થ—આવા સ્વરૂપનું ભોક્તાપણું જો તને રૂચતું હોય તો, મોહનો ત્યાગ કરી આત્મામાં ભાવના કર.

ભાવાર્થ—આત્મા સચ્ચિદાનંદમય છે, આત્મા રાજરાજેશ્વર છે, આત્મામાં અનંત જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય વગેરે ગુણો આવેલા છે, આત્મા નિષ્ક્રિય છે, નિરંજન નિરાકાર છે, પરમ આનંદ સ્વરૂપી છે; આત્મા મોક્ષને લાયક છે, આત્મા સર્વ કર્મનો નાશ કરવા સમર્થ છે; આવાં આવાં વિશેષણો આત્માના સંબંધમાં સાંભળવામાં આવ્યાં તેથી જો આત્માપર તારી રૂચિ થતી હોય એવા આત્મસ્વરૂપનો અનુભવ કરવા તારી ખરી હૃદયની ઇચ્છા ઉદ્ભવતી હોય તો તો તેને વાસ્તે એકજ માર્ગ છે, અને તે માર્ગ ગ્રન્થકાર અર્ધા શ્લોકથી આપણને જણાવે છે. તે એ છે કે " મોહનો ત્યાગ કરી આત્માની ભાવના કરો" આ અર્ધા શ્લોક, આ થોડા અક્ષરો બહુ મનન કરવા લાયક છે. આપણને જગતમાં રખડાવનાર, સંસારમાં

જન્મ મરણના ચક્રસાથે આપણને બાંધનાર મોહ છે.તે મોહ મોહ છે. ઉપજાવી આપણને ઠગે છે, તે મિત્રરૂપમાં આપણો શત્રુ છે. તેના અનેક સુભટો છે. કામ, ક્રોધ, માન, માયા, લોભ, અજ્ઞાન, અશ્રદ્ધા વગેરે તેના સુભટો છે, તે એકેક સુભટ જુદા જુદા આકારોમાં જુદા જુદા સ્થાનોમાં આપણને લલચાવે છે, ફસાવે છે તે આપણી સામો આવી લડતો નથી, પણ તેની કપટ જાળ એવી આકર્ષક રીતે ફેલાવે છે કે આપણું જ્ઞાન અવરાઈ જાય છે. અને આપણે તેના પાસમાં જાણતાં છતાં લપટાઈ જઇએ છીએ; તે મોહ રાજાને જીતવાને પણ આત્મા સમર્થ છે. આપણા સ્વરૂપનું આત્માની અનંતશકિતનું આપણને ભાન નથી, આપણે અજ્ઞાની છીએ, તેથી આપણી અજ્ઞાનતાનો લાભ લેઈ આ મોહ આપણને ભમાવે છે, ફસાવે છે. લલચાવે છે, અને દુઃખમાં નાખે છે. પણ જ્યાં ગુરૂ કૃપાદ્વારા આત્મસ્વરૂપ બુદ્ધિથી પ્રથમ જાણવામાં આવ્યું, અને તે જ્ઞાનપર સંપૂર્ણ શ્રદ્ધા (દર્શન) રાખી તદનુસાર વર્તન રાખવામાં આવ્યું કે અજ્ઞાન પડળ ખસવા માંડે છે, મોહરાજાનું સામર્થ્ય ઓછું થાય છે. અને આત્માનું જ્ઞાન વિશેષ વિશેષ પ્રકાશવા માંડે છે. આત્મા તુચ્છ છે, હલકો છે, પાપી છે, અધમ છે, એવી ભાવના ભાવવી તે ચક્રવર્તીને એક ગરીબ લેખવા સમાન છે. આત્મા દીન નહિ પણ ઉચ્ચ છે, અધમ નહિ પણ ઉત્તમ છે, ગરીબ નહિ પણ બુદ્ધિવાન્ છે. માટે હમેશાં તેવી ભાવના રાખવી, અને તે ભાવના અનુસાર વર્તન પણ રાખવું. જ્યાં સુધી આત્મરૂપ કેસરી પોતાનું સિંહત્વ ન

નગી શો લાભ થાય છે, તે ગ્રન્થકાર હવે દર્શાવે છે

અર્થ—કર્મનો છેદ કરનારી આત્મતત્ત્વની પ્રાપ્તિ નિશ્ચળ ધ્યાનથી થાય છે. માટે નિંદા અને નિદ્રાનો ત્યાગ કરી આત્મતત્ત્વનું ભજન કરો.

ભાવાર્થ—આપણે પ્રથમ એકાદ શ્લોકમાં ધ્યાનમાર્ગ વિચારી ગયા. અને ધ્યાનના માર્ગમાં પ્રથમ પ્રારંભ ક્યાંથી કરવો, તે પણ જણાવી ગયા. ધ્યાન કરવાથી, મનને ઇન્દ્રિયોના વિષયો માંથી અંતર્મુખ વાળવાથી, અને આત્મા પર એકાગ્ર કરવાથી, ક્ષણે ક્ષણે આત્માનુંજ રટણ કરવાથી, શું ફળ આવે છે તે આ શ્લોકમાં જણાવેલું છે. તેવા ધ્યાનથી આત્મ તત્ત્વની પ્રાપ્તિ થાય છે; આનો અર્થ એવો નથી થતો કે આત્મતત્ત્વ નહોતું તે નવું મળ્યું, આત્મતત્ત્વ તો ત્યાંનું ત્યાંજ હતું, પણ તેનો સાક્ષાત્કાર આત્માને થયેલો ન હતો, પણ જ્યારે તે ધ્યાન કરે છે, જ્યારે ધ્યાનનો સતત પ્રવાહ આત્માભિમુખ વળે છે ત્યારે આત્માનો સહેજ અનુભવ તેને પ્રથમ થવા માંડે છે. ધ્યાનમાં આગળ વધતાં વધતાં આત્માનો વિશેષ વિશેષ સાક્ષાત્કાર થાય છે. જેમ કોઇ ચક્ર જોરથી–બહુજ જોરથી–ગોળ ગોળ ફરતું હોય, તેના ઉપર જો કોઇ વસ્તુ મુકવામાં આવે તો તે ચક્ર તે વસ્તુને દૂર હડસેલી નાખે છે, તેમ આત્મ ધ્યાનનું ચક્ર જ્યારે પોતાના પૂર્ણ જોસથી ચાલતું હોય ત્યારે કર્મની વર્ગણા તેના પર અસર કરી શકતી નથી. કર્મ વર્ગણા દૂર ફેંકાય છે, અને આત્માને વળગેલી કર્મવર્ગણા પણ અનુકુળ સંજોગો ન મળતાં

કર્માણુને ખરવા માટે છે. આ રીતે આત્મધ્યાનથી કર્મ ખરી પડે છે, અને આ રીતે આત્માને આવરણ કરનાર કર્મ ખરી પડવાથી આત્મસ્વરૂપની પ્રાપ્તિ થાય છે. માટે આ શ્લોકમાં કહેલું છે કે ધ્યાનથી સર્વ કર્મનો છેદ કરનારી આત્મ સ્વરૂપની પ્રાપ્તિ થાય છે. આવું સતત ધ્યાન કરવામાં વિઘ્નરૂપ થનારાં બે કારણો ગ્રન્થકાર પ્રકટ કરે છે. તે નિન્દા અને નિદ્રા છે. આત્મ ધ્યાનના અભ્યાસીઓએ આ બે દોષોને અવશ્ય ટાળવા જોઇએ. નિન્દાનું વ્યસન એવું છે કે જેમ તેનો આસ્વાદ લેવામાં આવે તેમ તેમ તે વિશેષ વૃદ્ધિ પામે છે. બીજી ટેવોની માફક નિન્દા કરવાની પણ ટેવ પડી જાય છે, તે ટેવ એકદમ છુટતી નથી, અને જેનું મન નિન્દા કરવામાં રોકાઇ ગયું, તેનું મન આત્મ ધ્યાનમાં સ્થિર થઇ શકે નહિ. મન એકજ સમયે એકજ બાબતનો ઉપયોગ રાખી શકે, એવો નિયમ હોવાથી આત્મધ્યાન અને નિન્દા બન્ને સાથે સંભવી શકે નહિ, માટે જ તે દોષ સર્વથા ટાળવો. તેનાથી કાંઇ પણ લાભ નથી, અને ઉલટો તે અવગુણ આપણને સંસારમાં રખડાવે છે, અનેકને શત્રુ બનાવે છે, માટે તેની છાયા પણ લેવી નહિ. વળી તે સાથે નિદ્રાનો ત્યાગ કરવો. નિદ્રા આલસ્ય સૂચક છે. આલસ્ય પ્રમાદ એ મોટો દોષ છે. આત્મ માર્ગમાં વિઘ્ન કરનાર તેર કાઠીયામાં પ્રમાદ મુખ્ય સ્થાન ભોગવે છે. આત્મ ધ્યાન રસિક પુરૂષે ક્ષણ પણ પ્રમાદ સેવવો જોઇએ નહિ ક્ષણ પણ મનને બીજે માર્ગે દોરવાઇ જવા દેવું જોઇએ નહિ, પણ તેના ઇષ્ટવિષય-આત્મા પર

સ્થિર કરવું જોઇએ, આ રીતે જ્યારે નિન્દા અને નિદ્રાનો ત્યાગ થશે, ત્યારે જીવ ખરી રીતે સત્યતત્ત્વ (આત્મતત્ત્વ) ને ભજનારો થશે. આત્મતત્ત્વની બરાબર ઉપાસના કરવી, પણ તેને વાસ્તે પ્રથમ મનને વશ રાખવું બહુ જરૂરનું છે, જે મનને વશ રાખતા નથી, તેમની કેવી સ્થિતિ થાય છે તે એક ટુંક દૃષ્ટાન્તથી અત્રે જણાવીશું.

એક માણસ જે બહુ ભણેલો ન હતો, જેને દરીયા અને વ્હાણુ સંબંધી સ્હેજ પણ જ્ઞાન ન હતું, તેવો મનુષ્ય એક વ્હાણુનો કપ્તાન બન્યો. તેને વ્હાણુ હંકારતા નહોતું આવડતું, તેમજ વ્હાણુના જુદા જુદા ભાગો શા ઉપયોગનાં છે, તે તે જાણતો ન હતો; પણ તેની સાથે બીજા ખલાસીઓ હતા, જે પોતાની ફરજ બરાબર જાણતા હતા. વ્હાણુ દરીયાની વચ્ચમાં આવી પહોચ્યું; તેવામાં આ કપ્તાન ફરતો ફરતો વ્હાણુના જુદા જુદા ભાગ જોવા લાગ્યો, ત્યાં તેણે એક માણસને મોટું પૈડું ફેરવતો જોયો.

"આ માણસ આ શું ધંધો કરે છે?" એમ તેણે પ્રશ્ન પુછયો.

"તે સુકાની છે, અને વ્હાણુને હંકારવા તે ફેરવે છે" એમ પ્રત્યુત્તર મળ્યો.

તે બોલ્યો "સઘળો વખત આ પૈડું ફેરવવામાં કાંઈ માલ નથી, આગળતો જ્યાં જોઇએ ત્યાં પાણીજ દેખાય છે, તો પછી ચક્ર ફેરવવામાં શો લાભ? વ્હાણુના શઢથી વ્હાણુ ચાલવાનું હશે તો ચાલશે. જ્યારે જમીન આંખે દેખાશે, અથવા બીજું કોઈ વ્હાણુ નજરે પડશે ત્યારે

આપણે તે પેડું દબાવીશું, માટે તે વધુ ફેરવવાનું બંધ કરો, અને વ્હાણુ જેમ ચાલે તેમ જવાદો. તે કપ્તાનનો હુકમ માનવામાં આવ્યો, અને પછી તે વ્હાણુ જેમ તેમ ફેરતું ફેરતું ખડકા પર ચઢી અથડાઇ ભાગી ગયું, અને જે કેટલાક ખલાસીઓ તેમાંથી બચ્યા, તેઓ તે મૂર્ખ કપ્તાનની મૂર્ખાઇ ઉપર હસતા હતા આપણને પણ તે કપ્તાનની મૂર્ખતા ઉપર હસવું આવે છે, પણ જરા વિચાર કરીએ તો આપણને જણાશે કે આપણે પણ કપ્તાનના જેવાજ મૂર્ખ છીએ. શું તમે વ્હાણુ કરતાં પણ વધારે નાજુક અને વધારે કીંમતી કાંઇક વસ્તુના કપ્તાન નથી? શું તમે તમારી જીંદગીના તમારા મનના કપ્તાન નથી? તેમને બરાબર હંકારવાને, સંયમમાં લાવવાને તમે કેટલું ધ્યાન આપો છો? તમે શું મનને તે વ્હાણની માફક જેમ તેમ ભટકવા દેતા નથી? શું તમે રાગદ્વેષના પવનથી તે મનરૂપી વ્હાણને જ્યાં ત્યાં અથડાવા દેતા નથી? શું તમારો આત્મા મનનો ખરેખરો કપ્તાન છે? શું તમે તમારા મનને સાધ્ય વસ્તુ સિદ્ધ કરવાના સાધન તરીકે વાપરી શકો છો? જો તમે આ બધું ના કરી શકતા હો તો તમે પણ તે મૂર્ખ કપ્તાન જેવા છો, અને જેમ તે મૂર્ખ કપ્તાને પોતાનો અને પોતાના સંબંધીઓનો પ્રાણ ખોવરાવ્યો, તેમ તમે પોતે પણ મનને સંયમમાં નહિ રાખીને તમારૂં આખું જીવન નિરર્થક ગુમાવો છો. માટે ઇન્દ્રિયો અને મનને વશ રાખવાં એજ સાર છે; અને જે ઇન્દ્રિયો અને મનને વશ રાખી શકે છે. તેજ ખરી રીતે

ધ્યાન કરી શકે છે. મનને કેવી રીતે વશ કરવું, ઇન્દ્રિયોને કેવી રીતે નિગ્રહમાં આણવી તે પ્રથમ ગયેલા હોવાથી અત્યારે પિષ્ટ પેષણ નહિ કરતાં તેની વશ્યકતા જણાવી અટકીએ છીએ.

अवतरणम्—अवश्यं सेत्स्यन् येनलिङ्गेनानुमीयते क्रमाह ।

श्लोकः

शत्रौ मित्रे समा बुद्धिः यस्य . . . ।
तृणे मणौ समा बुद्धिर्मुक्तिसिद्धिस्तदात्मनः ॥

टीका—यदा यस्य मुमुक्षोः शत्रौ मित्रे च समाबुद्धिः (मित्रे न रज्यति मह्यः शत्रौ नोद्विजते च यः । रागद्वेषविमुक्त्वात्स सिद्धिं याति शाश्वतीम्) इति न्यायाच्छत्रौ द्वेषनिष्यनं प्रतिकूलताज्ञानं नास्ति—मित्रे च ज्ञानं नास्ति तथा मानेऽपमाने च समा बुद्धिः (सत्कारेण मह्यन्ति न्यक्कारेण द्विषन्ति ये तेषां मोक्षपथो दूरे सांनिध्ये याति चान्यथे) ति न्यायान्मानापमानरहितातो मोक्षपरिणतीति नैव तत्र मुमुक्षोरादरानादरापेक्षाऽऽगम् । तथा तृणे मणौ च समा बुद्धिः (केचिन्मूढा धने लग्नाः केचित्प्राज्ञाः काष्ठे कापपुष्टौ परं मग्नाः कीर्तौ वा विल्हारक्यौ ॥१॥ सर्वेषामर्थे दुःखं रागेऽस्मिन् तथा दुःखं दुःखानुभूतले मैव सुखानि चाप्रा इ) त्यिवाशातृणे मणौ च

समाऽऽत्मनो मुक्तिसिद्धिरवधार्यता ॥ ૧૬ ॥

અવતરણ—જે નિશાન ઉપરથી આત્મા સિદ્ધિપદને લાયક થયેલા છે, એવું અનુમાન કરી શકાય તે નિશાન આ શ્લોકમાં ગ્રન્થકાર પ્રકટ કરે છે.

અર્થ—જેની શત્રુ અને મિત્ર તરફ, માન અને અપમાન તરફ, તેમજ ઘાસ અને મણિ તરફ સમાન બુદ્ધિ થયેલી છે, તે આત્માની મુક્તિ સિદ્ધ થયેલી છે.

ભાવાર્થ—આત્મજ્ઞાનીનું ચારિત્ર લક્ષણ આ શ્લોકમાં જણાવવામાં આવેલું છે, આત્મજ્ઞાનીનું ચારિત્ર કેવી રીતે ઓળખી શકાય, તેને માટે આ લક્ષણ આપવામાં આવેલું છે જે મનુષ્યને આત્મજ્ઞાન ખરી રીતે થયેલું છે, જે મનુષ્ય જડ અને ચેતન વચ્ચેનો ભેદ યથાર્થ સમજે છે, તે મનુષ્ય સર્વમાં સમાન આત્મતત્ત્વ નિહાળે છે. ઉપાધિથી વિંટાલાયેલું હોવા છતાં પોતાના જેવુંજ પ્રકાશિત આત્મજ્યોતિ સર્વમાં રહેલું છે, એમ તે જાણે છે; જ્યારે આ જ્ઞાન થયું ત્યારે ભેદભાવ ટળી જાય છે, સમભાવ ઉત્પન્ન થાય છે, અને શત્રુ અને મિત્રને તે સમાન તરીકે લેખે છે. તેને મન તો કોઈ શત્રુ છે જ નહિ, પણ જે લોકો તેના ઉપર શત્રુભાવ રાખતા હોય, તેવા શત્રુઓ ઉપર પણ તે મિત્રના જેટલોજ ભાવ રાખે છે. તે સર્વને પોતાના આત્મબંધુ તરીકે અનુભવે છે. વળી જડ વસ્તુ ઉપર તેને વૈરાગ્ય પેદા થાય છે. આપણે જડ વસ્તુઓમાં કેટલીક વધારે કીમંતની માનીએ છીએ, પણ પૌદ્ગલિક વસ્તુની ખરી કીમત જાણી છે, તે તો સર્વ પૌદ્ગલિક વસ્ત-

ઓને એક સરખી રીતે નિહાળે છે.
બન્ને એકજ કાર્બન તત્વનાં બનેલાં છે,
તેથી બન્નેને સમાન લેખે છે. સઘળા
જ પુદ્ગલ દ્રવ્યના જુદા જુદા આનિ
કમાં શું વિશેષ રાચવું અને બીજામાં
એ તેને ભેદ ભાવ લાગતો નથી. તેને
મણિ, તેમજ કોહીનૂર અને કાચ બધાં
વળી માન અપમાન તરફપણ તે સમ
છે. તે સમજે છે કે કોઇ માન આપે તો
કાંઇ વધી જતું નથી, તેમજ કોઇ અપ
રમામાંથી કાંઇ ઘટી જતું નથી. માન અને
પાધિને લગતાં છે, આત્મા તો ખરેખર
છે, માટે તેને માન અપમાન લાગી શકે
વના રાખી માન કે અપમાનમાં તે સમ
શકે છે. આ પ્રમાણે તેનામાં સમભાવ
એ સમભાવ જેનામાં પ્રાદુર્ભાવ થયો; તે
કારી થયો. સંબોધ સિત્તેરી ગ્રન્થમાં કહ્યુ છે કે

सेयंवरो व आसंवरोव युद्दो महव अन्नोवा,
समभावमावि अप्पा लहइ मुक्खं न संदेहो

શ્વેતામ્બર હોય, કે દિગંબર હોય, બોદ્ધ
અન્ય કોઇ હોય, પણ જેના આત્મામાં સમભાવ
થયો તે અવશ્ય મોક્ષ મેળવે છે, એમાં
સંદેહ નથી.

ઓને એક સરખી રીતે નિહાળે છે. હીરો અને
બન્ને એકજ કાર્બન તત્ત્વનાં બનેલાં છે, એમ તે જાણે
તેથી બન્નેને સમાન લેખે છે. સઘળા પૌદ્‌ગલિક પદાર્થો
જ પુદ્‌ગલ દ્રવ્યના જુદા જુદા આવિર્ભાવ–પર્યાય છે, તો
કમાં શું વિશેષ રાચવું અને બીજામાં શું ઓછું રાચવું
એ તેને ભેદ ભાવ લાગતો નથી. તેને મન તો ઘાસ અ
મણિ, તેમજ કોહીનૂર અને કાચ બધાં સરખાં લાગે
વળી માન અપમાન તરફપણ તે સમ બુદ્ધિ રાખી શ
છે. તે સમજે છે કે કોઇ માન આપે તો તેથી આત્મા
કાંઇ વધી જતું નથી, તેમજ કોઇ અપમાન કરે તો આ
ત્મામાંથી કાંઇ ઘટી જતું નથી. માન અને અપમાન
પાધિને લગતાં છે, આત્મા તો ખરેખર ઉપાધિ
છે, માટે તેને માન અપમાન લાગી શકે નહિ, આવી ભ
વના રાખી માન કે અપમાનમાં તે સમવૃત્તિ
શકે છે. આ પ્રમાણે તેનામાં સમભાવ પેદા થાય છે
એ સમભાવ જેનામાં પ્રાદુર્ભાવ થયો; તે મોક્ષનો અધિ
કારી થયો. સંબોધ સિત્તેરી ગ્રન્થમાં કહ્યું છે તે.

सेयंवरो य आसंबरोय बुद्धो अहव अन्नोवा ॥
समभावभाविअ अप्पा लहइ मुक्खं न संदेहो ॥

શ્વેતામ્બર હોય, કે દિગંબર હોય, બૌદ્ધ હોય
અન્ય કોઇ હોય, પણ જેના આત્મામાં સમભાવ જાગૃ
થયો તે અવશ્ય મોક્ષ મેળવે છે, એમાં જરા પણ
સંદેહ નથી.

यस्य जगदेव कुटुम्बकं तस्य नैवास्ति कश्चिद्द्वेषास्पदं समास्पदत्वात्स्वसुखेच्छावत् परसुखेच्छास्वभावासिद्धेरिति अत एव व्रतं यस्य दुःखप्रभञ्जनम् [अपमर्पः] पथमनारूढानां व्रतं काँश्चिज्जीवान्सुखयति दुःखयर. स्वदुःखयति चान्यान् उक्तमहात्मनस्तु व्रतं सर्वाञ्जीवान् सुखयति निर्दुःखयत्येव च न तु दुःखयति । निःसुखयति मात्रं वा भजेत । तस्यात्मनः सर्वार्थसिद्धिः प्रकीर्तिता स्यादितिपूर्ववदन्वयः उदासीनोऽपवाऽऽसीनो [. अन्ये मुनिः शुद्धेन चित्तेन महण्यात्मवेदना " मिति । न्तात् ॥ १०० ॥

અવતરણ—ગયા શ્લોકમાં આપણે આત્મજ્ઞાનીનાં લક્ષણ વિચારી ગયા, હવે આ શ્લોકમાં ગ્રંથકર્તા મુનિને ઉત્તમોત્તમ ઉપાય અને સર્વ જ્ઞાનનો સાર બતાવે છે, અને આ રીતે આ આત્મપ્રદીપશતક સમાપ્ત કરે છે:—

અર્થ—જેનું કુટુંબ જગત્ છે, જેનું વ્રત દુઃખનો નાશ કરવાનું છે, તેવા આત્માની સિદ્ધિ થવાની જ છે, એવું સર્વજ્ઞોએ કહેલું છે.

ભાવાર્થ:—આત્માનું સ્વરૂપ આપણે સમજ્યા, ક્યા- કાર અને [illegible] સ્વરૂપ જાણવામાં આવ્યું; [illegible] વસ્તુને ભિન્ન ભિન્ન દૃષ્ટિએ કેમ અવલોકવી તે પણ [illegible] [illegible] મળી ગયા; અને આત્માને જુદી જુદી રીતિથી [illegible] [illegible] પ્રબળ [illegible] [illegible]

[illegible] નહિ, [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] છે.

આટલે સુધી જે પ્રશ્ન કરવા ઇચ્છે છે તેની ભાવના [illegible] કે આખું વસુધૈવ કુટુંબકની ભાવના સુધી પહોંચે છે. કેવળ અહીં ભાવના રહેવી જોઈએ નહિ, પણ તે ભાવના પ્રમાણે તેનો આચાર પણ હોવો જરૂરનો છે. આવી ભાવના તેના હૃદયમાં વ્યાપી રહેવી જોઈએ; તેની દ્રષ્ટિએ વસુધૈવ કુટુમ્બકમ્ (વસુધા એટલે આખું કુટુંબ છે, છે) નો સિદ્ધાન્ત પ્રસર્યો જોઈએ. જગતમાં જેટલા જીવ છે, જેટલાને પ્રાણ છે, તે સર્વ ઉપર તેના હૃદયમાં મૈત્રીભાવ રહેવો જોઈએ. આ કાર્ય એકદમ થઈ શકે નહિ, તેવી ઉચ્ચ ભાવના એકદમ અમલમાં મૂકી શકાય નહિ, માટે તેને વાસ્તે પ્રથમ પાયો નાખવો જોઈએ. તેનો પાયો તે કુટુંબ છે. પ્રથમ તો તેને કુટુંબના સર્વ જનો તરફ એવી રીતે વર્તવું જોઈએ કે કુટુંબ જનો મૈત્રીભાવના અનુભવતા થાય. કુટુંબના સર્વ જનોને તેણે પોતાના આત્મા તુલ્ય ગણવા. પછી પોતાનો સમભાવ વધારી જ્ઞાતિના સર્વ બંધુઓને પોતાના આત્મા તુલ્ય લેખવા. પોતાને વા-

સ્તે જેટલો શ્રમ લેવા તે તૈયાર થાય છે, તેટલોજ શ્રમ જ્ઞાતિ જનને વાસ્તે લેવાને પણ તેણે તત્પર રહેવું. પછી દેશના સર્વ મનુષ્યો તરફ એવી ભાવના તેમજ વર્તન રાખવું, તે ભાવનાને વધારીને પછી આખા જગતના સર્વ માનબંધુઓ તરફ તેણે તેવી વૃત્તિ રાખવી; પછી જગતના પ્રાણીઓ સાથે, પછી વનસ્પતિ છેવટે જેનામાં પ્રાણ છે તે સર્વ તરફ આત્મભાવના તેણે રાખવી, અને વર્તન પણ તેવું રાખવું. આવી ભાવના રાખનારને સર્વ મિત્ર થાય છે. તે કોઇનો શત્રુ થતો નથી, અને કોઈ તેનો શત્રુ થતો નથી; આ રીતે મૈત્રી ભાવથી પ્રેમભાવથી-બ્રાતૃભાવથી-તે સર્વને એક સરખી રીતે ચ્હાય છે, તેથી તેને રાગ કે દ્વેષ ઉત્પન્ન થતો નથી. જ્યાં રાગદ્વેષ ઉત્પન્ન ન થાય, ત્યાં મન નિર્મળ થાય છે; તેનો સમય સર્વદા આનંદમાં જાય છે. તેનું મન ઉદ્વેગ રહિત અને શાંત થાય છે. આ રીતે શાંત મન ઉપર આત્મ સૂર્યનો પ્રકાશ બરાબર રીતે પડે છે; અને તેને આત્મજ્ઞાન થાય છે. વળી જે જગતના જીવોનું દુઃખ દૂર કરવાનું વ્રત લે છે, તે આત્મજ્ઞાની થાય છે. ઉંચે ચડવાનો ઉત્તમમાં ઉત્તમ માર્ગ તેવા છે. દુઃખ દૂર કરવાની વૃત્તિ એ ભાવદયા છે. તે આત્માનો ધર્મ છે. તે સર્વનું કલ્યાણ કરવા ઇચ્છે છે, સર્વનું દુઃખ ટાળવા ઇચ્છે છે. જ્ઞાન, સત્ય, ધન, ભક્તિ વગેરે જે જે તેને મળેલાં છે, તે સર્વ પરોપકાર માટે છે, એ તે સારી રીતે સમજે છે. કોઈ પણ રીતે જગતના જીવોનું દુઃખ ટળે, અને તેઓ સુખી થાય, એવી ભાવના

જીંદગી નકામી જાય છે. શ્રીવીર પ્રભુએ સર્પને બોધ આપી તેનો ઉદ્ધાર કર્યો. શ્રી મુનિસુવ્રત તીર્થંકર સિદ્ધપુરથી વિહાર કરી ભરૂચ જઇ ઘોડાનું રક્ષણ કર્યું-કેટલી ભાવ દયા! જે જે આપણને મળે તેનો બીજાના લાભ સારૂ ઉપયોગ કરવો, એટલે આપણને વિશેષ મળશે. જે ખાબોચીયામાં પાણી ભરાઇ રહે છે, તે ખાબોચીયામાં કીડા પડે છે, અને ગંધવાડ થાય છે, પણ નદીનો પ્રવાહ વહેતો રહે છે, તેનું પાણી પણ નિર્મળ રહે છે. માટે આપણે પણ નદીના પ્રવાહ પેઠે વહેવું જોઇએ. જગતમાં જેટલું શુદ્ધ છે, તેને વહેવાની પ્રણાલિકા-નીક સમાન આપણે થવું જોઇએ, આપણી દ્વારા સારી સારી વસ્તુઓ બીજાને મળશે, તેમાં આપણે પણ શુદ્ધ થતા જઇશું. માટે આ શ્લોકમાં બોધ આપ્યા પ્રમાણે બીજાનું દુઃખ નાશ કરવું, એજ ઉત્તમ જીવોએ વ્રત લેવું જોઇએ; અને એવા જીવનો મળેલો વખત સત્કાર્યમાં જશે; તેનું મન નિર્મળ થશે. કોઇ જીવ ગમે તેવો પાપી જણાતો હોય છતાં તેની નિન્દા કરવી નહિ નિન્દાથી કોઇ સુધર્યું નથી, અને સુધરવાનું નથી. કોઇના મો ઉપર શાહી કે. ભાઇ હોય તો તેને કાળો કહેવા કરતા તેના મો આગળ દર્પણ ધરવું; એટલે પોતાની કાળાશ તેના જોવામાં આવશે. માટે નિન્દા કરવા કરતા, સદ્‌ગુણો તરફ દ્રષ્ટિ કરવા કરતાં, તેના આગળ સદ્‌ગુણનો આદર્શ (દર્પણ=નમુનો) મુકો એટલે તેની ભૂલ તે સુધારશે. આ જગતમાં કોણ નિર્ગુણ નથી? જેનામાં કાંઇ પણ ખામી ન હોય તેવો કોણ છે? દેવ રહિત વીતરાગ છે, બાકી દરેકમાં દોષ તો

છે, પછી દોષ તરફ દ્રષ્ટિ કરવાને બદલે, અને તેની જ્યાં ત્યાં નિંદા કરવાને બદલે, તે દોષ સુધરે તેવા ઉપાયો રચો, ખાનગીમાં બોધ આપો; તમારા જીવનથી બોધ આપો, હિત શિક્ષાથી-આચરણથી બોધ આપો, પણ અંગત કોઈના જીવને દુઃખ થાય તેવું વચન ઉચ્ચારતા નહિ. સંસારમાં આટલું બધું દુઃખ છે, તેમાં તમે કયાં ઉમેરો કરોછો? બને તો તે ઓછું કરવા પ્રયત્ન કરો, ન બને તો ચુપ રહો, પણ તેમાં કયાં વૃદ્ધિ કરો છો? તેના આત્મા તરફ દ્રષ્ટિ કરો, આત્મા ખરેખર શુદ્ધ છે, તેની આત્મજ્યોતિ ઢંકાઈ ગઇ છે, પણ તે તમારા જેટલીજ ઉચ્ચ છે. માટે તે તરફ લક્ષ રાખી નિન્દાથી દૂર રહો. આપણે એક લંગડા કુતરાને વાસ્તે કેટલી બધી દયા રાખીએ છીએ રસ્તામાં પડયું હોય, તો તેને ઉપડાવી બીજે ઠેકાણે મુકાવીએ છીએ, તેની દવા કરાવી છીએ, તો શું આપણા માનવ બંધુઓ કુતરા કરતાં પણ ગયાં? તમે શા સારૂ તેમની તરફ તે-તેટલાજ ભાવથી દયા કરતા નથી! જો કુતરૂં શરીરે લંગડું છે તો આ દોષયુક્ત મનુષ્યો નીતિની અપેક્ષાએ લંગડા છે. તો પછી તેમની તરફ કેમ પ્રેમ ન બતાવવો? તેમનું કેમ કલ્યાણ ન: કરવું! તેમને કેમ ઉંચી સ્થિતિપર ન લાવવા? આ ભાવના હૃદયમાં રાખી વર્તો, જ્યાં ત્યાં ગુણ જુઓ, તો તમે જાતે ગુણી થશો. એકની એક વસ્તુ જુદી જુદી દ્રષ્ટિથી જોનારને જુદી જુદી લાગે છે. ચંદ્ર ચકોરીને આલ્હાદ જનક લાગે છે, તેજ ચંદ્ર કામીજનને દુઃખપ્રદ લાગે છે. કામીજન ચંદ્રને દોષ યુક્ત કહે તેથી

શું તે દોષિત ઠરે છે? કદી નહિ. તમે જો ઉચ્ચ હશો; તો જરૂર તમે સર્વત્ર ઉચ્ચતા જોશો! જેટલે અંશે બીજામાં ઉચ્ચતા આપણે જોઇ શકતા નથી, તેટલી હજુ આપણામાંજ ખામી છે, જ્યારે આપણે પૂર્ણ થઇશું ત્યારે સર્વત્ર આપણે પૂર્ણતા જોઇ શકીશું. માટે ગમે તેવો માણસ અનીતિવાળો, દુરાચારી હોય, પાપી હોય, તોપણ તેને મદદ કરતાં અટકવું નહિ, એનું દુઃખ દૂર કરવા મથવું. અને જરૂર આ ગુણથી સર્વ જીવોમાં આપણા જેવું આત્મ તત્ત્વ જોતાં આપણે શિખીશું, અને તેથી આત્મજ્ઞાન પણ થશે. માટે જેમ બને તેમ પરોપકાર કરવો, ગુણ દૃષ્ટિ રાખવી, અને આત્મા તરફ દૃષ્ટિ રાખવી, એજ આ શ્લોકનો તેમજ આ ગ્રન્થનો પણ સાર છે.

अवतरणम्—श्लोकशतेन जिनेन्द्रोक्तं धर्मनुपदिश्यैकश्लोकेन तं प्रशंसति

श्लोकः

धर्मदानसमं नास्ति, अन्यदानं महीतले।
अतो धर्मप्रदानार्थं, सतां स्वाभाविकी स्थितिः१०१

टीका—पृथ्वीतले धर्मदानं सममन्यदानं नास्ति। धर्मदानं तु भावाभयदानस्वरूपम्। अभयदानं द्विधा द्रव्याभयदानं भावाभयदानं च। तत्र द्रव्याभयदानं प्राणिनां प्राणरक्षणरूपम्। भावाभयदानं तु शुद्धात्मरत्नत्रयादिदानरूपम्। सुपात्रानुकम्पा

नैव कस्यापि वांच्छा। मोक्षफलस्यावश्यं भावित्वादत आह धर्मप्रदानार्थं सतां स्वाभाविका स्थितिर्न तु किंचिद्धेतुका किन्तु स्वभावसिद्धैवेति सम्यक्त्वदानदातुर्गुरोस्तु महोपकारः यतः

सम्यक्त्वदानदातारं। गुरुं महोपकारिणम्।
कोटाकोटिभवैः शिष्या। उपकर्तुं नैवमीशते॥ १॥

अतोगुरोःपुरोर्यावद्वैयावृत्यं नमनपूजनविनयव्याख्यानस्मरणादिकं क्रियते

અવતરણ—દાનની, પરોપકારની, બીજાનું દુઃખ દૂર કરવાની વૃત્તિની પ્રશંસા આપણે ગયા શ્લોકમાં કરી, હવે બધા દાનોમાં ઉત્તમ દાન કયું તે હવે ગ્રન્થકાર જણાવે છે.

અર્થઃ—ધર્મના દાન સમાન આ પૃથ્વીમાં બીજું દાન નથી; તેટલા માટે ધર્મ આપવાની સંતોની સ્વાભાવિક સ્થિતિ છે.

ભાવાર્થઃ—શાસ્ત્રકારોએ દાનના અનેક ભાગ પાડયા છે; જેટલા દુઃખના પ્રકાર છે, તેટલા ખરી રીતે દાનના પ્રકાર છે, પણ તેના ટુંકમાં પાંચ વિભાગ પાડવામાં આવેલા છે: આહારદાન ઔષધિદાન વિદ્યાદાન અભયદાન ધર્મદાન, તેમાં ધર્મદાન મોટામાં મોટું છે. એક સ્થળે કહ્યું છે કે;—

उक्तानि चत्वारि दानानि प्रसिद्धानि महीतले ॥
धर्मदानफलानां तु कलां नार्हन्ति षोडशीम् ॥

આ પૃથ્વી ઉપર ચાર દાન પ્રસિદ્ધ છે, પણ તે સઘળાં દાન ધર્મદાનના ફળના સોળમા ભાગે પણ આવે તેમ નથી. અન્નદાનથી જીવને ક્ષણિક તૃપ્તિ થાય છે, વળી ઔષધ દાનથી પણ અમુક વખતને સારૂ લાભ થાય છે. વિદ્યાદાનથી આરજીવ લાભ થાય છે; અભયદાનથી અમુક વખતને સારૂ તે જીવ બચે છે, અને મરણના ભયથી છોડાવનારને ઘણું પુન્ય ઉપાર્જન થાય છે, પણ વ્હેલું મોડું આને મરવાનું તો હોય છે. માટે તે બચેલો જીવ વ્હેલો અથવા મોડો મરે તો છે. પણ જન્મ મરણના ચક્રમાંથી હમેશને વાસ્તે બચાવનારતો ધર્મદાન છે; માટે તે ઉત્તમોત્તમ છે, તેના જેવું દાન આ વસુધામાં એક પણ નથી શ્રાદ્ધવિધિમાં કહ્યું છે કે માતપિતાની ગમે તેટલી ભક્તિ કરે તોપણ માતપિતાએ કરેલા ઉપકારનો બદલો વળે તેમ નથી, પણ જો તેમને સદ્ધર્મની શ્રદ્ધા પુત્ર કરાવી શકે તો તેમના ઉપકારનો બદલો વાળ્યો તેણે કહી શકાય આ રીતે પણ ધર્મના દાનની મહત્તા આપણને માલૂમ પડે છે, ધર્મદાનની આટલી મહત્તા જણાવી તે ઉપરથી કોઇએ એમ ન માનવું કે બીજાં દાન નિરર્થક છે, તે પણ જરૂરનાં છે, અને મોક્ષની નિસરણી ચઢવાનાં ઉત્તમ પગથીયાં છે; પણ ઉંચામાં ઉંચું પગથીયું જોઇએ તો ધર્મદાન છે એટલું જ કહેવાનો આશય છે. સમ્યગ્જ્ઞાનદાતા ગુરૂનો ઉપકાર કોઇથી કદાપિ વળે તેમ નથી કહ્યું કેઃ—

सम्यक्त्व दानदातारं गुरुं महोपकारिणम् ॥
कोटाकोटिभिर्वः शिष्या उपकर्त्तुं नैववीशते ॥

સમકીતરૂપી દાનના આપનારા ગુરૂ મહા ઉપકારી છે;

અને કરોડો ભવે પણ શિષ્યો તે ગુરૂના ઉપકારનો બદલો વાળી શકે તેમ નથી તે ઉપકાર એટલો બધો છે કે તે શબ્દોથી વર્ણવાય નહિ. જેને ગુરૂકૃપાનો લાભ મળ્યો હોય તેજ તેનો આસ્વાદ અનુભવી શકે, માટે ધર્મદાનની ઉત્તમત્તા વિચારી લોકોને સન્માર્ગે ચઢાવવા આત્માર્થી જીવોએ પ્રયત્ન કરવો એજ આ લોકનો સાર છે.

अवतरणम्—भव्यस्मरणार्थं ग्रन्थपूर्त्तिदिवसं ब्रवीति

श्लोकः

इन्दुरसनवेलाब्दे, ज्येष्ठमासेऽसितेदले ॥
पञ्चम्यां ग्रन्थपूर्णत्वं, बुद्ध्यब्धिमुनिना कृतम् १०

टीका—अङ्कानां वामतो गतिरितिन्यायादिन्दुरेको रसा मधुरादयः षड्। नवसङ्ख्या प्रसिद्धैवेला पृथ्वी साप्येका तैर्मितेऽब्दे वर्षे तथा च १९६१ वैक्रमाब्दे ज्येष्ठमासेऽसिते दले ज्येष्ठकृष्णपक्षे पञ्चम्यां बुद्ध्यब्धिमुनिना बुद्धिसागरमुनिना ग्रन्थस्य पूर्णत्वं कृतमिति ॥ १०२ ॥

અર્થઃ—વિક્રમ સંવત્ ૧૯૬૧ ના જેઠ વદી પાંચમના રોજ આ ગ્રંથ શ્રી બુદ્ધિસાગરજીએ પૂર્ણ કર્યો.

अवतरणम्—येषां प्रार्थनया ग्रन्थो निरमायि यत्रग्रामे पर्य्यपूरि तद्वर्णयति

“ श्लोकः ”

[illegible] मात्मार्थं शतकं कृतम् ।
[illegible] स्य, श्रोतारस्स्युश्चसिद्धिगाः १०३

प्रसिद्धे माणसाग्रामे, श्रीजिनालयभूपिते ॥
श्राद्धैः श्रद्धालुभिर्भव्यै, मण्डिते तत्र वासिना ॥१॥
उपकाराय टीकेयं, बुद्धिसागरसाधुना ॥
आत्मप्रदीपशास्त्रस्य, पूरिता भव्यबोधिनी ॥२॥
वेदरसाङ्कचन्द्राब्दे, वैक्रमे फाल्गुने शुभे ॥
शुक्लपक्षे द्वितीयायां, प्रातःश्रीबुधवासरे ॥ ३ ॥

फा. सुदि २ बुधवार प्रातःकाल वि. १९६४.
॥ ॐ शान्तिः शान्तिः शान्तिः ॥

અવતરણઃ—આ મૂળ ગ્રન્થની ટીકા ક્યારે કયા ગામમાં રચાઇ તે બતાવે છે.

અર્થઃ—૧૯૬૪ના ફાગણ શુદી બીજ પ્રાતઃકાલમાં બુધવારના દીવસે ભવ્યબોધિની ટીકાની રચના પૂર્ણ કરી, માણસા ગામના શ્રાવકોના આગ્રહથી આ ટીકા રચી, માણસા ગામ અમદાવાદ પાસે વિજાપુરની નજીક આવેલું છે ત્યાં બે દેરાસર અને બે ઉપાશ્રય છે, શ્રી નેમસાગરજી તથા રવિસાગરજી મહારાજના ચરણકમલના વિહારથી પવિત્ર થએલું છે સાગરશાખાના સાધુઓથી ઉપકૃત થયું છે ત્યાં રહી આત્મસમાધિમાં રહી યથામતિએ આ ટીકા રચાઇ છે. તે ટીકા વાંચી ભવ્યજીવો મંગલમાલા પામો.

ॐ शान्तिः शान्तिः शान्तिः ३

सत्ता परात्मनः पूर्णा, व्यक्तिभावेन पूर्यते;
पूर्णः पूर्णाविर्भावत्वशान्तः शुद्धपर्यायतः स्वयम्. ॥ ९ ॥
नाऽहं बाह्यमपञ्चस्य, कर्त्ता कारयिता नच;
अन्तर्दृष्टया विलीयेत, बाह्यदृष्टिस्तुनान्यथा. ॥ १० ॥
बाह्यदृष्ट्या कृतं यद्यद्, तत्तन्मे न स्मृतावहं;
बाह्यदृष्टावहं नास्मि, शुद्धधर्मस्मृतौ स्वयम् ॥ ११ ॥
शुद्धधर्मप्रबोधेन, सत्यं स्पष्टं प्रभासते;
तटस्थः सर्वभावेषु, बाह्येषु नहि लिप्तवान्. ॥ १२ ॥
मदीयं कल्पितं यद्यत्, मिथ्या ज्ञातं विवेकतः
ज्ञानादिकं मदीयं यत्, स्वकीयं तत्तु तत्त्वतः ॥ १३ ॥
शुद्धधर्मे प्रविष्टोऽहं, ध्यान धैर्यप्रभावतः
प्राबल्यं मोहशत्रोः किं, दुर्गतौ येन भ्राम्यते. ॥ १४ ॥
अपूर्वमात्मसामर्थ्यं, कर्महर्तुं प्रकल्पते;
शुद्धपर्याय कर्त्ताच, शुद्धध्यानप्रभावतः ॥ १५ ॥
कर्त्तात्मा शुद्धरूपस्य, शुद्ध सामर्थ्यतः स्वयम्;
बाह्यभावे न मे किञ्चित्, विगतो बाह्यविभ्रमः ॥ १६ ॥
नमे किञ्चिन्न मे किञ्चिद्, बाह्यभावेषु निश्चितम्;
पूर्णोऽहं स्वीयधर्मेण, सत्तया ज्ञातवानहं. ॥ १७ ॥
व्यक्तितः पूर्णतामाप्त्यै, युक्तोऽस्मि स्वोपयोगतः
शक्तिमान् किं न सिद्ध्यर्थम्, सर्वशक्तिनिधिः स्वयम्. ॥ १८ ॥
आत्मसामर्थ्यतः स्वस्य, सिद्धिर्ज्ञानेन निश्चिता;
व्योमवद् ब्रह्मरूपे हि, ज्ञाते कोऽपि न लिप्यते. ॥ १९ ॥

पौद्गलिकेषु भावेषु, रागद्वेषौ परित्यजन्;
अन्तरात्मनि यो मग्नः परात्मानं स पश्यति. ॥ ३१ ॥
मनोवाक्काययोगानां, क्रियासु न ममत्ववान्;
सावद्ययोगसंहर्ता, परात्मानं स पश्यति. ॥ ३२ ॥
क्षयोपशमज्ञानेन लीनो यः परब्रह्मणि;
समभावं परं प्राप्य परात्मानं स पश्यति. ॥ ३३ ॥
पदार्था रूपिणो दृश्या, इन्द्रियै रूक्तमाकरे;
पञ्चेन्द्रियैस्तु न ग्राह्य, आत्मा च मनसाऽपि वै. ॥ ३४ ॥
अरूपिणाऽत्मबोधेन, साक्षादात्मानुभूयते;
अहं सुखीति यज्ज्ञानं, तद्धि दर्शनमात्मनः ॥ ३५ ॥
अनुभवेन तथ्येन, प्रत्यक्ष श्चेतनः स्वयम्;
आत्मनोऽनुभवं प्राप्य, पक्वश्रद्धा परात्मनः ॥ ३६ ॥
मत्यादिपञ्चभेदानां, ज्ञानानामाश्रयः स्मृतः
अनन्तज्ञेयपर्याया: भासन्ते तत्त्वतः स्फुटम्. ॥ ३७ ॥
अभिलाप्याऽनभिलाप्या, ज्ञेया भावा विचक्षणे;
ज्ञानभेदेन ज्ञातव्या, शिष्यै सिद्धान्त पाठकैः ॥ ३८ ॥
आत्मैव परमात्मेति, भावनाऽनन्दकारिणी,
आत्मदर्शनमाहात्म्यं, भावनीया मुमुक्षुभिः ॥ ३९ ॥
ज्ञानदर्शनचारित्र, धर्मवीर्यादिसद्गुणाः
आत्मदर्शनसंप्राप्याः वीर्योत्साहं भजस्व भोः ॥ ४० ॥
[illegible] र्यस्य जीवस्य जायते;
[illegible]धिः समुत्तीर्णः केवलज्ञान सम्मुखः ॥ ४१ ॥

जडवशं दुःखं, सर्वं स्वात्मवशं सुखं;
पेण समाख्यातं, लक्षणं दुःख शर्मणोः ॥ ९७ ॥
न्त्रः शुद्धभावेन, पारतन्त्र्यं विभावतः
पृहः सर्वकामेभ्यो, यतः किमवशिष्यते. ॥ ९८ ॥
यं यन्नताद्भिन्नं, भिन्नंतन्न मदीयकम् ;
ः शोचामि तुष्यामि, बाह्यभावमनाश्रितः ॥ ९९ ॥
यदानन्दरूपोऽहं, मासोऽस्मि शुद्ध चेतनाम्;
नोऽस्मि स्वरूपाख्या, सर्वं पश्यामि स्वात्मवत् ॥ १०० ॥
ाऽपि नास्म्यहं गन्ता, वक्ताऽपि वाण्यगोचर;
ते बाह्यभावेन, यद्यप्यस्मि वस्तुतः ॥ १०१ ॥
दृश्यं मम जीवोऽहं, कोरागो दृश्यवस्तुषु;
वस्तुषु निर्बन्धो, आत्मारामः सदास्म्यहम्. ॥ १०२ ॥
न कृष्यते कोऽपि, कोप्यं तस्माऽस्मि वस्तुतः
जगति नैवात्र, वस्तुतोऽहं न शब्दभाक्. ॥ १०३ ॥
शुद्धिं ममानापि, शब्दशुद्धिः कदा न मे;
मास्ति न पाण्डित्यं, वस्तुतो मे शुभावहं. ॥ १०४ ॥
जीवनबोधार्थम, भाषे भाषां तु वैखरीम्;
मत्रमभिन्नोऽस्मि, परब्रह्माऽस्मि वस्तुत ॥ १०५ ॥
ाविचित्र बाच्योऽहं कथंचित् सम्यगीक्षतः
त्वं स्वरूपे, शब्दानां तत्र का गतिः ॥ १०६ ॥
ोषो निरहंकारो, निर्मायो लोभनाशकृत्;
... ...ोऽ... ... ब्रह्मज्ञानदिनेश्वरः ॥ १०७ ॥

द्रव्यव्यवहारमालम्ब्य, शुद्धात्माभवति स्फुटम्;
र्वज्ञः सर्वदर्शीच, सर्वं जानाति पश्यति. ॥ १४१ ॥
द्भूतभविष्यच, उत्पत्तिव्ययध्रौव्यकं;
याकारं जगद्यत्र, तस्मै सिद्धात्मनेनमः ॥ १४२ ॥
ह्मविष्णुमहेशाश्च, देवायत्र प्रतिष्ठिताः
त्नत्रयीस्वरूपेण, तस्मै शुद्धात्मने नमः ॥ १४३ ॥
द्वैतानां परंब्रह्म, द्वैतानां द्वैतभावना;
ाङ्ख्यानां पुरुषो यत्र, सम्यक्ख्यातं व्यपेक्षया. ॥ १४४ ॥
ास्तिनास्तिस्वरूपाये, सर्वधर्मा व्यपेक्षया;
याः प्रतिष्ठिता यत्र, ज्ञेयं स्याद्वाददर्शनम् ॥ १४५ ॥
र्शनानि जिनांगानि, सर्वाणि हि व्यपेक्षया;
योऽन्याविलीनानि, ज्ञेयं स्याद्वाददर्शनम्- ॥ १४६ ॥
म्यग् व्यपेक्षया ज्ञाते, वस्तुनि नैव विद्यते;
मिथ्यावादो ध्रुवं यत्र, सम्यक्त्वंतत्प्रतिष्ठितम्. ॥ १४७ ॥
कं जानाति तत्सर्वं, जानातीति विनिश्चयः
र्वं जानाति तच्चैकं, जानातीति स्मृतौ स्मृतः ॥ १४८ ॥
दसदादिभावाश्च, ज्ञेयाः सर्वे व्यपेक्षया;
वेशेषावश्यके ख्यातं, विचार्यतत् पुनः पुनः ॥ १४९ ॥
र्वसिद्धान्तसारोऽय मुपादेयो विचक्षणैः
ानदर्शनचारित्र, गुणानामाश्रयो विभुः ॥ १५० ॥
न्मनीभावमासाद्य, सर्वत्र ब्रह्मनिष्ठया;
ोगिनो निश्चलं नित्यं, माप्नुवन्ति शिवं पदं. ॥ १५१ ॥

गुह्याद् गुह्यतरं तत्त्व, वच्मि शिष्या उपक्रमे;
ज्ञानभक्तिं समालम्ब्य, भजन्तु साम्यभावनाम्. ॥ १५२ ॥
शुद्धस्थिरोपयोगेन, ध्यानं कृत्वा हि मूर्धनि;
परब्रह्मणि संलीनो, भुञ्जेऽहं परमामृतम्. ॥ १५३ ॥
समाधिशक्तिविष्टोऽहं, मृत्युभीतिविवर्जितः
मृत्युर्हरति प्राणांश्च, ध्रौव्यो नित्यः सनातनः ॥ १५४ ॥
चाक्षं जानामि पश्यामि, तत्र न प्रतिबन्धना;
स्वच्छादर्शे स्वरूपंचे, सर्वं तत्र प्रभासते. ॥ १५५ ॥
पुण्यपापस्य भोगं हि, वस्तुतो न करोम्यहं;
अन्तर्निर्लेपतावस्थो, भासते ब्रह्मयोगिराड्. ॥ १५६ ॥
रागद्वेषात्मिकां वृत्तिं, संत्यजामि स्ववीर्यतः
तत्त्वमस्यादिलक्ष्योऽहं, सम्यग्शुद्धात्मदर्शिनः ॥ १५७ ॥
ॐ सोऽहं ब्रह्म जापेन, सर्वकर्म विलीयते;
स्वात्मपरात्मनोरैक्यं, तस्मिन् दृष्टे परात्मनि. ॥ १५८ ॥
परात्मनस्त्वहंदास. आद्याभ्यासे विचार्यते;
परिपक्वसमाधौ तु, परब्रह्मास्मि निश्चितम्. ॥ १५९ ॥
सर्वकर्मक्षये जाते. परमात्मेति कथ्यते;
आत्मैव परमात्माऽस्ति, कर्मोपाधिभिदेऽछन्. ॥ १६० ॥
ध्यायामितं परात्मानं, सत्स्वरूपं सुखालयं;
अन्तः स्वरूपमग्नोऽहं, पूर्णानन्द महोदधिः ॥ १
आत्मवीर्यं समालम्ब्य, धुन्वन् कर्मरजः कणान्;
आत्माऽसंख्य प्रदेशानां, निर्मलीभावमाश्रये. ॥ १६२ ॥

शुद्धव्यवहारमालम्ब्य, शुद्धात्माभवति स्फुटम्;
सर्वज्ञः सर्वदृष्टाच, सर्वं जानाति पश्यति. ॥ १४१ ॥
भवद्भूतभविष्यच्च, उत्पत्तिव्ययध्रौव्यकं;
ज्ञेयाकारं जगद्यत्र, तस्मै सिद्धात्मनेनमः ॥ १४२ ॥
ब्रह्मविष्णुमहेशाश्च, देवायत्र प्रतिष्ठिताः
रत्नत्रयीस्वरूपेण, तस्मै शुद्धात्मने नमः ॥ १४३ ॥
अद्वैतानां परंब्रह्म, द्वैतानां द्वैतभावना;
साङ्ख्यानां पुरुषो यत्र, सम्यक्ख्यातं व्यपेक्षया. ॥ १४४ ॥
अस्तिनास्तिस्वरूपाये, सर्वधर्मा व्यपेक्षया;
ज्ञेयाः प्रतिष्ठिता यत्र, ज्ञेयं स्याद्वाददर्शनम् ॥ १४५ ॥
दर्शनानि जिनांगानि, सर्वाणि हि व्यपेक्षया;
नयोऽब्धाविवलीनानि, ज्ञेयं स्याद्वाददर्शनम्- ॥ १४६ ॥
सम्यग् व्यपेक्षया ज्ञाते, वस्तुनि नैव विद्यते;
मिथ्यावादो ध्रुवं यत्र, सम्यक्त्वंतत्प्रतिष्ठितम्. ॥ १४७ ॥
एकं जानाति तत्सर्वं, जानातीति विनिश्चयः
सर्वं जानाति तद्येकं, जानातीति स्मृतौ स्मृतः ॥ १४८ ॥
सदसदादिमायाश्च, ज्ञेयाः सर्वे व्यपेक्षया;
विशेषावश्यके ख्यातं, विचार्यंतत् पुनः पुनः ॥ १४९ ॥
सर्वसिद्धान्तसारोऽय मुपदेशो विचक्षणैः
ज्ञानदर्शनचारित्र, गुणानामाश्रयो विभुः ॥ १५० ॥
तन्मनीमाक्रमाणाय, सर्वत्र ब्रह्मनिष्ठया;
योगिनो निश्चले नित्यं, प्राप्नुवन्ति शिवं पदं. ॥ १५१ ॥

गुह्याद् गुह्यतरं तत्त्वं, वच्मि शिष्या उपकृते;
ज्ञानभक्तिं समालम्ब्य, भजन्तु साम्यभावनाम्. ॥ १५२ ॥
शुद्धस्थिरोपयोगेन, ध्यानं कृत्वा हि मूर्धनि;
परब्रह्मणि संलीनो, भुञ्जेऽहं परमामृतम्. ॥ १५३ ॥
समाधिसन्निविष्टोऽहं, मृत्युभीतिविवर्जितः
मृत्युर्हरति प्राणांश्च, जीवो नित्यः सनातनः ॥ १५४ ॥
बाह्यं जानामि पश्यामि, तत्र न प्रतिबन्धता;
स्वच्छादर्शे स्वरूपमे, सर्वं तत्र प्रभासते. ॥ १५५ ॥
पुण्यपापस्य भोगे हि, वस्तुतो न करोम्यहं;
अन्तर्निर्लेपतावस्थो, भासते ब्रह्मयोगिराट्. ॥ १५६ ॥
रागद्वेषात्मिकां वृत्तिं, संत्यजामि स्ववीर्यतः
तत्त्वमस्यादिलक्ष्योऽहं, सम्यग्शुद्धात्मदृष्टितः ॥ १५७ ॥
ॐ सोऽहं ब्रह्म जापेन, सर्वकर्म विलीयते;
स्वात्मपरात्मनोरैक्यं, तस्मिन् दृष्टे परात्मनि. ॥ १५८ ॥
परात्मनस्त्वहं दास, आत्माभ्यासे विचार्यते;
परिपक्वसमाधौ तु, परब्रह्मास्मि निश्चितम्. ॥ १५९ ॥
सर्वकर्मक्षये जाते, परमात्मेति कथ्यते;
आत्मैव परमात्माऽस्ति, कर्मोपाधिप्रभेदकृत्. ॥ १६० ॥
ध्यायामि परात्मानं, सत्स्वरूपं सुखालयं;
अन्तः स्वरूपमग्नोऽहं, पूर्णानन्द महोदधिः ॥ १
आत्मवीर्यं समालम्ब्य, धुन्वन् कर्मरजः कणान्;
आत्माऽसंख्य प्रदेशानां, निर्मलीभावमाश्रये. ॥ १६२ ॥